कर भला होगा भला
- છગનભા



વર્ષ : 3 ✦ અંક : 3
મે-જૂન 2013
સળંગ અંક : 15

માત્ર સંસ્થાકીય
પ્રસાર માટે

# સર્વ વિશ્વવિદ્યાલય-વૃત્ત

કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું વૃત્તપત્ર

સંપાદક : મણિભાઈ પ્રજાપતિ



સ્વ. આર. કે. પટેલ

(જન્મ તા. ૦૧-૧૨-૧૯૫૧ અવસાન તા. ૦૩-૦૫-૨૦૧૩)





સ્વ. આર. કે. પટેલ




સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગર શાખાના પ્રમુખ સ્વ. આર. કે. પટેલને આર્તભાવે શ્રદ્ધાંજલિ અર્પણ કરતા સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી–ગાંધીનગરના ચેરમેન તથા કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરના પ્રેસિડેન્ટ શ્રી વલ્લભભાઈ એમ. પટેલ, મંચસ્થ મહાનુભાવો તથા સ્વ. આર. કે. પટેલના પરિવારજનો

માત્ર સંસ્થાકીય પ્રસાર માટે

कर भला होगा भला

– છગનભા

# સર્વ વિશ્વવિદ્યાલય-વૃત્ત

કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું વૃત્તપત્ર
વર્ષ : ૩, અંક : ૩, મે-જૂન, ૨૦૧૩; સળંગ અંક : ૧૫
સંપાદક : મણિભાઈ પ્રજાપતિ

## અનુક્રમ


| | | | |
|---|---|---|---|
| ● | સંપાદકીય | મણિભાઈ પ્રજાપતિ | ૧ |
| ● | શ્રદ્ધાંજલિ-સભા | | ૩ |
| ૧. | ધીરોદાત્ત નાયક આર. કે. | મોહનલાલ પટેલ | ૬ |
| ૨. | આર. કે. શેઠની ગૌરવભરી ચિર વિદાય !! | ડૉ. રામભાઈ પટેલ | ૯ |
| ૩. | એસ. વી.ના આધારસ્તંભ | વલ્લભભાઈ એમ. પટેલ | ૧૧ |
| ૪. | સર્વ વિદ્યાલયના અમેરિકા ખાતેના એમ્બેસેડર | ડૉ. કનુભાઈ ધનાભાઈ પટેલ | ૧૨ |
| ૫. | મધુર વ્યક્તિત્વની અણધારી વિદાય | મનુભાઈ જે. પટેલ | ૧૫ |
| ૬. | ભામાશાની ચિર વિદાય | ડૉ. મણિભાઈ એસ. પટેલ | ૧૭ |
| ૭. | અનંતની યાત્રાએ રમણભાઈ... | શ્રીમતી શારદાબહેન એમ. પટેલ | ૧૯ |
| ૮. | Our Amazing Father | Shimool, Chirag, Riki and Anita | ૨૧ |
| ૯. | Condolence Message | Dr. C. K. Patel | ૨૧ |
| ૧૦. | સેવાના ભેખધારી વડીલ બંધુ શ્રી રમણભાઈ... | અશ્વિનભાઈ પટેલ | ૨૨ |
| ૧૧. | એમને "દ્વિતીય કર્ણ" કહું ને... | દિલીપ રૉય | ૨૪ |
| ૧૨. | ગરીબોના બેલી... અનાથોના નાથ... | અરવિંદ રાઠોડ | ૨૬ |
| ૧૩. | રમણભાઈ પટેલ : જીવન ઝરમર | ગાંડાલાલ કે. પટેલ | ૨૯ |
| ૧૪. | માએ ટેલિવિઝન બંધ કરીને અમને... | બેન કાર્સન (અનુ૰ સંજય ભાવે) | ૩૧ |
| ૧૫. | આપણે, પાર્ટ-ટાઇમ માબાપો | ભૂપત વડોદરિયા | ૩૩ |
| ૧૬. | "શીંગડાં માંડતાં શીખવશું !" | મનુભાઈ પંચોળી | ૩૫ |
| ૧૭. | કિશોર-અંતરોનાં કમાડ ઉઘાડીએ ! | અનુ. મહેન્દ્ર મેઘાણી | ૩૬ |
| ૧૮. | ભજનનું ભાતું | પ્રભુદાસ ગાંધી | ૩૮ |
| ૧૯. | ગ્રંથસૌરભ : વિદ્યાવિહાર; ગાંધીનો સંસ્કાર વારસો | મણિભાઈ પ્રજાપતિ | ૪૦ |
| ૨૦. | સંસ્થા સમાચાર : યુનિ./કૉલેજ વિભાગ શાળા વિભાગ | | ૪૪ |


**પત્રવ્યવહારનું સરનામું : મણિભાઈ પ્રજાપતિ :** ડાયરેક્ટર ઑફ પબ્લિકેશન્સ, કડી સર્વ વિશ્વવિદ્યાલય, એલ.ડી.આર.પી. એન્જિનિયરિંગ કૉલેજ કેમ્પસ, સેક્ટર-૧૫, ગાંધીનગર-૩૮૨૦૧૫
ફોન : ૦૭૯-૨૩૨૪૪૬૯૦, મો. : ૯૬૦૧૨૭૩૮૩૬

# સંપાદકીય

સર્વ વિદ્યાલય કેળવણી મંડળની ગાંધીનગર શાખાના પ્રમુખ, દાનવીર શ્રેષ્ઠીવર્ય અને માનવીય ગૌરવના ઉપાસક શ્રી આર. કે. પટેલ (રમણભાઈ કચરદાસ પટેલ)નું સ્ટર્લિંગ હોસ્પિટલ, અમદાવાદમાં તા. ૩ મે, ૨૦૧૩ના રોજ વહેલી સવારે અવસાન થતાં સર્વ વિદ્યાલયે એક પ્રમુખ આધારસ્તંભ ગુમાવ્યો ! સ્વ. આર. કે. પટેલ સર્વ વિદ્યાલય, કડીના ભૂતપૂર્વ વિદ્યાર્થી હોવાના નાતે પોતાની માતૃસંસ્થાના વિકાસ અર્થે હંમેશાં ચિંતન પરાયણ અને કર્તવ્યશીલ બની રહ્યા હતા. તેમણે પોતે સર્વ વિદ્યાલયને ઘણું દાન આપ્યું અને અન્ય સ્નેહીજનો પાસેથી મોટા પ્રમાણમાં દાન મેળવી અપાવવામાં સહભાગી બની રહ્યા હતા. પોતાના વતન સરસાવ, તા. કડીની આરોગ્યલક્ષી સુવિધાઓ પૂરી પાડી, તેમજ કોઈ નાત-જાતના ભેદભાવ સિવાય વિદ્યાર્થીઓ અને અન્ય જરૂરતમંદ વ્યક્તિઓને ઉદારભાવે મદદ કરી છે અને તે પણ પ્રાયઃ ગુપ્ત રીતે.

સર્વ વિદ્યાલયમાંથી અભ્યાસ પૂર્ણ કર્યા બાદ અમેરિકામાં સ્થાયી થયા. શ્રી અને સરસ્વતીના સુભગ સમન્વય થકી અમેરિકામાં મૂઠી ઊંચેરા માનવી તરીકે કીર્તિ મેળવી. અમેરિકામાં ખરા અર્થમાં અમેરિકન અને ભારતીય બની રહ્યા ! ભારત/એશિયામાંથી અમેરિકા આવતા ઇમિગ્રાન્ટસ અને નોન-ઇમિગ્રાન્ટસને જરૂર પડી ત્યારે તેમની વહારે ધાયા અને પોતાનાથી શક્ય મદદ કરી છૂટવામાં પોતાનો ધર્મ માન્યો અને નિભાવ્યો ! આવા માનવીય ગરિમાના ગૌરવ શિખર રૂપ શ્રી આર. કે. પટેલની ઊર્ધ્વલોકની યાત્રા આપણ સૌનો આંખનો ખૂણો ભીંજવતી ગઈ !

ભગવદગીતામાં ભગવાન શ્રી કૃષ્ણે કહ્યું છે કે જાતસ્ય હિ ધ્રુવો મૃત્યુ... અર્થાત્ જન્મેલાનું મૃત્યુ નિશ્ચિત છે. આ વાસ્તવિકતાને ધ્યાને લઈ માનવમાત્રે પોતાના જીવનને સાર્થક બનાવવા સતત ચિંતનશીલ-પ્રયત્નશીલ બની રહેવું જોઈએ. કારણ કે મૃત્યુ ક્યારે આવશે અને કયા સ્વરૂપે આવશે તે આપણે જાણતા નથી. મહાભારતકારે શાન્તિપર્વમાં મૃત્યુની મીમાંસા કરતાં કહ્યું છે કે -

**अधैव कुरु यच्छ्रेयो मा त्वां कालोऽत्यगादयम् ।**
**अकृतेष्वेव कार्येषु मृत्युर्वै सम्प्रकर्षति ॥**

(महा. शान्तिपर्व १७५/१४)

**तस्मात् सत्यव्रताचारः सत्यव्रतपरायणः ।**
**सत्यकामः समो दान्तः सत्येनैवान्तकं जयेत् ॥**

(महा. शान्तिपर्व २७७/२९)

(કલ્યાણનાં કાર્યો આજે જ કરી લેવાં જોઈએ. સમયને હાથમાંથી નીકળી જવા ન દેવો જોઈએ. કારણ કે કાર્યો અધૂરાં રહી જશે અને મૃત્યુ આવી જશે. તેથી જ માણસે સત્યવ્રતનું આચરણ કરવું જોઈએ, સત્યનું પાલન કરવું જોઈએ અને સત્યની કામના કરવી જોઈએ. માણસે બધા પ્રત્યે સમાનભાવ રાખવો જોઈએ, જિતેન્દ્રિય બનવું જોઈએ, અને સત્ય થકી મૃત્યુ ઉપર વિજય મેળવવો જોઈએ.)

સ્વ. આર. કે. પટેલ મહાભારતકારને અભિપ્રેત એવું પ્રેરણાદાયી જીવન જીવી ગયા. કોઈએ સાચું જ કહ્યું છે કે –

**वदनं प्रसादसदनं सदयं हृदयं सुधामुचो वाचः ।**
**करणं परोपकरणं येषां केषां न ते वन्धाः ।**

જેમનું મુખ પ્રસન્નતાનું ઘર છે, હૃદય દયાથી ભરેલું છે, વાણી અમૃતરસ વરસાવનારી છે અને કાર્ય પરોપકાર કરનારાં છે, તેવા સજ્જન પુરુષ કોને માટે વંદનીય નથી ? આવા બધા ગુણોથી સંપન્ન સ્વ. આર. કે. પટેલની ખોટ વણ પુરાયેલી રહેશે અને આપણા સ્મૃતિપટલ ઉપર તરવરતા રહેશે. ઈશ્વર સદ્ગતના આત્માને ચિર શાંતિ અર્પે તેવી પ્રાર્થના.

– મણિભાઈ પ્રજાપતિ

# શ્રદ્ધાંજલિ-સભા

સર્વ વિદ્યાલય, કડીના ભૂતપૂર્વ છાત્ર, સર્વ વિદ્યાલયના દાતાશ્રી અને સર્વ વિદ્યાલય કેળવણી મંડળની ગાંધીનગર શાખાના પ્રમુખ શ્રી આર. કે. પટેલનું તા. ૩ મે, ૨૦૧૩ના રોજ આકસ્મિક અવસાન થયું. સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી-ગાંધીનગર દ્વારા સદ્‌ગતને શ્રદ્ધાંજલિ આપવાના કાર્યક્રમનું મંડળ સંચાલિત ગાંધીનગરની ફાર્મસી કૉલેજના બ્રહ્માણીકૃપા હૉલમાં તા. ૮-૫-૨૦૧૩ના રોજ આયોજન કરવામાં આવ્યું હતું. સદ્‌ગતને શ્રદ્ધાંજલિ આપવા માટે સર્વ વિદ્યાલય કેળવણી મંડળના હોદ્દેદારો-સભ્યશ્રીઓ સર્વશ્રી વલ્લભભાઈ એમ. પટેલ, ડૉ. રામભાઈ પટેલ, શ્રી મોહનલાલ પટેલ, ડૉ. કનુભાઈ પટેલ, શ્રી મનુભાઈ પટેલ, ડૉ. મણિભાઈ પટેલ, શ્રી ખોડાભાઈ પટેલ, પ્રો. ડૉ. વિઠ્ઠલભાઈ પટેલ વગેરે, સ્વ. આર. કે. પટેલના પરિવારજનો અને સ્વજનો, સર્વ વિદ્યાલય પરિવાર વગેરે સૌ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

પ્રારંભમાં જાણીતા કેળવણીકાર અને સર્વ વિદ્યાલયના સેવાનિવૃત્ત આચાર્યશ્રી અને સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીના મંત્રીશ્રી મનુભાઈ પટેલે સદ્‌ગતને શ્રદ્ધા-સુમન અર્પણ કરતાં જીવન અને મૃત્યુનું તાત્ત્વિક રહસ્ય સંત કબીર ઇત્યાદિ ભક્ત-કવિઓનાં અવતરણો ઉદ્ધૃત કરીને સમજાવતાં તેને એક સિક્કાની બે બાજુ સમાન ગણાવ્યું. માનવીની જિજીવિષા-કર્તવ્યનિષ્ઠાના પરિણામે ઇચ્છાઓ અનંત હોય છે. પરંતુ તે ક્યારેય પૂરી થતી નથી. તેમણે પોતાનું સમગ્ર જીવન સમાજસેવાની સુવાસથી સમૃદ્ધ કર્યું હતું. 'મેરા મુજમેં કુછ નહીં જો હૈ સો તેરા' - ચિંતન કણિકાને પોતાના જીવનમાં સાંગોપાંગ અપનાવી હતી. આર. કે. સર્વ વિદ્યાલયના વિકાસ માટે ઘણા ઊંચા વિચારો ધરાવતા હતા. છેલ્લાં ઘણાં વર્ષોથી તેઓશ્રી સર્વ વિદ્યાલયમય બની ગયા હતા. સાહેબ તો તેમને એસ.વી.ના અમેરિકા ખાતેના એમ્બેસેડર તરીકે જ ઓળખાવતા. એસ.વી. માટે દાન આપવામાં અને મેળવવામાં તેમનો મોટો ફાળો રહ્યો છે. મારી છેલ્લી અમેરિકા-યાત્રા સમયે તેમના મોટાભાઈ ડૉ. છગનભાઈ (સી.કે. પટેલ) કે જેમની એસ.વી. પ્રત્યે અનન્ય ભક્તિ હતી તેમને મળવાની તીવ્ર ઇચ્છા હતી પરંતુ આર.કે.એ મને જણાવ્યું કે હવે તેઓશ્રી કોઈને ખાસ ઓળખી શકતા નથી તેથી તેમને મળી ન શક્યો. પરંતુ આર.કે.ને મળીને સર્વ વિદ્યાલયના વિકાસ અર્થે વિચાર-વિનિમય કર્યો હતો. તેમની પ્રત્યેક વાતમાં એસ.વી.ના વિકાસનું ચિંતન જોવા મળતું. દેશ પ્રત્યે અદ્‌ભુત લાગણી ધરાવતા હતા. તેઓશ્રી સુસંસ્કૃત જીવન જીવી ગયા. તેમની વિદાયથી સંસ્થાને મોટી ખોટ પડી છે.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીના પ્રમુખ શ્રી ડૉ. રામભાઈ પટેલે સ્વ. આર. કે. પટેલનાં વ્યક્તિત્વ અને દાનવીર સ્વભાવનાં બહુવિધ પાસાંઓને ઉજાગર કરતાં તેમની સાથેનાં સંસ્મરણો ભગ્નહૈયે રજૂ કરતાં જણાવ્યું હતું કે જેમ મીરાંબાઈને મન 'મારે તો ગિરધર ગોપાલ - દૂસરો ન કોઈ'ની જેમ આર. કે. ના હૈયામાં સર્વ વિદ્યાલય સિવાય અન્ય કોઈ વાત ન હતી. તેમના અવસાનથી સર્વ વિદ્યાલયને ભારે મોટી ખોટ પડી છે. અમે તેમની સ્મશાનયાત્રામાં તેમના વતન સરસાવ ગામમાં ગયા ત્યારે ગામના અને આસપાસના વિવિધ સમાજોના ઘણા લોકો તેમને શ્રદ્ધા-સુમન અર્પણ કરવા આવ્યા હતા, જે તેમના પ્રત્યેનો પ્રેમ-આદર દર્શાવે છે. મને સરસાવના અન્ય જ્ઞાતિના રહીશે જણાવ્યું કે 'અમારો તો રાજા ગયો. તેમણે તો અમારાં સૌનાં

ઘરોમાં જાજરૂ-બાથરૂમ બાંધી આપ્યાં અને અમારાં છોકરાંને ભણાવવા પૈસા પણ આપ્યા તે શેં વિહરે. પરભુ એ બહુ ખોટું કર્યું.' આર. કે. આવા પરોપકારી અને ઘસાઈને ઊજળા થનાર મૂઠી ઊંચેરા જીવ હતા.

જાણીતા સાહિત્યકાર, કેળવણીકાર, કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળના પ્રમુખ અને સર્વ વિદ્યાલયના સેવાનિવૃત્ત આચાર્ય શ્રી મોહનલાલ પટેલે સ્વ. આર. કે. પટેલ સાથેના એક વિદ્યાર્થી, અમેરિકા ગમન બાદ નાટોના યુએસ ફોર્સમાં જોડાઈને સતત ત્રણ વર્ષ સૈનિક તરીકે સેવાઓ આપી તે સંબંધી, અમેરિકાની જનરલ ઇન્સ્યોરન્સ કંપનીના એજન્ટ તરીકેની કામગીરી તેમજ સર્વ વિદ્યાલયનાં સમયાન્તરે ત્રણ પ્રતિનિધિ મંડળો દાન મેળવવા માટે અમેરિકા ગયાં હતાં ત્યારે ઘણું મોટું દાન મેળવવામાં સહાયભૂત બન્યાં હતા તે વિશે સૌને વિગતે માહિતગાર કર્યા. અમારા પ્રત્યેના પ્રેમ અને આદરના કારણે તેઓશ્રી ૯૫૦ માઈલ દૂરથી જાતે કાર ડ્રાઈવ કરીને અમને આવકારવા માટે શિકાગોથી આવ્યા હતા. તેમનું વ્યક્તિત્વ અંતર્મુખી હતું. તેઓશ્રી સંસારી તપસ્વી પુરુષ હતા. તેમણે પોતાની જાતને ક્યાંય ખુલ્લી મૂકી ન હતી. તેઓશ્રી અમેરિકામાં નવા આવનાર માત્ર ગુજરાતીને જ નહીં બલ્કે ભારતીય-એશિયનને સ્થિર થવામાં તેમજં કોઈપણ પ્રકારના સંકટ સમયે તેને મદદરૂપ થવામાં સતત પ્રયત્નશીલ રહ્યા હતા. અમેરિકન ભારતીયોની સેવાને ધ્યાને લઈ અમેરિકાની ઇન્ડો-અમેરિકન સોસાયટીએ ૧૯૯૧માં 'મેન ઓફ ધ ઇયર' તરીકેના એવોર્ડથી વિભૂષિત કર્યા હતા. વધુમાં તેમણે જણાવ્યું કે પાટણ યુનિવર્સિટીમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળના પૂર્ણ સહયોગથી મારા અમૃતપર્વની ઉજવણી થઈ ત્યારે શ્રી માણેકલાલભાઈના સૂચનથી તેમણે બે લાખ રૂપિયા એકઠા કરીને મોકલી આપ્યા હતા, તેમજ તેમણે અંગત રીતે બીજા ૨૦૦૦ ડોલરનો ચેક મોકલી આપ્યો હતો. પરંતુ આ રકમની જરૂરત ન રહી હોવાથી તેમના પ્રેમની સ્મૃતિ તરીકે આ ચેક વટાવ્યા સિવાય આજે પણ મારી પાસે જમા રાખ્યો છે. અમેરિકાથી આવે ત્યારે મારા માટે પ્રસંગોપાત્ત ઉત્તમ પુસ્તકો પણ લેતા આવતા હતા. તેમના મિત્રોને પણ તેમણે ઉદારચિત્તે લાખો રૂપિયાની મદદ કરી છે. આવા ઉમદા સેવાપરાયણ અને દાતાશ્રી રમણભાઈની સ્મૃતિ અવિસ્મરણીય બની રહેશે. ઈશ્વર તેમના આત્માને ચિર શાંતિ અર્પે અને તેમના પરિવારજનોને દુઃખ સહન કરવાની શક્તિ આપે તેવી પ્રાર્થના.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગર શાખાના વાઈસ ચેરમેનશ્રી ડૉ. કનુભાઈ પટેલે સ્વ. આર. કે. પટેલને ભાવભરી શ્રદ્ધાંજલિ આપતાં જણાવ્યું કે સર્વ વિદ્યાલયે ઉજ્જ્વળ રત્ન જેવો પરિવારજન ગુમાવ્યો છે. તેમનાં આદર્યાં - અધૂરાં કાર્યો પૂરાં કરીએ તેમજ સર્વ વિદ્યાલયનાં મૂલ્યોનું જતન કરવામાં કાળજી લઈએ તે જ સ્વ. આર. કે.ને સાચી શ્રદ્ધાંજલિ છે. તેમને પોતાના વતન સરસાવ અને સર્વ વિદ્યાલય પ્રતિ ભારે લગાવ હતો. તેઓશ્રી જ્યારે ભારત આવે ત્યારે કોઈને મદદરૂપ થવા માટે સ્પોન્સર્ડ લેટર્સ લઈને જ આવે. કોઈને મદદરૂપ થવું એ તેમની સહજ પ્રકૃતિ હતી. સર્વ વિદ્યાલય કેળવણી મંડળનાં પ્રતિનિધિ મંડળો જ્યારે જ્યારે દાન માટે અમેરિકા ગયાં ત્યારે તેમણે આપણને ભરપૂર મદદ કરી હતી, જેની વિગતો શ્રી મોહનભાઈ સાહેબે જણાવી છે. આપણા લક્ષ્યાંક કરતાં ભારે મોટી રકમ એકઠી કરવામાં તેઓશ્રી મદદરૂપ નીવડ્યા હતા. તેમની નાદુરસ્ત તબિયત હોવા છતાં ઘણા દિવસો સુધી અમને લઈને દાન મેળવવા ફર્યા હતા. છેલ્લે અમે અમારો પ્રવાસ ટૂંકાવીને કડી પરત ફરવાનું સ્પષ્ટ જણાવી દીધું ત્યારે જ તેઓશ્રી આરામ માટે રોકાઈ ગયા હતા. પરંતુ અમારી સાથે તેમના ભત્રીજાને મોકલી આપ્યો અને ઘેર બેઠાં બેઠાં સંભવિત દાતાશ્રીઓનો સંપર્ક કરીને અમારે ક્યાં જવું તેની સૂચના આપતા રહેતા હતા. આ ઉપરાંત તેમના પરિવારે જે hospital-ity દાખવી હતી - શ્રી અંજુભાભીએ શ્રદ્ધાભાવ સાથે જે કાળજીથી-અહો ભાવ સાથે અમારી સેવા-શુશ્રૂષા કરી હતી તે અવર્ણનીય છે.

છેલ્લે તેમના ફાર્મ-હાઉસમાં સવારે ઊઠ્યા નહીં. ત્યારે ચોકીદારે દરવાજો ખખડાવતાં કોઈ પ્રતિસાદ ન મળ્યો ત્યારે દરવાજો ખોલીને તેમને બે-ભાન અવસ્થામાં જોતાં જરૂરી સારવાર અર્થે અમદાવાદ લાવવામાં આવ્યા હતા અને ઓપરેશન કરવામાં

આવ્યું. ઓપરેશન બાદ અમે સૌ આશ્વસ્ત થયા હતા - સારી આશા બંધાઈ હતી પરંતુ એકાએક તા. ૩ મે, ૨૦૧૩ની વહેલી સવારે તેમણે આપણી વચ્ચેથી વિદાય લીધી. તેમના પરિવારજનો અને આપણ સૌને શોક સંતપ્ત અવસ્થામાં મૂકી દીધા !

સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ચેરમેન અને કડી સર્વ વિશ્વવિદ્યાલયના પ્રેસિડેન્ટ શ્રી વલ્લભભાઈ પટેલે જણાવ્યું કે સ્વ. આર. કે. પટેલ એસ.વી.નું મજબૂત પાસું હતું, એસ.વી.નો એક પ્રમુખ આધારસ્તંભ હતા. તેઓશ્રી પ્રેરણારૂપ જીવન જીવી ગયા. તેમની વિદાયથી સરસાવના ગ્રામજનો અને એસ.વી. પરિવારે વજ્રઘાત અનુભવ્યો. સદ્દગત ચેરમેન શ્રી માણેકલાલ સાહેબ આર. કે. ને દીકરા તરીકે જોતા અને આર. કે. તેમને પિતા તુલ્ય માનતા હતા. સાહેબ આર. કે.ના ભરોસે-વિશ્વાસે આર્થિક જવાબદારીઓ સ્વીકારતા, જે આર. કે. એ સારી રીતે નિભાવી છે. જરૂરતમંદ વિદ્યાર્થીઓને ફી માફી - મદદ કરવામાં તેઓશ્રી ઘણા ઉદાર હતા. એસ.વી.ની નીતિ બહાર જઈને પણ વિદ્યાર્થીઓને મદદ કરવાના તેઓશ્રી આગ્રહી હતા. તેમના ફાર્મ હાઉસમાં સૌનો ઉમળકાભેર આતિથ્યસત્કાર કરતા. ગામ પ્રત્યેના લગાવના કારણે ગામની સુખાકારી માટે તેમણે ઘણું મોટું દાન આપ્યું હતું. પોતાના પરિવાર દ્વારા વતન સરસાવ ગામના ગાંદરે કલાત્મક ગેટ બંધાવી આપ્યો તે સમયે ગામના સૌ જ્ઞાતિજનોને કોઈ જાતના ભેદભાવ વિના એક માંડવે એકઠા કરીને પૂરા આદર-સત્કાર સાથે ભોજન સમારંભ તેમણે યોજ્યો હતો, જેનો હું સાક્ષી છું. આવું વિરલ વ્યક્તિત્વ તેઓશ્રી ધરાવતા હતા. પ્રભુ સદ્દગતના આત્માને ચિર શાંતિ આપે તેવી પ્રાર્થના.

શ્રદ્ધાંજલિ કાર્યક્રમના અંતમાં સ્વ. આર. કે. પટેલના નાનાભાઈ શ્રી અશ્વિનભાઈ પટેલે સર્વ વિદ્યાલય કેળવણી મંડળના કર્ણધારો અને બૃહદ્ પરિવારનો આભાર માનતાં તેમની સાથેનાં સંસ્મરણો રજૂ કરતાં જણાવ્યું કે તેઓશ્રી અમારા પરિવારની ઘણી કાળજી લેતા, તેમજ સાથે સાથે અમારા ગામની યાદ પણ સતત તાજી રાખતા. ગામના આરોગ્ય માટે ગટર, જાજરૂ-બાથરૂમ વગેરે તેમણે ૧૯૮૦ના સમયગાળામાં બાંધી આપ્યાં હતાં તેમજ અનેકવિધ સગવડો પૂરી પાડી હતી. કોઈ ગુજરાતી-ભારતીય અમેરિકા વગર વિઝાએ આવે કે વિઝા સાથે આવે તેને ઘણીબધી રીતે મદદ કરતા હતા. તેમની મુસીબતોમાં મદદ કરવા માટે તેઓશ્રી સૌ પ્રથમ પહોંચી જતા, તેમના જામીનદાર થતા અને નાણાકીય રીતે મદદ પણ કરતા. આશ્ચર્ય તો એ છે કે આવી મુસીબતો વેઠતા વ્યક્તિઓના સ્વજનો દૂર ભાગતા, જ્યારે મારા મોટા ભાઈ કોઈપણ જાતની ઓળખાણ ન હોવા છતાં એક ગુજરાતી કે ભારતીય હોવાના નાતે તેમનાથી બનતું બધું જ કરી છૂટતા અને મદદરૂપ બનતા. તેમની આ સેવાની સુવાસ હરહંમેશાં તાજી રહેશે.

કાર્યક્રમનું સંચાલન કેમ્પસ ડિરેક્ટર ડૉ. સોમભાઈ પટેલે કર્યું હતું.

---

* ''મૃત્યુની સાથે સમજૂતી થાય નહીં. લાંચની લેવડ-દેવડ પણ થતી નથી. યુદ્ધ પણ નથી થતું. વિજય પણ નથી થતો. બધાંને મરવું જ પડે છે.'' **– તેસ કુણ જાતક**
* ''અકાળે મૃત્યુ કદાચ આપણી દૃષ્ટિએ ઈશ્વરનો મોટો અન્યાય ગણાય છે. આ વિપત્તિ આપણી શ્રદ્ધા અને ભક્તિનો નાશ કરી દે છે. આપણને ઈશ્વરદ્રોહી બનાવી દે છે.'' **– પ્રેમચંદ**
* ''મરવાનું તો છે જ, તો પછી માનવતા અને અધિકાર માટે મરો.'' **– યશપાલ**
* ''મૃત્યુના વિષયમાં મનુષ્યના જ્ઞાનકોષમાં શ્રેષ્ઠ રત્ન એ જ છે કે વધારે જીવવા માટે ઉત્તમ પુરુષાર્થ કરે, પણ જ્યારે તેને માનવીની જેમ મરવાની તક મળે ત્યારે તે ચૂકે નહીં.'' **– કનૈયાલાલ મિશ્ર**

# ધીરોદાત્ત નાયક આર. કે.

- મોહનલાલ પટેલ

માનવસેવા કરવી અને જરૂરતમંદને સહાયરૂપ થવું એ આર. કે. (રમણભાઈ કચરદાસ પટેલ)ના લોહીનો લય હતો એમ કહેવામાં કથકને પણ આનંદ થાય એવું આર.કે. નું વ્યક્તિત્વ હતું. અપેક્ષિત ન હોય કે ધારણા બહારની હોય એવી માનવસહાય કે સેવાની આર.કે.ની જીવનરીતિના અનેક દાખલા છે. નિઃસ્વાર્થ-નિર્ભેળ (unmitigated) સહાય અને સેવા એ જ લક્ષ્ય. ગ્રામ, જ્ઞાતિ, સમાજ, પ્રાદેશિકતા, દેશ કે પરદેશના વાડાઓની કોઈ મર્યાદા આર.કે.ની સેવાભાવનાને બાધક નીવડી નથી. પોતે અમેરિકામાં સ્થાયી થયા એ પછી અમેરિકામાં સ્થાયી થવાના હેતુથી આવતા આગંતુકો-ઇમિગ્રન્ટ્સ માટે તો એ પૂરા ઉત્સાહથી સહાયક અને માર્ગદર્શક બની રહેતા. પૂરો એશિયાખંડ એમની દૃષ્ટિ હેઠળ આવી જાય. સેવા અને સહાયની એમની જીવનનીતિ અને રીતિ એટલી ધ્યાનાર્હ બની ચૂકી હતી કે ઈ.સ. ૧૯૯૧માં ઇન્ડો-અમેરિકન ડેમોક્રેટિક ઓર્ગેનાઈઝેશને એમને 'મેન ઓફ ધ ઇયર' એવોર્ડથી નવાજ્યા.

આર. કે. માર્ચ, ૧૯૬૯થી અમેરિકામાં જઈને વસ્યા અને આ એવોર્ડ એમને ૧૯૯૧માં પ્રાપ્ત થયો. આટલા ટૂંકા સમયગાળામાં આ પ્રાપ્તિ નાનીસૂની સિદ્ધિ ન ગણાય.

ક્યારેક તો સ્વાર્થપટુ માણસને એમની આ સેવાવૃત્તિ બિનવ્યવહારુ લાગે એટલી ઊંચાઈએ પહોંચતી. આવા સેવાકર્મનું એક જ્વલંત ઉદાહરણ અહીં પ્રસ્તુત છે. અમેરિકામાં સ્થાયી થયેલા સર્વ વિદ્યાલયના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના પ્રેમભર્યા આગ્રહના આધારે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત સંસ્થાઓના વિકાસ અર્થે ઈ.સ. ૧૯૮૨ના જૂન માસના આરંભમાં સંસ્થાના પ્રતિનિધિઓ તરીકે સંસ્થાના મંત્રીશ્રી ધનાભાઈ હ. પટેલ (વકીલ) અને સંસ્થાના આચાર્યરૂપે હું અમેરિકા ગયા હતા. અમેરિકામાં પહોંચ્યા પછી અમારો પહેલો પડાવ ન્યુ જર્સી રાજ્યમાં શ્રી ધનાભાઈનાં દીકરી પ્રભાબહેન અને જમાઈ શ્રી ભરતકુમારને ત્યાં હતો. ધ્યેય અંગે સારી પ્રગતિ થતી હતી ત્યાં એક દિવસ આર.કે.નો ફોન આવ્યો : 'સાહેબ, હું તમને લેવા આવું છું, તૈયારી રાખજો.'

દસેક દિવસના રોકાણ પછી અમે શિકાગો જવાના હતા. ત્યાં અને એની આસપાસના વિસ્તારમાં આપણી સંસ્થાના ઘણા વિદ્યાર્થીઓ છે.

મેં આર. કે. ને કહ્યું : 'રમણભાઈ, અમને લેવા આવવાની જરૂર નથી, અમે સ્વયં શિકાગો પહોંચી જઈશું. અમે ઇસ્ટર્ન એર લાઇન્સની ટિકિટો લઈ લીધેલી છે એટલે કશી તકલીફ વગર અમે ત્યાં આવી પહોંચીશું.'

'પ્લેનમાં આવવાની જરૂર નથી, હું તમને ગાડીમાં અહીં લઈ આવીશ.'

'ગાડીમાં એટલે કાર દ્વારા ?'

'હા.'

ગળે ઊતરે એવી આ વાત નહોતી અને લગભગ અશક્ય જેવી લાગતી હતી. અમે ન્યુ જર્સીના લોડાઈ શહેરમાં હતા. આ શહેર અને શિકાગો વચ્ચેનું અંતર સાડા નવસો માઈલ ! લગભગ ૧૭૦૦ કિલોમીટર ! મેં આર.કે.ને કહ્યું : સાડા નવસો માઈલ કાર ડ્રાઈવ કરવાનો વિચાર કરશો જ નહીં, અમે પ્લેનમાં જ આવીશું. આપણે ત્યાં મળીશું.

આર. કે. એ ભારપૂર્વક કહ્યું : 'મેં જે વિચાર્યું છે તે તમે જે ધ્યેય સાથે અમેરિકા આવ્યા છો એને અનુલક્ષીને જ વિચાર્યું છે અને નિર્ણય કર્યો છે. આ નિર્ણયથી બે લાભ થશે. એક તો માર્ગમાં જ્યાં જ્યાં આપણી સંસ્થાના વિદ્યાર્થીઓ વસે છે એમને મળી શકાશે અને સંસ્થા માટે ફાળો મેળવી શકાશે. બીજો લાભ એ થશે કે તમે અમેરિકા આવ્યા છો એટલે અમેરિકામાં જે જોવા જેવું છે તે જોઈ શકાશે.'

'એ ખરું, પણ તમે ન્યુજર્સી આવો તે તો સળંગ મુસાફરી થાય ને ?'

'મને ડ્રાઈવિંગનો જરા પણ કંટાળો નથી. વળી દર ૩૫ માઈલે રેસ્ટ એરિયા આવે છે. થાક ચઢ્યો હશે તો ઉતારી દેવાશે. પણ સાહેબ, મારો નિર્ણય પાકો છે. હું ત્યાં પહોંચતાં પહેલાં તમને તૈયારીનો સમય મળે એ રીતે ફોન કરીશ.'

આર.કે.એ ધાર્યું હતું એ કર્યું જ. ન્યુજર્સીથી શિકાગો પહોંચતાં પહેલાં માર્ગમાં નલિન રાવલ, સોળગામવાળા બાબુભાઈ, ધર્માભાઈ, વીરમભાઈ વગેરે સંસ્થાના વિદ્યાર્થીઓ અને બીજા, આર. કે.ના નિકટના પરિચયવાળા ઘણા શુભેચ્છકોને મળી શકાયું. સંસ્થા માટે સારા એવા ફાળાની રકમ મળી શકી. માર્ગમાં જોવાલાયક સ્થળો પણ જોયાં. જેમાં એટલેન્ટિક સિટી મુખ્ય હતું. આ હતું તો, ડાઈંગ સિટી (મરી રહેલું શહેર) પણ કાયદાનો આશ્રમ મળતાં ઊભાં થયેલાં કસીનો (જુગારખાનાં)ના આધારે લાગવેગાસ જેવો ધોરી માર્ગ મળતાં સમૃદ્ધ શહેર બનીને રહ્યું.

આ આખીયે ઘટના દરમિયાન આર. કે.નો સંસ્થા માટેનો પ્રેમ વિરલ હતો એ જોઈ શકાયું; અન્યથા આવું સાહસ અને આટલો શ્રમ કોણ ઉઠાવે ? અને સમયના ભોગની વાત પણ ક્યાં નાની સૂની હતી ?

સંસ્થાની સેવા માટે આર.કે.એ પોતાના સ્વાસ્થ્ય અને આરોગ્યની પણ કદી ચિંતા કરી નથી. કહો કે, ક્યારેક તો તંદુરસ્તી સામે એમણે ભારે જોખમ ઉઠાવ્યાં હતાં. ૧૯૮૨માં અમારો જે હેતુસર અમેરિકાનો પ્રવાસ હતો એ જ હેતુને નજર સમક્ષ રાખીને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના પ્રેમ અને આગ્રહથી ૧૯૯૮માં ફરીથી અમેરિકાની મુલાકાત લેવાનું થયું હતું. આ વખતે સંસ્થાના ચેરમેન શ્રી માણેકલાલભાઈના નેતૃત્વ હેઠળ અમે. અન્ય ત્રણ - શ્રી નરસિંહભાઈ ક. પટેલ, ડૉ. કનુભાઈ અને હું હતા. આ વખતે અમારો પ્રથમ પડાવ ન્યુયોર્ક ખાતે શ્રી વિઠ્ઠલભાઈ ચોક્સી અને શ્રી રણછોડભાઈ ચોક્સીના પરિવારોમાં હતો. ન્યુયોર્ક વિસ્તારનું કામ આટોપ્યા પછી અમારે શિકાગોમાં આર.કે.ને ત્યાં જવાનું હતું. અમારી મુસાફરી નેવાર્ક એરપોર્ટ પરથી શરૂ થતી હતી. પ્લેન ૧૦ વાગ્યે રાત્રે શિકાગો પહોંચવાનું હતું. ફ્લાઈટ સમયસરની હતી અને ઉતરાણ પણ સમયસરનું હતું. આર.કે.ની તબિયત સારી નહોતી એ અમારી જાણમાં હતું એટલે અમે આર.કે. અમને લેવા એરપોર્ટ ઉપર ન આવે એવી આગ્રહપૂર્વકની સૂચના આપી રાખેલી. અમે શિકાગોના એરપોર્ટ ઉપર ઊતર્યા ત્યારે જોયું કે આર.કે. અમને લેવા માટે આવેલા જ હતા. સાથે એમના ભત્રીજા હતા. દુર્લક્ષ ન સેવી શકાય એવી બીમારી હોવા છતાં એ આવ્યા હતા ! કમનસીબે આ ફ્લાઈટમાં મારી બૅગ આવી નહોતી. તપાસ કરતાં જાણવા મળ્યું કે રહી ગયેલી બેગ અગિયાર વાગ્યાની ફ્લાઈટમાં આવી જશે. સમય ખેંચાયો. અમને આર.કે.ની તબિયતની ચિંતા હતી. એમનું બ્લડ પ્રેશર ક્યારે વધી જાય કે ઘટી જાય એ કહી શકાય એવું નહોતું. એમના સ્વાસ્થ્ય બાબતમાં ડૉક્ટરની દેખરેખ રહ્યા કરતી હતી.

શિકાગો વિસ્તારમાં અમારી સાથે ન ફરવાની અમે એમને કડક સૂચના આપી પણ આ તો આર.કે. ! એમ કંઈ માને ? એ અમારી સાથે ફરતા રહ્યા. કાર્યમાં ખૂબ મદદ કરતા રહ્યા. એમની એક જ દલીલ હતી, હું તમારી સાથે સંસ્થાના કાર્યમાં જોડાઉં છું એમાં મારી તબિયત ઘણી સારી રહે છે. બ્લડપ્રેશર એકધારું અને જરૂરી સ્થિતિમાં રહે છે. આ ડૉક્ટરનું વ્યવસ્થિત અવલોકન છે. અમને સતત લાગ્યા કરતું હતું કે આ આર. કે.નો જોટો જડવો મુશ્કેલ છે. શિકાગોના ક્ષેત્રનું કાર્ય પૂરું થયું એટલા દિવસ એ અમારી સાથે રહ્યા જ રહ્યા !

કોઈ મિત્ર આર્થિક ભીડમાં કે તકલીફમાં હોય તો મિત્ર હાથ લંબાવે કે માગણી કરે એ પહેલાં એમની આર્થિક મદદ મિત્ર સુધી પહોંચી જ હોય. આવી મદદ સેંકડો કે હજારોમાં રૂપિયામાં નહીં પણ લાખોના આંકડા સુધી પહોંચ્યાનું અમે જાણ્યું છે. પોતે તો આવું જાહેર ન કરે, પણ અનુગ્રહિત મિત્રો ગદ્‌ગદ કંઠે આ વાત કર્યા વિના કેમ રહે ?

એમનો ગુરુપ્રેમ પણ ઉજ્જવળ ઈ.સ. ૨૦૦૧ની સાલમાં કેટલાક સ્નેહીઓએ શ્રી મણિભાઈ પ્રજાપતિના પ્રસ્તાવના આધારે મારા અમૃત પર્વની ઉજવણી કરવાનું નક્કી કર્યું. સમિતિ રચાઈ. અધ્યક્ષ શ્રી માણેકલાલભાઈ હતા. ફાળો ઉઘરાવવાનું કામ આરંભાયું. માણેકલાલભાઈએ આ બાબતે આર.કે.ને ફોન કર્યો. આર.કે.એ વળતો પ્રશ્ન કર્યો : 'કેટલા મોકલું, સાહેબ ?' માણેકલાલભાઈએ કહ્યું : 'બે લાખ રૂપિયા મોકલો.'

'મળી જશે.' આર. કે.નો સીધો જવાબ.

આર. કે.એ બીજા વિદ્યાર્થીમિત્રો આ શુભકાર્યમાં લાભાન્વિત થાય એ હેતુથી એમનો સહયોગ મેળવીને રકમ મોકલી આપી. એમાં પોતાનો ફાળો તો હતો જ પણ આશ્ચર્યની વાત તો એ હતી કે થોડા દિવસ પછી આર. કે.એ પોતાના થકી એક ૨૦૦૦ ડૉલર (એ સમયના એક્સચેન્જ રેટ પ્રમાણે એક લાખ રૂપિયા)નો ચેક મોકલી આપ્યો. અલબત્ત, એ ચેક વટાવવાની જરૂર ન રહી. ધારણા કરતાં ભંડોળ ઘણું મોટું થયેલું હતું.

ગુરુપ્રેમ રૂપે આર. કે.એ અન્ય સમયે મારા અને દિલીપ રોય ઉપર ઉત્તમ પુસ્તકો મોકલ્યાં હતાં.

આર. કે.નો વતનપ્રેમ ભારે ઉજ્જ્વળ. એમણે સ્વર્ગસ્થભાઈ આત્મારામના સ્મરણાર્થે ગામના એક ભવ્ય પ્રવેશદ્વારનું નિર્માણ કરાવ્યું. આખા ગામમાં ગટરની વ્યવસ્થા ઊભી કરીને ગામની સ્વચ્છતાનું એક ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું. અને ગામની આર્થિક રીતે નબળી જ્ઞાતિઓના ઘેર ઘેર પોતાના ખર્ચે શૌચાલયોની વ્યવસ્થા કરી આપી.

જીવનના અંત સુધી એ સંસ્થા (સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી અને ગાંધીનગર) સાથે પ્રેમ સંબંધથી જોડાયેલા રહ્યા અને સંસ્થાની 'તન, મન અને ધન'થી સેવા કરતા રહ્યા. અવસાન સમયે એ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગરના પ્રમુખ હતા.

તા. ૧૨-૧-૧૯૫૧ના રોજ સરસાવ (તા. કડી)માં જન્મ પામેલા અને અમારી દૃષ્ટિએ હજુ યુવાન આર. કે. ઈ.સ. ૨૦૧૩ના વર્ષમાં તો આમ અણધારી અને એકાએક વિદાય લેશે એ તો કોણ જાણતું હતું ? એમની ખોટ પુરાય એવી નથી. હવે તો આપણે એમના આત્માની ચિર શાંતિ માટે પ્રાર્થના કરવી રહી.

૨૧/૫૦૧, સત્યાગ્રહ છાવણી,
સેટેલાઇટ રોડ, અમદાવાદ-૩૮૦૦૧૫.

## – એ જ રસ્તે

એક રાજાએ કોઈ મહાન ગણિતશાસ્ત્રીને કહ્યું : ''મારા રાજકુમારને ગણિત શીખવવાનો કોઈ સહેલો રસ્તો બતાવો; તમને જોઈએ તે સંપત્તિ આપું.'' ગણિતશાસ્ત્રીએ કહ્યું : ''સંપત્તિ વડે તમારા રાજકુમારના એશઆરામનાં બેચાર વધુ સાધનો વસાવી શકાય, પણ ગણિત તો આપણો ગરીબમાં ગરીબ પ્રજાજન જે રસ્તે શીખે છે એ જ રસ્તે શીખી શકાય.

હરીન્દ્ર દવે

# આર. કે. શેઠની ગૌરવભરી ચિર વિદાય !!

- ડૉ. રામભાઈ પટેલ

કડી-ગાંધીનગર એસ.વી. સંકુલ પરિવારના અંતરંગ મોભી, પરમ હિતચિંતક, સાચા પ્રમુખદાતા, નિરભિમાની, પ્રેમાળ, ઉદાર મનના, સાદગીસભર, મિતભાષી, આડંબર વિહીન અને ઈશ્વરમાં પ્રગાઢ શ્રદ્ધા ધરાવનાર શ્રી આર.કે. ભાઈ હવે આપણી વચ્ચે રહ્યા નથી. અંતરને વલોવી નાખતો ખાલીપો છોડતા ગયા છે. કડી-ગાંધીનગરનાં વિશાળ વિદ્યાસંકુલોમાં ઠેર ઠેર એસ.વી. તરફની વહાલપની ભીની ભીની સુગંધનો પમરાટ મૂકતા ગયા છે.

સ્વ. શ્રી આર. કે. મૂળ સર્વ વિદ્યાલયના જ વિદ્યાર્થી, સ્વબળે આગળ વધી અમેરિકાની ધરતી પર પુનિત પગરણ માંડ્યાં અને જોતજોતામાં શ્રી રમણભાઈ કચરાભાઈ પટેલમાંથી સૌ ભારતીયોમાં આર. કે.ભાઈના હુલામણા નામે પ્રસિદ્ધિ પામ્યા. લક્ષ્મીદેવીએ તેમની પર અસીમ કૃપા વરસાવી. આટલી રિદ્ધિ-સિદ્ધિ મેળવ્યા પછી બીજો કોઈ હોત તો એક સંસારી વ્યક્તિની જેમ એક વર્તુળમાં સીમિત થઈ ગયો હોત. પરંતુ માતૃસંસ્થા સર્વ વિદ્યાલયનું શિક્ષણરૂપી પયપાન કરનાર આ જણ પોતાની માતૃસંસ્થાના પ્રેમમાં ઓળઘોળ થઈ માતાનો હૂંફાળો, વાત્સલ્યસભર પાલવ એવી મજબૂતાઈથી પકડ્યો કે છેક મહાપ્રયાણ સુધી ન છોડ્યો. તેઓ તન-મન-ધનથી માતૃસંસ્થા પર આખર સુધી વરસતા રહ્યા !!

સ્વ. શ્રી આર.કે.ભાઈ માટે સમગ્ર સર્વ વિદ્યાલય પરિવાર પોતાનો હતો. પોતાના વિશાળ કુટુંબ-પરિવાર જેવો જ બલ્કે તેથીય અદકેરો એસ.વી. પરિવારને રાખતા હતા. પૂર્વ ચેરમેન સ્વ. શ્રી માણેકલાલભાઈ સાહેબ શ્રી આર. કે.ને દિલથી માનતા, તેમની ઇજ્જત કરતા અને એસ.વી. માટે તો તેઓ બન્ને બે મટી એક બની ગયા હતા !

સર્વ વિશ્વવિદ્યાલયનું સમગ્ર સંચાલક મંડળ અને તેના સેંકડો કર્મચારીઓ શ્રી આર. કે. શેઠના સ્વર્ગારોહણથી અશ્રુભીના બની હીંબકાં ખાતા હતા. અને એસ. વી. પરિવારના મોભી ચેરમેનશ્રી વલ્લભભાઈ પટેલ તો તેઓ બીમાર પડ્યા ત્યારથી તેમની પાસે પહોંચી ગયા હતા. અને ભૂખ-તરસને વીસરી છેલ્લા શ્વાસ સુધી તેમની સાથે રહ્યા. એટલું જ નહિ પરંતુ તેમના ગામમાં તેમની અંત્યેષ્ટીની તમામ વિધિની વ્યવસ્થા એસ. વી.ના પરિવાર દ્વારા કરાવી હતી. સરસાવ ગામ તથા ત્યાં આવેલા અન્ય ગામના લોકો શ્રી આર. કે. તરફના એસ. વી.ના આવા નિર્વ્યાજ પ્રેમને અશ્રુભેર જોતા રહ્યા. તેમના બેસણાની રસમની વ્યવસ્થા પણ નિભાવી. ગાંધીનગર સંકુલમાં વિશાળ શ્રદ્ધાંજલિ-પ્રાર્થના સભાનું આયોજન પણ કર્યું. અમેરિકાથી આવેલો તેમનો પરિવાર સર્વવિદ્યાલયના આટલા બધા પ્રેમને જોઈ ગદ્‌ગદિત બની ગયેલો.

સ્વર્ગારોહણ થયાને આટલા દિવસો થયા છતાં જાણે એમ લાગ્યા કરે છે કે શ્રી આર.કે. આપણી વચ્ચે હજી પણ જીવતા-જાગતા વિહરી રહ્યા છે, અને સ્વસ્થતા તથા વિશ્વાસપૂર્વક કહી રહ્યા છે કે, “આપણા ગાંધીનગર-કડીનાં વિશાળ સંકુલોને ખૂટતી, બાકી રહેલી તમામ વિદ્યાશાખાઓથી સજાવવાં છે અને તે માટેની જરૂરી આર્થિક સહાયની લવલેશ ચિંતા કરશો નહિ !!” તેઓ સંસ્થામય બની ગયેલા. તેમણે તેમના અમદાવાદના આર.કે. ફાર્મમાં પ્રવેશદ્વારની સામે જ ખૂબ જ ભાવપૂર્વક એક શિલ્પકૃતિનો સંપુટ સજાવી રાખ્યો છે જે જોતાં જ તેમના દિલમાં શું ચાલી રહ્યું

છે તેને સુંદર અને સ્પષ્ટ રીતે સરળતાથી પામી શકાય છે. તે દ્વારા જાણે કે આપણને ઘણું-બધું ઇંગિત કરી રહ્યા છે !

આ શિલ્પકૃતિઓમાં એસ.વી.ના સંસ્થાપક પૂજ્ય છગનભા, શાળાના આચાર્ય અને સર્વ વિદ્યાલયના પહેલા છ વિદ્યાર્થીઓ સ્લેટ-પેન સાથે અભ્યાસમાં રત દેખાડાઈ રહ્યા છે. આવી યાદગાર, ઐતિહાસિક સુભગ ક્ષણોને કોઈ સ્મૃતિભવનોમાં સાકાર કરાય તેવો સંકેત તો તેઓ નથી કરી રહ્યા ને ? કડીના એસ.વી. કેમ્પસમાં સુંદર સ્મૃતિભવન પૂર્ણ થવાની તૈયારીમાં છે. જેમાં સંસ્થાની શરૂઆતથી આજદિન સુધીની તમામ ગૌરવમયી સ્મૃતિઓને કંડારવામાં આવશે.

સ્વામિનારાયણ ભગવાને પોતાના ભગવાધારી સાધુઓને પ્રબોધેલ કે ''તમે બોલશો નહીં તમારાં વાણી-વર્તનને જ બોલવા દેશો.''

સ્વ. શ્રી આર. કે. સહજ રીતે જ સ્વામિનારાયણ ભગવાનના આ ઉપદેશને આજીવન પાળીને જીવન જીવી ગયા. તેમના ગામ સરસાવને તેમણે કોઈ પણ અપેક્ષા વિના અને કોઈ પણ ધર્મ કે જાતિના ભેદભાવ વિના સુંદર રીતે સજાવેલ. કોઈ પણ વિદ્યાર્થી કે જરૂરમંદ વ્યક્તિ તેમની પાસેથી ક્યારેય ખાલી હાથે ગયેલ નથી. વિદ્યાર્થીઓને ભણાવવાની તેમની ઉત્કટ અભિલાષાએ અનેક વિદ્યાર્થીઓનાં જીવન ઉજાળ્યાં છે. સરસાવમાં અંડર ગ્રાઉન્ડ ગટરો, સ્મશાનગૃહ, ટાવર, દરવાજા, જાહેર સંસ્થાઓને તેમણે પરિપ્લાવિત કરી હતી. તેમના દ્વારા થયેલાં ભલાઈનાં અનેક કામોને કોઈ જાણવાં દીધાં નથી - આ તેમના દિલની નેકી અને સાચી દાનવીરતાની અદ્‌ભુત નિશાની છે.

તેઓના જવાથી સમગ્ર એસ. વી. પરિવારને ક્યારેય ન પુરાય તેવી ખોટ પડી છે. પ્રભુને હાર્દિક રીતે પ્રાર્થીએ કે તેમના આત્માને પરમ શાન્તિ અર્પે.

(પ્રમુખ, સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી)

## અધિકાર

કોઈ પણ શિક્ષણસંસ્થામાં મોટામાં મોટો અધિકાર તો વિદ્યાર્થીઓને ભણાવવાની છૂટ, તેમના પર અસર પાડવાની તક, એ જ છે. તે જ્યાં સુધી આપણી પાસે છે ત્યાં સુધી બીજા અધિકારો મળે કે ન મળે એની દરકાર સાચા શિક્ષકોને ન હોય. કોઈ પણ સંસ્થામાં આપણે થોડા દિવસને માટે હોઈએ કે કાયમને માટે, તે સંસ્થાનું આત્યંતિક હિત, તે સંસ્થાની પ્રતિષ્ઠા અને વાતાવરણની પવિત્રતા એ ત્રણે વસ્તુ વિશે ઇંતેજારી આપણામાં પૂરેપૂરી હોવી જોઈએ. એક દિવસને માટે ભણાવતા હોઈએ તોપણ સંપૂર્ણ નિષ્ઠાથી ભણાવવું, એ તો પ્રામાણિક સેવામાં આવી જ જાય છે. એ તો માણસની પોતાના પ્રત્યેની જ ફરજ છે. શિક્ષકોએ એ પણ ન ભૂલવું જોઈએ કે દરેક દિવસ એ પોતાની લાયકાત વધારવાની એક અસાધારણ તક છે. ભણાવવામાં એક દિવસને માટે પણ જો આપણે બેદરકાર કે નિરુત્સાહ થઈએ, વેઠ ઉતારીએ તો આપણી ઉન્નતિનો એક દિવસ આપણે ખોયો ગણવો જોઈએ.

કાકા કાલેલકર

## પ્રાર્થના કરીશ કે –

અનાગત ભવિષ્યકાળમાં મારાં લખાણનું મૂલ્ય રહેશે કે નહિ એનો હું વિચાર કરતો નથી. તેનું આયુષ્ય જો પૂરું થઈ જાય તો તે એક જ કારણે પૂરું થઈ જશે – કે તેના કરતાં વધારે વિશાળ, વધારે સુંદર, વધારે પરિપૂર્ણ સાહિત્યના સર્જનમાં તેના હાડપિંજરની જરૂર પડી હશે. હું તો આ વિશે દુઃખ ન કરતાં ઊલટો પ્રાર્થના કરીશ કે મારા દેશમાં, મારી ભાષામાં, એવું મહાન સાહિત્ય જન્મ પામો કે જેની તુલનામાં મારાં લખાણ તુચ્છ લાગે.

શરદચંદ્ર ચટ્ટોપાધ્યાય

# એસ. વી.ના આધારસ્તંભ

સદ્ગત આર. કે. સર્વ વિદ્યાલયના વિદ્યાર્થી. મેં પણ સર્વ વિદ્યાલયમાં અભ્યાસ કરેલો અને અમારા ગુરુ પણ એક જ - શ્રી મોહનલાલ પટેલ સાહેબ. આ સંબંધે અમે ગુરુભાઈ છીએ. આ ઉપરાંત તેઓશ્રી સર્વ વિદ્યાલય કેળવણી મંડળના સદ્ગત ચેરમેન શ્રી માણેકલાલ પટેલ 'સાહેબ'ને પિતાતુલ્ય માનતા હતા. આ સંબંધે પણ અમે ભાઈ. પિતાજીને મળવા કડીમાં અમારા નિવાસસ્થાને અને સર્વ વિદ્યાલયના કડી-ગાંધીનગર કેમ્પસમાં મિટિંગો માટે અને અનુકૂળતાએ પ્રસંગોપાત્ત આવતા હોવાથી તેમના ગાઢ પરિચયમાં આવવાનું થતાં અમારી વચ્ચે આત્મીયતાપૂર્ણ સંબંધો બંધાયા. અમારા સૌનું મિશન સર્વ વિદ્યાલયનો વિકાસ કરવાનું રહ્યું છે. આમ, તેઓશ્રી ઉંમરમાં મારા કરતાં મોટા અને સ્વભાવે ધીર-ગંભીર, બહુ ઓછા બોલા. અનિવાર્ય આવશ્યકતા હોય તો જ ખપ પૂરતી વાત કરે. મને અનુભવે જણાયું કે તેઓશ્રી વચન કરતાં વ્યવહારમાં - કાર્યમાં માનવાવાળા હતા. સર્વ વિદ્યાલય કેળવણી મંડળની મિટિંગો હોય કે જાહેર સમારંભો હોય સર્વત્ર અનિવાર્ય આવશ્યકતા હોય તો જ અને તે પણ પ્રવચનના સ્થાને થોડાક શબ્દોથી કામ ચલાવી લેતા મેં જોયા છે. સ્વ. આર. કે. પટેલ એસ. વી.નું મજબૂત પાસું હતું, એસ.વી.નો એક પ્રમુખ આધારસ્તંભ હતા. તેઓશ્રી પ્રેરણારૂપ જીવન જીવી ગયા. તેમની વિદાયથી સરસાવના ગ્રામજનો અને એસ.વી. પરિવારે વજ્રઘાત અનુભવ્યો છે.

સર્વ વિદ્યાલયમાંથી અભ્યાસ પૂર્ણ કર્યા બાદ પ્રાયઃ એકાદ વર્ષમાં તેમના મોટાભાઈ ડૉ. છગનભાઈ પટેલ કે જેઓ સર્વ વિદ્યાલયના ભૂતપૂર્વ શિક્ષક અને વિદ્યાર્થી હતા તેમની પાસે અમેરિકા ગયા. અમેરિકામાં વધુ અભ્યાસ કર્યો અને ત્યાં સ્થાયી થયા. આર્થિક રીતે ઘણા સમૃદ્ધ થયા. તેમનાં સેવાકાર્યોની સુવાસ થકી ગુજરાતી કે ભારતીય કે એશિયનો જ નહીં પરંતુ અમેરિકનોમાં પણ પ્રીતિપાત્ર બન્યા હતા. તેમના વ્યક્તિત્વનું સૌથી મોટું જમા પાસું એ રહ્યું હતું કે તેઓશ્રી સહૃદયી હતા, તેમજ વતન સરસાવ-સરસાવના સર્વ ગ્રામજનો અને સર્વ વિદ્યાલયનું હિત તેમના હૈયે સર્વોપરી રહ્યું. પોતાના ગામનાં આરોગ્ય સુખાકારી માટે ઘણાં વર્ષો પૂર્વે ગટર લાઇન અને જરૂરતમંદોને ત્યાં જાજરૂ-બાથરૂમ બાંધી આપ્યાં હતાં. આ ઉપરાંત વ્યક્તિગત ધોરણે ગામના કે આસપાસના ગામના કોઈ વિદ્યાર્થીને ફી ઇત્યાદિ માટે પૈસાની જરૂરત હોય તેને કોઈપણ જ્ઞાતિના ભેદભાવ વગર વિદ્યાર્થીઓને તેમણે ઉદારચિત્તે મદદ કરી છે. તેઓશ્રી હંમેશાં સર્વધર્મ અને સર્વજ્ઞાતિ સમાન માનતા હતા. તેમના વતન સરસાવમાં તેમના પરિવારે સુંદર મજાનો ગેટ બંધાવી આપ્યો તે સમયે તેમણે આખા ગામના ગ્રામજનોને કોઈપણ નાત-જાતના ભેદભાવ વગર એક માંડવે નિમંત્રીને સૌને હૃદયના ઉમળકાભેર જમાડ્યા હતા અને ગામમાં અભૂતપૂર્વ ભાઈચારાનું-સ્નેહનું – સમભાવનું એક નવું જ વાતાવરણ તેમણે પેદા કર્યું હતું. તેમણે જે હિંમત અને દૂરંદેશિતાથી આ કાર્ય પાર પાડ્યું હતું તેનો હું સાક્ષી છું. આવા હતા વિરલ વ્યક્તિત્વ સંપન્ન આર. કે. પટેલ.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા ગરીબ વિદ્યાર્થીઓને ફ્રીશિપ-આર્થિક રાહત આપવાના કિસ્સામાં તેઓશ્રી સદ્ગત ચેરમેન સાહેબને આ બાબતમાં ઉદાર વલણ અપનાવવાનું જણાવતાં અને

જરૂર પડે તો પોતે અંગત રીતે પણ આવા વિદ્યાર્થીઓને મદદ કરશે તેની ખાતરી આપતા મેં સાંભળ્યા છે. તેમણે સર્વ વિદ્યાલય કેળવણી મંડળને પણ પ્રસંગોપાત્ત ઉદારતાપૂર્વક ઘણી મોટી મદદ કરી છે, તેમજ અન્ય સહૃદયીઓ પાસેથી મોટું ફંડ મેળવવામાં મદદરૂપ નીવડ્યા છે. છેલ્લે છેલ્લે તેમણે એક કરોડ રૂપિયા દાન આપવાની જાહેરાત કરી હતી. આવા આપણા દાનવીર શ્રેષ્ઠીવર્યએ આપણી વચ્ચેથી અચાનક વિદાય લઈ લીધી ! ઈશ્વરે શ્રી એન. કે. પટેલ, શેઠશ્રી કેશુભાઈ પટેલ, શ્રી માણેકલાલ એમ. પટેલ 'સાહેબ', પદ્મ શ્રી ભોળાભાઈ પટેલ સાહેબ અને છેલ્લે શ્રી આર. કે. પટેલને પોતાની પાસે બોલાવી લઈને સર્વ વિદ્યાલયને રંક બનાવી દીધી ! આપણા મોભી મંડળે ટૂંકા સમયગાળામાં આપણાથી ચિર વિદાય લઈ લીધી. આ તબક્કે આપણે સૌએ આપણા સ્વર્ગસ્થ કર્ણધારોના આદર્શો અને ધ્યેયોને મૂર્તિમંત કરવા કટિબદ્ધ થવું જ રહ્યું ! આ ભાવના જ સદ્ગતોને સાચી શ્રદ્ધાંજલિ છે તેમ વિનમ્ર ભાવે માનું છું. ઈશ્વરને પ્રાર્થના કે સદ્ગત રમણભાઈ પટેલના આત્માને ચિર શાંતિ અર્પે, તેમજ તેમના કુટુંબીજનોને આ અણધારી આપત્તિમાં ધૈર્ય બક્ષે.

(ચેરમેન, સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી - ગાંધીનગર)

# સર્વ વિદ્યાલયના અમેરિકા ખાતેના એમ્બેસેડર

સરસાવમાં જન્મેલા, સર્વ વિદ્યાલયમાં ભણેલા, યુ.એસ.એ.માં કમાયેલા અને માદરે વતનમાં જેનાં નાણાં વપરાયેલાં એવા આપણા સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગરના પ્રમુખ, દાનવીર આર. કે. પટેલની અચાનક વિદાય સૌને કંપાવી ગઈ. કુદરતને જાણે સર્વ વિદ્યાલયના રત્નોની જ જરૂર પડી હોય તેમ એક પછી એક શ્રી ધનાભાઈ વકીલ, શ્રી એન. કે. પટેલ, મુ. શ્રી કેશુભાઈ, ડૉ. મંગુભાઈ, શ્રી લક્ષ્મીકાંતભાઈ, સર્વ વિદ્યાલયના મોભ સમા મુ. શ્રી માણેકલાલ સાહેબ, પદ્મ શ્રી ભોળાભાઈ અને હવે આર. કે. પટેલ - એમ સર્વ વિદ્યાલય પરિવારના સભ્યોને બોલાવતી રહી.

શ્રી આર. કે. પટેલના ફેમિલી સાથે વર્ષોથી અમારા પરિવારનો નજીકનો નાતો રહ્યો છે. આર. કે.ના મોટાભાઈ શ્રી સી. કે. પટેલને સંસ્થામાં જોડાવાની પ્રેરણા તથા તેઓને અમેરિકા જવાની પ્રેરણા મારા પિતાશ્રી સ્વ. ધનાભાઈ વકીલે (કે જેઓ વર્ષો સુધી સર્વ વિદ્યાલયના મંત્રી તરીકે અને સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગરના ચેરમેન તરીકે સેવા આપતા રહેલા) આપેલી. ખૂબ જ સ્નેહભર્યા પત્રો શ્રી સી. કે. પટેલના અમેરિકાથી આવતા રહેલા અને તે પત્રો આર. કે. જ્યારે જ્યારે અમેરિકાથી ભારત આવતા ત્યારે ખાસ તેમના હાથે પૂ. પિતાશ્રીને આપવા આવતા. ઉપર જણાવ્યું તેમ આ સ્નેહની પરાકાષ્ઠા ત્યારે આવી કે જ્યારે શ્રી આર. કે. પટેલ ૧૯૮૨માં અમેરિકામાં અમારા પિતાશ્રી ધનાભાઈ વકીલની આગેવાની નીચે સર્વ વિદ્યાલયના વિકાસ માટે સર્વ વિદ્યાલયનું પ્રતિનિધિ મંડળ શ્રી ધનાભાઈ વકીલ તથા મુ. મોહનભાઈ સાહેબના સ્વરૂપે ગયું ત્યારે જે રીતે મદદરૂપ થયા. ૧૯૮૨માં તેઓ બંને સૌ પ્રથમ મારાં બહેન-બનેવી-પ્રભાબહેન તથા ભરતકુમારને ત્યાં ન્યુયોર્કમાં lody પહોંચેલા અને ત્યાં ફંડ ફાળો કરી ન્યુયોર્કથી શિકાગો પ્લેનમાં મુસાફરી કરી જવાનું ગોઠવેલ ત્યારે તે કેન્સલ કરાવી

શિકાગોથી શ્રી આર. કે. પટેલ ૯૫૦ માઈલ ઉપરાંતનું ડ્રાઈવ કરી ન્યુયોર્ક આવ્યા અને પાછા ન્યુયોર્કથી શિકાગો ડ્રાઇવ કરીને લઈ ગયા. કારણ ડ્રાઇવ કરીને જવાથી રસ્તામાં ઘણાં જણાનો સંપર્ક કરી શકાય અને ફંડ સારું થાય તે આશય અને થયું પણ. તેમના આ પ્રવાસ દરમિયાન પ્રતિનિધિમંડળને ત્રણ લાખ રૂપિયાનું ટારગેટ અપાયેલું પણ આપણા વિદ્યાર્થીઓએ તે વખતે ૧૨ લાખ રૂ. ઉપરાંતનું ફંડ આપી ઝોળી છલકાવી દીધેલી તેમાં આર. કે. પટેલનો ફાળો નોંધપાત્ર હતો.

૧૯૯૮માં સર્વ વિદ્યાલય કેળવણી મંડળના વિકાસ માટે સ્વ. મુ. શ્રી માણેકલાલ એમ. પટેલ સાહેબની આગેવાની નીચે સંસ્થાના વિકાસ માટે અમેરિકા જવાનું નક્કી થયું ત્યારે મુ. શ્રી એમ. એમ. પટેલ તથા મુ. શ્રી મોહનભાઈ સાહેબ માટે સ્પોન્સર લેટર માટે શ્રી આર. કે. પટેલને વિનંતી કરી, હજુ વિનંતી પહોંચે તે પહેલાં કેલિફોર્નિયામાં તેમની તબિયત ખૂબ જ ગંભીર થઈ છે તેવા સમાચાર મળ્યા એટલે સ્પોન્સર લેટર વગેરેની કોઈ ચિંતા ન કરતાં તબિયત સંભાળશો તેવો સંદેશો અમોએ તેમને ટેલિફોન કરી આપ્યો. પણ બે-ત્રણ અઠવાડિયાંમાં તેમની તબિયત રિકવર થઈ કે તુરત જ અમારા સૌના આશ્ચર્ય વચ્ચે બેઉ સાહેબના સ્પોન્સર લેટર આવી ગયા. બે માસ બાદ જ્યારે અમેરિકા જવાનું થયું ત્યારે તેઓનો આગ્રહ તેમના ત્યાં જ ઊતરવાનો થયો. અમોએ તે વિનંતી તો ગ્રાહ્ય રાખી, પણ અમારી સાથે ફરવા આવવાની અમોએ ના પાડી અને ફક્ત માર્ગદર્શન આપવા જ કહ્યું પણ માને તો આર. કે. શાના !!! અંજુભાભીની ના છતાં તેઓએ સાથે જ આવવાનો આગ્રહ કર્યો. મને કાંઈ જ નહિ થાય અને ઉપરથી તબિયત સારી રહેશે તેટલો આત્મવિશ્વાસ. હું તેમનું BP સવાર-સાંજ માપતો. ડ્રાઈવિંગ શામળભાઈ (સરસાવના વતની અને તેમના પિત્રાઈ અને આપણી સર્વ વિદ્યાલયના વિદ્યાર્થી) કરતા. અમારા સૌના આશ્ચર્ય વચ્ચે તેમનું BP જે ઘરમાં આરામ કરતાં ઊંચું રહેતું હતું તે સર્વ વિદ્યાલયના પ્રેમના કારણે ગણો કે પીંજરામાં પુરાયેલા સિંહને પીંજરામાંથી બહાર નીકળવાની મોકળાશને કારણે ગણો પણ તેમનું BP નોરમલ રહેવા માંડ્યું. ખૂબ સારું ફંડ એકઠું કરી આપ્યા પછી દસેક દિવસ પછી તેમના શરીર પર મેં થાક જોયો અને સાહેબને તથા અન્ય સૌને વાત કરી. અમો સૌએ હવે આર. કે.ને વિનંતી કરી કે હવે તમે અમારી સાથે ન આવશો, અને આવશો તો અમે પાછા ઇન્ડિયા જઈએ છીએ. ત્યારે તેઓ માન્યા, પણ પછી તેમના ભત્રીજા અનુપમભાઈને અમારી સાથે સેન્ટલુઈસ સુધી મોકલ્યા અને ત્યાંથી આગળ તેમના પિત્રાઈ ભાઈઓ અને સરસાવના વતની આપણા દાતાશ્રી વિનુભાઈ અને પોપટભાઈને અમારી જવાબદારી સોંપી અને સમગ્ર પ્રવાસ દરમિયાન માર્ગદર્શન આપતા રહી ઘણું ફંડ એકઠું કરી આપ્યું. એટલું જ નહિ, વિનુભાઈ, પોપટભાઈ અને ડૉ. કૃષ્ણકાંતભાઈની સાથે તેમણે તેમના લોદરિયા પરિવાર નામથી ગાંધીનગરમાં દીકરીઓ માટે હૉસ્ટેલ બનાવવા માટે રૂ. ૨૬ લાખનું ડોનેશન પણ આપ્યું. અમારો ૧૯૯૮ દરમિયાનનો ટારગેટ જે રૂ. ૨ કરોડનો હતો તે રૂ. ૬ કરોડ સુધી છલકાયો તેમાં તેમનું માર્ગદર્શન અને મહેનત નોંધપાત્ર હતી.

૨૦૦૪માં સ્વ. મુ. શ્રી માણેકલાલ સાહેબ અને હું ફરી સંસ્થાના વિકાસ માટે અમેરિકા ગયા ત્યારે LAમાં એકાદ અઠવાડિયા પછી શિકાગોથી ફોન આવ્યો કે અમે બેથી અઢી કરોડ રૂપિયાનું ફંડ નોંધી રાખ્યું છે અને તમો શિકાગો આવો એટલે ફક્ત કોનું નામ ક્યાં લગાવવું તે જ નક્કી કરવાનું છે. જેઓ અમેરિકા ફંડ માટે ગયા હોય તેમને કેટલી બધી હૈયાધારણા ? કેટલું બધું માન એ વ્યક્તિ માટે થાય ? કેટલું બધું સંસ્થા પ્રત્યે ડેડીકેશન ! કેટલી બધી લાગણી હોય ત્યારે જ આ બધું શક્ય બને. અને અમે ત્યારથી આર. કે.ને સર્વ વિદ્યાલયના અમેરિકા ખાતેના એમ્બેસેડર તરીકે ઓળખવાનું ચાલુ કર્યું. ખરેખર તેઓ સર્વ વિદ્યાલયના હિતરક્ષક હતા. તેઓના જવાથી સર્વ વિદ્યાલય ખરેખર રાંક બન્યું છે.

૨૦૦૭માં હું USAનો પ્રવાસ પૂરો કરી પરત આવવા ન્યુયોર્ક આવી ગયેલ. પ્રવાસ દરમિયાન બે વખત Anginaનું પેઈન થયેલ એટલે ન્યૂયોર્ક મારા

દીકરા ચિ. મૌલિકને ત્યાં આરામ કરી ઇન્ડિયા પાછા આવવાની ગણતરી હતી. ત્યાં શિકાગોથી આર. કે.નો ફોન આવ્યો કે તમો શિકાગો આવો તો નર્સિંગ કૉલેજ માટે દાન મળે તેમ છે. આ અંગે પ્રવાસ દરમિયાન વાત થયા કરતી હતી.

તે પછી ૨૦૦૭માં મારા પિતાશ્રી પૂ. ધનાભાઈ વકીલના સ્વર્ગવાસ પછી નાનાં ભાઈ-બહેનોને મળવા અમેરિકા જવાનું થયું. ત્યાં પ્રવાસ દરમિયાન નર્સિંગ કૉલેજ માટે દાતાશ્રી મળે તો ગાંધીનગરમાં નર્સિંગ કૉલેજ કરવાથી ઘણાં બધાંને જિંદગી બનાવવાનો લ્હાવો મળે તેવી કલ્પના હતી. આર. કે. જોડે ટેલિફોનથી સંપર્ક ચાલુ હતો. પ્રવાસ દરમિયાન બે વખત હાર્ટનું પેઈન આવેલ. બધા કાર્યક્રમ રદ કરી ન્યુયોર્ક મારા દીકરા ચિ. મૌલિકને ત્યાં આરામ કરી પછી ઇન્ડિયા પાછા ફરીશું તેવો પ્રોગ્રામ કરી ન્યુયોર્ક આવી ગયા. ત્યાં બે દિવસ પછી શિકાગોથી આર. કે.નો ફોન આવ્યો કે તમે શિકાગો આવો તો શ્રી મફતભાઈ (પટેલ બ્રધર્સવાળા)ની ઇચ્છા દાન આપવાની છે. બે દિવસ પછીની ફ્લાઈટની ટિકિટ મળી. મારાં પત્ની શ્રીમતી સવિતાબહેનને બે દિવસમાં જ પાછા આવવાનું હોઈ ન્યુયોર્ક રોકાઈ ગયાં. પ્લેને ટેકઓફ કર્યું અને પાછું હાર્ટનું પેઈન આવ્યું. Sorhitote કાઢીની બેઠો પણ ભગવાનની દયાથી પેઈન ચાલી ગયું અને પ્લેન રાત્રે ૧૨ વાગે શિકાગો લેન્ડ થયું ત્યારે Airport પર આર. કે. હાજર. બીજે દિવસે શ્રી મફતભાઈ અને એમની ટીમ સાથે આર. કે. પટેલે મુલાકાત ગોઠવી આપી અને ઉદારદિલ શ્રી મફતભાઈએ રૂપિયા પોણા બે કરોડનું દાન શ્રીમતી ચંચળબહેન મફતલાલ પટેલ નર્સિંગ કૉલેજ તથા શ્રીમતી ચંચળબહેન મફતલાલ પટેલ નર્સિંગ હૉસ્ટેલ માટે જાહેર કર્યું. આમ આર. કે. પટેલના સઘન પ્રયાસથી ગાંધીનગરમાં નર્સિંગ કૉલેજ કરવાનું સ્વપ્ન સાકાર થયું. ખરેખર...

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ ઉપરાંત તેઓ સરસાવ ગામની પણ ખૂબ ખબર રાખતા. ગામની ગટર યોજના હોય કે ગામમાં શૌચાલય બનાવવાનાં હોય - મારી જાણ પ્રમાણે તેઓએ સરસાવ ગામમાં એક પણ ઘર સંડાસ-બાથરૂમ વગરનું રહેવા નથી દીધું. ગામની જાહેર સંસ્થાની કોઈપણ ઇમારત આર. કે.ના નામનો પોકાર કરતી હશે. છેલ્લે છેલ્લે તેમણે તેમના પરિવારના સહયોગથી સરસાવ ગામમાં સુંદર સ્મશાન બનાવડાવ્યું. માદરે વતનની ખૂબ લાગણીને વશ તેઓએ અંતિમશ્વાસ માદરે વતનમાં લીધો અને ખુદના ગામમાં ગામની ધૂળમાં જ અંતિમ સંસ્કાર પણ લીધા.

તેઓને જાણે કે ખબર હતી...

सांस का पिंजरा किस दिन टूट जायेगा<br>
हर मुसाफिर राह में ही छूट जायेगा,<br>
हर किसी को प्यार कर लो, प्यार लो सबका<br>
क्या पता कब प्यार का घट फूट जायेगा !

સૌને પ્યાર કરતા સહુનો પ્યાર મેળવતા, સૌના દુઃખમાં સહયોગ કરતા આપણા સર્વ વિદ્યાલયના અમેરિકાના એમ્બેસેડર આપણ સૌને છોડી ચાલ્યા ગયા છે ત્યારે તેમના સદ્‌ગુણને સંભારીએ અને તેમની રાહ પર ચાલવાનો પ્રયત્ન કરતા રહીએ અને તેમને યાદ કરતા રહીએ. જાનાર તો જાતા રહ્યા સદ્‌ગુણ એના સાંભરે, સદ્‌ગુણ એના સાંભરે...

(વાઈસ પ્રેસિડેન્ટ, સર્વ વિદ્યાલય કેળવણી મંડળ)

## અગસ્ત્ય પછી બીજા ઋષિ

સાચું કહું ? આ જુગતરામ અમારામાંથી ભાગી ગયેલા કવિ છે. તેઓ અમારામાંથી ભાગી ગયા અને થયા આત્મરચનાના કવિ. વેડછીનો વડલો જુગતરામભાઈની શ્રેષ્ઠ રચના છે. એમના માથે જીવનની રચના કરવાનું ઋષિકર્મ આવ્યું. અગસ્ત્ય પછી આ બીજા ઋષિ દક્ષિણાપથને મળ્યા. જુગતરામભાઈએ જે કામો કર્યાં છે તે પા-પા પગલી જેવાં છે, પણ તે વિરાટની પગલી છે. એ ધરુ છે. આવું થઈ શકે છે, એવી તે આપણને હૈયાધારણ આપે છે.

– ઉમાશંકર જોશી

# મધુર વ્યક્તિત્વની અણધારી વિદાય

**મનુભાઈ જે. પટેલ**

વિકાસના પાયામાં તેના પદાધિકારીઓ હોય છે. દાતાઓ, શુભેચ્છકો, વિદ્યાર્થીઓ અને વાલીઓના સહકાર અને સંવાદથી જ ગૌરવપૂર્ણ પ્રતિષ્ઠા અને પ્રતિભા ઊભી થતી હોય છે. સર્વ વિદ્યાલયની શરૂઆતથી જ સમર્પિત અને દૃષ્ટિવંત નિષ્ઠાવાન કાર્યકરોની ઉમદા હરોળ આજ દિન સુધી મળતી રહી છે. પરિણામે સર્વ વિદ્યાલય કડી-ગાંધીનગર માત્ર ગુજરાતમાં જ નહિ, પણ સમગ્ર રાષ્ટ્ર અને પરદેશોમાં પણ તેની વિશિષ્ટ પ્રતિભા નિખરાવી શકી છે. પરંતુ છેલ્લાં બે વર્ષમાં કર્તવ્યનિષ્ઠ અને પ્રતિભાસંપન્ન વયસ્ક કાર્યકરો એક પછી એક સદ્ગત થયા છે. સંસ્થાના પ્રમુખ અને ઊંઝા ઉમિયામાતા સંસ્થાના પ્રમુખ શેઠશ્રી કેશવલાલ વિ. પટેલ ઉપરાંત સંસ્થાના પ્રાણસમા ચેરમેનશ્રી માણેકલાલ સાહેબ, સર્વ વિદ્યાલયના કેળવણી મંડળ, કડીના પ્રમુખ અને ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ અને આજીવન કેળવણીકાર પદ્મ શ્રી ભોળાભાઈ પટેલ અને તાજેતરમાં જ ગાંધીનગર શાખાના પ્રમુખશ્રી આર. કે. પટેલ પણ આકસ્મિક રીતે આપણી વચ્ચે રહ્યા નથી. જે દુઃખદ ઘટના છે.

શ્રી આર. કે. પટેલ - શ્રી રમણભાઈનું લાડકું નામ મીતાક્ષરી નામ, પણ હૃદયની વિશાળતા અને મનની ઉદારતા ઘણી મોટી. શ્રી આર. કે. પટેલ સર્વ વિદ્યાલયના પૂર્વ વિદ્યાર્થી, દાતાશ્રી અને શુભેચ્છક ઉપરાંત સંસ્થાના પાયાના કાર્યકર. શિક્ષણ અને સમાજસેવા તેમના આદર્શો. યુ.એસ.એ.માં સ્થાયી થયા પણ હૃદયથી હંમેશાં સંસ્થા સાથે જ રહ્યા. સંસ્થાના વ્યાપ, વિકાસ અને ગુણવત્તામાં તેમનો ઘણો મોટો હિસ્સો છે. માતબર રકમોનાં દાન આપવામાં અને અપાવવામાં તેઓ હંમેશાં પ્રથમ હરોળમાં રહેતા આવ્યા હતા. વ્યક્તિ અને સમાજના પરિવર્તન માટે શિક્ષણ એક જ મહત્ત્વનું પરિબળ છે તેવું માનતા હતા. પરિણામે પ્રત્યેક વર્ષે માદરે વતન સરસાવ અને કડી-ગાંધીનગરની સંસ્થામાં નિયમિત મુલાકાત લેતા અને હંમેશાં પ્રેરક અને પ્રોત્સાહક પરિબળ બની રહ્યા હતા.

આજથી બે ત્રણ દાયકા પહેલાં તેઓ જ્યારે સર્વ વિદ્યાલય કડી કેમ્પસમાં આવતા ત્યારે પણ શિક્ષણ અને સમાજના વિકાસની અનેકવિધ પ્રવૃત્તિઓમાં પરોક્ષ રીતે મદદરૂપ બનતા તેમને મેં નિહાળ્યા છે. કડી છાત્રાલયની ઑફિસમાં સવારે નવ વાગે છાત્રોની મુશ્કેલીઓની ચર્ચા ગૃહપતિશ્રીઓ સાથે અમે કરતા હતા ત્યારે તેઓશ્રી આવ્યા. તેમને આવકાર્યા અને અમે કાર્યચર્ચા આવતીકાલે કરીશું એમ કહીને ગૃહપતિશ્રીઓને વિદાય કર્યા. તેમણે સહજ રીતે પૂછ્યું કે છાત્રોનો અભ્યાસ અને સ્વાસ્થ્ય કેવું છે ? ગુજરાતમાં વરસાદના અભાવે આર્થિક સંકડામણના કારણે એ વર્ષે કેટલાક ખેડૂતપુત્રો ભોજનનો હપ્તો ભરવામાં વિલંબ કરતા દેખાતા હતા. આવાં બાળકોની સંખ્યા કેટલી હશે ? હશે દશબાર બાળકો. પળનો વિલંબ કર્યા સિવાય પંદરેક બાળકોના ભોજનના તમામ

હપ્તાની રકમનો ચેક લખીને મારા હાથમાં મૂક્યો. આટલું જ નહિ ઉપરાંત જણાવ્યું કે પ્રત્યેક વર્ષે આવાં બાળકોના શૈક્ષણિક સાધનો, ગણવેશ અને ભોજન માટે તેઓ નિયમિત મદદ આપશે એવા શુભ સંકલ્પની પણ જાણ કરી. મુખ્ય ગૃહપતિ અને આચાર્યપદે રહ્યો તેટલાં વર્ષો સુધી તેઓ બાળકોને મદદ કરતા રહ્યા. આ માટે કોઈને જાણ પણ ન કરવી અને તેની પહોંચની પણ આવશ્યકતા નથી એવી તાકીદની સૂચના પણ આપેલી. આ પછી પણ તેઓશ્રીના દાનની ગંગોત્રી અવિરતપણે વહેતી રહેવા પામી છે. આ ઉપરાંત તેમના માદરે વતનમાં રહેતા ગ્રામજનોનાં બાળકોના ઉચ્ચ અભ્યાસ માટે તથા આરોગ્ય વિષયક અને સામાજિક કાર્યો માટે યથાશક્તિ પરોક્ષરીતે મદદરૂપ થઈને સૌના હૃદયમાં ભાવપૂર્વકનું સ્થાન મેળવેલ છે.

મારી છેલ્લી અમેરિકા-યાત્રા સમયે આર.કે. અને તેમના મોટા ભાઈ ડૉ. સી. કે. પટેલને મળવાની ઇચ્છા હતી. પરંતુ આર.કે.એ મને જણાવ્યું હતું કે તેઓશ્રી હવે કોઈને ઓળખી શકતા નથી, તેમજ તેમની નાદુરસ્ત તબિયત રહે છે. તેથી ડૉ. સી. કે. પટેલને મળી શક્યો નહીં. પરંતુ આર. કે.ને મળવાનું થયું હતું અને અમે સર્વ વિદ્યાલયના વિકાસ અંગે વિસ્તારથી ચર્ચા કરી હતી. સર્વ વિદ્યાલય પ્રત્યે તેમનો લગાવ અનન્ય હતો.

શ્રી આર.કે. પટેલનું વ્યક્તિત્વ સૌમ્ય, મીતભાષી અને આંતરમુખી હતું. કોઈપણ પદ કે હોદ્દા માટે ક્યારેય તેઓ તૈયાર થતા જ નહિ, પરંતુ સદ્‌ગત શ્રી માણેકલાલ સાહેબ તરફના આદરને કારણે અને સાહેબના આદેશને અવગણી ન શકાય તેવા શુભ હેતુથી જ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ-ગાંધીનગર શાખાના પ્રમુખપદનો સ્વીકાર કર્યો હતો. આમ છતાં તેઓશ્રી સૌને સાથે રાખીને સંવાદ અને મૈત્રીભર્યો પ્રેમભાવ રાખીને કાર્ય કરીને અવિસ્મરણીય બન્યા છે. મોં પર સ્મિત, દિલની દિલાવરી, આંખનાં સ્નેહનું અંજન અને મનની વિશાળતાના કારણે આજે પણ આર. કે. પટેલ સદૈવ સાથે છે એવું સૌને લાગે છે. ગાંધીનગર સંસ્થાઓના વિકાસની હરણફાળ માટે મોટા આર્થિક સહકારની જરૂર પડી છે ત્યારે શ્રી આર. કે. પટેલે પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે ભામાશાની ભૂમિકા હંમેશાં સહજ ભાવે નિભાવી છે. થોડી થોડી શારીરિક વ્યાધિઓ હોવા છતાં આનંદથી કર્તવ્ય પથ પર ચાલતા રહીને સૌને પ્રેરક બનતા રહ્યા હતા. સર્વ વિદ્યાલયના સોલ્જર અને સેનાપતિની ભૂમિકા હસતા મુખે નિભાવતા સૌએ જોયા છે. તેઓશ્રી સદ્‌ગત થતાં સંસ્થાએ વધુ એક મોભી અને સુકાની ગુમાવ્યા છે. ભક્ત કવિ રહીમે સાચું જ કહ્યું છે કે,

**'તરૂવર ફલ નહિ ખાત હૈ, સરોવર પીવત ન પાની**
**કરી રહીમ પર કાજ હિત, સંપત્તિ સચ હી સુજાન'**

શ્રી આર. કે. સંસ્થા અને સમાજ માટે જ જીવ્યા છે. સમગ્ર સંસ્થા અને માદરે વતનના સૌ ગ્રામજનોને રડતા મૂકીને પરમ સ્વરૂપમાં વિલીન થયા છે.

**'જબ તુમ આયે જગતમેં લોક હસે તુમ રોય,**
**ઐસી કરની કર ચલો, આપ હસે જગ રોય !'**

શિક્ષણ, સમાજસેવાનાં ઉમદા કાર્યો કરીને આર. કે. પટેલે લોકહૃદયમાં અનેરું સ્થાન મેળવેલ છે. સર્વ વિદ્યાલયના સ્મરણીય સુકાનીઓમાં આર. કે. પટેલ હંમેશાં ચિર સ્મરણીય બની રહેશે એવી શ્રદ્ધા સાથે સદ્‌ગતને શોકાંજલિ આપીએ છીએ.

(મંત્રીશ્રી, સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી)

* ''જો મૃત્યુ ન હોત તો સંસાર કદરૂપો દેખાત. મૃત્યુના કારણે જ સંસારમાં સુંદરતા છે. મૃત્યુના કારણે જ સંસારમાં પ્રેમ છે. જો આપણે અમર હોત તો એકબીજાની ખબર પણ ન પૂછત.''

– સાને ગુરુજી

* ''કેટલાક માણસોનાં મરણ પછી તેમનો શોક થાય તેના કરતાં તેમની ખોટ આપણને વધુ સાલે છે, બીજા કેટલાકનો શોક ઊંડો થાય છે પણ એમની ખોટ આપણે ભાગ્યે જ અનુભવીએ છીએ.''

– લા રોશફુકોલ્ડ

# ભામાશાની ચિર વિદાય

## ડૉ. મણિભાઈ એસ. પટેલ

માણસ કેટલું લાંબુ જીવે છે એના કરતાં લોકકલ્યાણ અર્થે કેવું જીવે છે, તે મહત્ત્વનું છે. સ્વ. શ્રી આર.કે. ઘસાઈને ઊજળા બનવાનો જીવનસંદેશ આપતા ગયા છે. તેમણે જીવનમાં ઘણા શારીરિક-માનસિક સંઘર્ષો વેઠ્યા છે. આવા કઠિન સંઘર્ષોને ઈશ્વરની પ્રસાદી માની હસતાં હસતાં તેમણે સહ્યા છે.

વિદ્યાર્થી આશ્રમમાં રહીને તેમણે એસ.વી.નો અભ્યાસ પૂર્ણ કરેલો. ત્યારબાદ તેઓ અમેરિકામાં સ્થાયી થયા. તેમનું નામ રમણભાઈ કચરાભાઈ પટેલ હતું પરંતુ બધે જ આર.કે.ના હુલામણા નામથી જાણીતા થયા હતા. તેમણે અમેરિકામાં ઇન્સ્યોરન્સ ક્ષેત્રે ઘણી મોટી નામના મેળવી હતી.

તેમના જીવનની અજીબોગરીબ બાબત એ હતી કે, ગમે તેવા કપરા સંજોગોમાં, અઘરામાં અઘરી નિરાશાની ઘડીઓમાં, ગમે તેવી વા-વંટોળ અને ઉલ્કાપાત ભરી પરિસ્થિતિમાં તેમના મોઢામાંથી નિરાશા ભર્યા કે પીછેહઠ કરાવે તેવા શબ્દો ક્યારેય સંભળાયા નથી. તેમનું જીવન ઝંઝાવાતોમાંથી માર્ગ કાઢીને એક સાહસિક-વીર-વિજેતાને છાજે તેવું હતું.

તારીખ ૧૯-૫-૨૦૧૩ના રોજ શ્રી પોપટભાઈ પટેલ મારા દવાખાને મને ખાસ મળવા આવેલા. ત્યારે તેમણે મને કહેલું કે, આ ભયંકર ગરમીમાં ભારત આવવાનો નહોતો પરંતુ આર.કે.ના અવસાનને કારણે આવવાનું થયું છે. તેમણે ભીના અવાજે કહ્યું કે, આર.કે.ને કોઈ વિદ્યાર્થી તેની નબળી આર્થિક સ્થિતિને કારણે અભ્યાસ છોડે તે જરાયે પસંદ ન હતું. આવા ઘણાં વિદ્યાર્થીઓને તેમણે કોઈપણ ન્યાત-જાત-ધર્મ કે સ્થળના ભેદભાવ સિવાય પૂરી આર્થિક સહાય કરીને ભણાવ્યા છે. આમાં જે રકમ વપરાતી તે હું, રમણભાઈ અને વિનુભાઈ એમ. પટેલ સરખે ભાગે વહેંચી લેતા. તેઓ સાચા માનવતાવાદી હતા.

સ્વ. શ્રી આર.કે.ના દિલમાં રહેલી સેવાની સરવાણી બે દિશામાં વહેતી હતી. તેનો એક સ્રોત તેમના માદરે વતન સરસાવ ભણી અને બીજો સ્રોત એસ. વી. કેમ્પસ તથા ગાંધીનગર કેમ્પસ તરફ પ્રવાહિત રહેતો હતો. સરસાવમાં આર્થિક રીતે દરેક કોમનાં નબળાં પરિવારો માટે પાકાં સંડાસ બનાવી આપેલાં. પાકી ગટરો, સ્મશાનગૃહ વગેરે સ્વખર્ચે બનાવેલ છે. એટલે મને કહેવાનું મન થાય છે કે :

**"ખારા જળનો દરિયો ભરિયો,**
**મીઠા જળનો લોટો.**
**તરસ્યાને તો દરિયા કરતાં,**
**લોટો લાગે મોટો."**

સંજોગો એવા ઊભા થયા કે તેમના અંતિમસંસ્કાર તેમના જ બનાવેલા સ્મશાનઘરમાં કરવામાં આવ્યા.

શ્રી આર. કે. આચાર્યશ્રી મોહનભાઈને પોતાના ગુરુ માનતા. તેમનામાં તેમને અગાધ શ્રદ્ધા હતી. તેમણે ક્યારેય હોદ્દાનો મોહ રાખ્યો ન હતો. સ્વ. શ્રી માણેકલાલ સાહેબ પ્રત્યે તેમને ખૂબ જ આદરભાવ અને સાચો પ્રેમ હતો. તેમની વાતને આર.કે. ક્યારેય નકારતા નહીં. તેમનામાં સામેની વ્યક્તિનો તાગ મેળવી લેવાની એક ખૂબી હતી.

જ્યારે જ્યારે સ્વ. શ્રી સાહેબ, સ્વ. શ્રી ધનાભાઈ વકીલ, આચાર્ય શ્રી મોહનભાઈ સાહેબ, સ્વ. નરસિંહભાઈ પટેલ તેમજ ડૉ. શ્રી કનુભાઈ પટેલ સંસ્થાના વિકાસ માટે આર્થિક સહાય મેળવવા અમેરિકા જતા ત્યારે ત્યારે સ્વ. શ્રી આર.કે. તેમનો પ્રેમથી આદર-સત્કાર કરતા, પોતાને ત્યાં રાખતા,

તમામ સુવિધાઓ પૂરી પાડતા અને દાન મેળવવા માટે તેમની સાથે સાથે ફરી આર્થિક સહાય મેળવી આપતા. અમેરિકામાંથી કોની પાસેથી પૈસા મળે તેમ છે, તેની પૂરી માહિતી રાખતા. ડૉ. કનુભાઈને આ બધા આર્થિક સ્રોતોની માહિતીથી અવગત કરાવતા. ડૉ. કનુભાઈ તેમને એસ.વી.ના અમેરિકા ખાતેના એમ્બેસેડર તરીકે નવાજતા !

એસ.વી.ના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ તથા સમાજના સ્નેહીજનો, મિત્રો પાસેથી એસ.વી.ને દાન મળતાં રહ્યાં છે. એલ.ડી.આર.પી.માં શ્રી દશરથભાઈ પટેલ તેમજ નર્સિંગ કૉલેજ માટે શ્રી મફતભાઈ પટેલ તરફથી મોટો આર્થિક સહયોગ મેળવી આપવામાં સ્વ. શ્રી આર.કે.નો સિંહફાળો રહ્યો છે. તેઓ પોતે સદા વરસતા રહ્યા છે માટે તેમને સંસ્થાના ભામાશા કહેવામાં જરાપણ અતિશયોક્તિ નથી. તેમને ગુમાવ્યાનું સંસ્થાના સમગ્ર પરિવારને ભારે દુઃખ છે. આર.કે. અમેરિકામાં હોય તો ફોન દ્વારા અને ભારતમાં આવ્યા હોય તો ચેરમેનશ્રી વલ્લભભાઈ પટેલને રૂબરૂ મળી સંસ્થાની પ્રેમથી વિગતવાર માહિતી મેળવતા.

રમણભાઈએ મિત્રો, સ્નેહીજનો, કડી-ગાંધીનગરના હોદ્દેદારો, પ્રિન્સિપાલશ્રીઓ વગેરેના થોડાક માસ પૂર્વે પોતાના ફાર્મ હાઉસ (આર.કે. ફાર્મ હાઉસ)માં નિમંત્રીને ખૂબ જ આગ્રહપૂર્વક જમાડ્યા હતા.

વર્ષ પહેલાં મોહનભાઈ સાહેબ અને સ્વ. ભોળાભાઈ પટેલને તેમના ફાર્મ પર મહેમાન તરીકે ખાસ આમંત્ર્યા અને સંસ્થાના હોદ્દેદારો સાથે સુંદર ભોજનવ્યવસ્થા કરી હતી. સ્વ. ભોળાભાઈ, ફાર્મ અને આયોજનથી ખૂબ જ પ્રભાવિત થયા હતા. અને એ સમયે સંસ્થાના વિકાસની ચર્ચા પણ કરી હતી. રમણભાઈને ખૂબ જ સરસ આયોજન બદલ અભિનંદન પાઠવ્યા હતા.

સ્વ. શ્રી આર.કે.ના અવસાનના દુઃખદ સમાચાર જાણીને મારા મિત્ર ડૉ. માધુભાઈનો મારી પર ફોન આવેલો કે, શ્રી આર.કે.ને શિકાગોમાં ભાગ્યે જ કોઈ ઓળખતું નહીં હોય. અમેરિકાના પ્રવાસ દરમિયાન શિકાગોમાં શ્રી આર.કે.ને એકાએક મળવાનું થયું ત્યારે અમે પરસ્પર સુપરિચિત ન હતા, તેમ છતાં તેઓ મને તેમને ત્યાં લઈ ગયા, ખૂબ જ ભાવથી મને જમાડ્યો અને મને મારે ત્યાં મૂકી પણ ગયા ! સ્નિગ્ધ સ્નેહનાં ઊર્મિ-ઝરણાંની આ બધી વાતો ઉપરથી તેઓ કેટલા બધા ઝિંદાદિલ અને પ્રેમાળ હતા. તેનો સહેજે અંદાજ આવી શકે તેમ છે.

કલોલના ડેન્ટીસ્ટ ડૉક્ટર શ્રી મણિભાઈ પટેલ દસ વર્ષ પહેલાં ડેન્ટલ ટેક્નિશિયનનો અભ્યાસ કરવા શિકાગો ગયેલા ત્યારે સ્વ. શ્રી આર.કે.એ તેમની ખૂબ જ ઉત્તમ સરભરા કરેલી. આર.કે. તેમને કૉલેજમાં મૂકી આવતા અને લઈ જતા. આવા અનેક પ્રસંગો તેમના જીવનકાળમાં બન્યા છે. અન્યની માણનાર સેવામાં નિજાનંદની અનુભૂતિ આ એક વિરલ અને અદ્‌ભુત વ્યક્તિત્વ હતું. તેઓ સેવાની તાજી મહેક પ્રસરાવી આપણાં સૌને સેવાનો ગર્ભિત સંદેશ આપતા ગયા છે. તેમના પવિત્ર આત્માને પરમાત્મા પરમ શાન્તિ આપે તેવી હાર્દિક પ્રાર્થના છે.

(મંત્રીશ્રી, સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી)

## ઢગલેઢગલા

આપણા દેશની વિદ્યાપીઠો તો હરતી-ફરતી વિદ્યાપીઠો હતી. કબીર, નામદેવ, તુલસીદાસ, ચૈતન્ય વગેરેના અસંખ્ય ભક્તો ગામેગામ ફરતા અને, વેપારીઓ જેમ ગામેગામ ફરીને લોકોને પોતાનો માલ પહોંચાડે છે તેમ, તેઓ 'ઉપનિષદ' વગેરે બ્રહ્મવિદ્યા લોકોના કાન સુધી પહોંચાડતા.

માલ બનાવવાનું કામ 'વેદો'થી માંડીને રવીન્દ્રનાથ સુધી થયું. એટલો બધો માલ બની ગયો છે કે તેના ઢગલેઢગલા પડ્યા છે અને તે ખપતો નથી. તો આપણું કામ ગામેગામ જઈને આ જ્ઞાન ખપાવવાનું છે. બુદ્ધ-ઈશુ-કૃષ્ણથી ગુરુદેવ-રામકૃષ્ણ-વિવેકાનંદ જેવા સંતોએ જથ્થાબંધ બનાવેલો માલસામાન લઈને હું ગામેગામ જઈ તેનું છૂટક વેચાણ કરું છું.

– વિનોબા ભાવે

# અનંતની યાત્રાએ રમણભાઈ...

**શ્રીમતી શારદાબહેન એમ. પટેલ**

સ્વ. આર. કે. પટેલ માનવતારૂપી મહાસાગરનું રત્ન હતા. તેઓ નાનપણમાં નીડર, મક્કમ, હિંમતવાન જેવા ગુણોની સાથે તોફાની પણ હતા. સરસાવ ગામમાં તેમની આગવી નેતાગીરી હતી. તેઓ ધાર્યું કામ પાર પાડતા અને બીજાઓ પાસે પણ કરાવતા.

મારા પિતા સ્વ. ચતુરભાઈ હેમરાજભાઈ પટેલ સર્વ વિદ્યાલય હાઈસ્કૂલમાં વ્યાયામ શિક્ષક અને એન.સી.સી. ઑફિસર તરીકે સેવા બજાવતા હતા. સંસ્થાના ક્વાર્ટર્સમાં રહેતા હતા. મારા પિતાશ્રી શરીરે ભરાવદાર અને પ્રભાવશાળી હતા. શિસ્તના ભારે આગ્રહી અને કડક સ્વભાવના હતા. આથી તેઓ 'સેન્ડા' તરીકે ઓળખાતા. તેમના હાથ નીચે વિદ્યાર્થીઓ સતત તાલીમ પામતા. સર્વ વિદ્યાલયનાં મેદાનો ખો...ખો..., કબડ્ડી તથા વૉલીબૉલની રમતોથી ભર્યાં ભર્યાં રહેતા !

સ્વ. આર. કે. પટેલના મોટાભાઈ શ્રી સી. કે. પટેલ સર્વ વિદ્યાલયના ભૂતપૂર્વ વિદ્યાર્થી હતા. ઉચ્ચ અભ્યાસ પછી તેઓ એસ. વી. હાઈસ્કૂલમાં ગણિતના શિક્ષક તરીકે જોડાયા હતા. સાથે સાથે ઈ.સ. ૧૯૫૭-૫૮માં ગૃહપતિ તરીકેનો પણ કાર્યભાર સંભાળતા હતા. આ સમયે સ્વ. શ્રી રમણભાઈ મોટાભાઈની સાથે ક્વાર્ટર્સમાં રહેતા હતા. અમારા ક્વાર્ટર્સ પાસે આચાર્યશ્રી મોહનભાઈ પટેલ, શ્રી ગણેશભાઈ પટેલ, શ્રી ભાઈલાલભાઈ પટેલ, હિરાભાઈ કોઠારી તથા અજિતભાઈ પટેલ (U.S.A. સરસાવવાળા)ના ક્વાર્ટર્સ હતા. સરસાવનાં પરિવારો સાથે અમારે પ્રગાઢ સંબંધો સ્થપાયા હતા. શ્રી આર.કે. અને અમે ધોરણ-૮થી એક જ વર્ગમાં સાથે અભ્યાસ કરતાં અને રમતાં.

સ્વ. રમણભાઈનું ધ્યાન અભ્યાસમાં ઓછું અને અન્ય પ્રવૃત્તિઓમાં વિશેષ રહેતું. સ્કૂલમાંથી જે ગૃહકાર્ય અપાતું તે લખવું તેમને ન ગમતું. લખવાનું તેમને કંટાળાજનક લાગતું. તેથી તેઓ યેન-કેન પ્રકારે ગૃહકાર્ય અમારી પાસે લખાવી નિશ્ચિંત બની જતા. તે વખતે ગૃહકાર્યનું ખૂબ જ મહત્ત્વ હતું. આ સમયે સિદ્ધિબહેન, પ્રભાબહેન, પ્રતિમાબહેન, હંસાબહેન, મીનાક્ષીબહેન, શ્રી જગદીશ એન. પટેલ, શ્રી કનુભાઈ પટેલ(જે.પી.), શ્રી આર. કે. વગેરે અમે સહાધ્યાયી હતાં. બાળસહજ તોફાનોમાં અમે સૌ સાથે રહેતાં. રમણભાઈ ક્યારેય કોઈ વસ્તુ લેવા હઠાગ્રહ કરતા નહીં. ઊલટાનું તેમની પાસે હોય તે સૌને વહેંચી દેતા. તેઓ સૌની દરકાર રાખતા. આ ગુણોનો મોટી ઉંમરે વિકાસ થયો. અને તેમની "દાનવીર" તરીકેની એક વિશેષ ઓળખ ઊભી થઈ.

અમારા ક્વાર્ટર્સ સામે એક "કોઠી"નું સરસ મોટું ઝાડ હતું. તેનાં પરનાં કોઠા ખાવા અમે હંમેશ તત્પર રહેતાં. મારા પિતાજી કડક હોવાથી તેમની ઉપસ્થિતિમાં કોઠાં તોડાય નહીં. તેથી અમે તેઓ ઘેરથી ક્યારે બહાર જાય તેની રાહ જોતાં. અમે જે કોઠાં ઘરે ભેગાં કર્યાં હોય તે બધાં મારાં સહાધ્યાયીઓને બોલાવી આપી દેતાં. તેમાં સ્વ. શ્રી આર. કે. ભાઈ અગ્રક્રમે રહેતા.

અમારા સમયે કડીમાં કપાસનાં કાલાં ફોલવાનો મોટામાં મોટો ઉપકારક ગૃહઉદ્યોગ ચાલતો. અમે પણ અમારાં ઘેર કાલાંની "ધડી"ઓ લાવતાં. સ્વ. શ્રી રમણભાઈ અને અમારી સહાધ્યાયી ટોળકી અમને કાલાં ફોલાવવા સાગમટે લાગી પડતી. આ સમયે એક ધડીનું ફોલામણ આઠ આના ચાલતું. દિવસમાં અમે ચાર-પાંચ ધડીઓ ફોલી દેતાં...!

અમારા ક્વાર્ટર્સ આગળ બે મોટા ઝૂલા હતા. હીંચકા ખાવા માટે અમારી ટોળકી પડાપડી કરતી. તેમાં ક્યારેક ઝઘડી પડતાં. સ્વ. શ્રી આર. કે.ભાઈ હીંચકા ખાવામાં સૌથી આગળ રહેતા. પરંતુ તેઓ અમને સૌને હીંચકા ખવડાવવામાં વિશેષ આનંદ અનુભવતા હતા.

ત્યારપછી તો અમે મોટાં થયાં અને શ્રી રમણભાઈ અને અમે સંસારચક્રની જવાબદારીઓમાં છૂટાં પડી ગયાં. શ્રી આર. કે.ભાઈને વ્યવસાયાર્થે અમેરિકા જવાનું થયું. અમેરિકા જતાં પહેલાં અમને મળવા અમારા ઘેર આવ્યા. પુનઃ વિદ્યાર્થીકાળની મધુર સ્મૃતિઓને તાજી કરી. અમારા સમગ્ર પરિવારે તેઓને હૂંફભરી વિદાય આપી. અમે અનેક શુભેચ્છાઓ પાઠવી અને તેમની સફળતા માટે પ્રભુને પ્રાર્થના પણ કરી. અમેરિકા જઈ ઠરીઠામ થયા, ખૂબ જ કમાયા અને ઉદારમનના, ઉમદા સ્વભાવના, વિદ્યાપ્રેમી માનવીએ પોતાના દાનથી સર્વ વિદ્યાલયને પરિપ્લાવિત કરી ધન્યતા અનુભવી.

તેઓ અમેરિકાથી ભારત આવતા ત્યારે અમદાવાદ સ્થિત તેમના બનાવેલા આર.કે. ફાર્મમાં ઊતરતા. અહીંથી બધાં કામ પતાવતા. તેઓએ ક્યારેય હોદ્દાનો, ભાષણનો કે ખુરશીનો મોહ રાખ્યો નથી. મારે મિટિંગોમાં જ્યારે જ્યારે મળવાનું થાય ત્યારે હસતા હસતા સામે પગલે આવીને બોલાવતા. મારા પરિવારની ખબર-અંતર પૂછતા.

આ વખતે છેલ્લે તેઓ મને મળ્યા ત્યારે મેં તેમની તબિયતના સમાચાર પૂછ્યા ત્યારે તેમણે મને કહ્યું કે, મારી અમેરિકા-ભારતની આવન-જાવન થતી રહે છે. સાચું કહું તો મારું જીવન એક ''વણઝારા'' જેવું છે. તેમના આ સૂચક શબ્દો હજી પણ મારા કાનમાં ગુંજ્યા કરે છે !!!

તેઓની ગુરુભક્તિ આગવી અને અનેરી હતી. તેઓ ધૂપસળીની જેમ જાતે સળગીને ચોમેર સુવાસ પ્રસરાવતા ગયા છે. પ્રભુ તેઓના દિવ્યાત્માને વૈકુંઠમાં વાસ કરાવે અને પરમશાન્તિ અર્પે તેવી હૃદયપૂર્વકની પ્રાર્થના છે.

(અંકુર સોસાયટી, કડી-થોળ રોડ, કડી)

ચિત્તમાં શાંતિ હોવી જોઈએ, અને મનુષ્યમાં આગ પણ હોવી જોઈએ. આગ જો ન હોત, તો આ બુઢ્ઢો તેર-તેર વરસ સુધી દેશભરમાં પગપાળો ફર્યો ન હોત. આ બુઢ્ઢામાં આગ છે – પણ તે માથામાં નહીં, છાતીમાં છે. છાતીમાં આગ જોઈએ અને માથામાં બરફ. તેથી બુદ્ધિ શાંત રાખતાં આવડવું જોઈએ. આ યુગમાં લડવું હોય તો યે અશાંતિ કામની નથી. બૉમ્બ નાખવા હોય તોયે શાંત ચિત્તે, બરાબર લક્ષ્ય તાકીને, ઠરાવેલા સ્થળે નાખવા પડે છે.

**વિનોબા ભાવે**

જ્યારે ગાંધીજીએ ગોધરામાં એક હરિજન આશ્રમનો પ્રારંભ કર્યો અને મામાસાહેબ [ફડકે] જેવા એક તપસ્વી બ્રાહ્મણે એ કામ માથે લીધું, ત્યારે ગોધરાના ઢેડ લોકો કહેવા લાગ્યા કે, ભંગીઓને અમારી સાથે બેસાડશો, તો અમે તમારા આશ્રમમાં આવવાના નથી.

ગાંધીજીએ કહ્યું, ''એમ જ હોય તો અમે ભંગીઓથી પ્રારંભ કરીશું. આશ્રમમાં ભંગી વિદ્યાર્થીઓને પ્રથમ દાખલ કરીશું. એમની સાથે બેસવા જે બીજાઓ તૈયાર હોય તે ધીરે ધીરે આશ્રમમાં આવશે. પ્રારંભ તો ભંગીઓથી જ થશે.''

આનું નામ અંત્યોદય. જે લોકો વધારેમાં વધારે પછાત છે, દબાયેલા છે, ઉપેક્ષિત છે, તેમની સેવાથી પ્રારંભ કરવો જોઈએ.

**કાકા કાલેલકર**

# Our Amazing Father

**Shimool, Chirag, Riki and Anita**

A wise man once said, "The things you do for yourself are gone when you are gone, but the things you do for others remain as your legacy."

Our dad leaves this world being a legend. He lived a remarkable life, one that inspired us greatly. His adventurous attitude, his broad range of accomplishments, and his happy demeanor made him an amazing person. He was loving, patient, and generous with his time and affection. He pursued his many endeavors attentively. In all the time that he was away from us, he was out making a difference in the lives of so many people, his primary goal was to simply give, it was out of a pure, genuine heart. He looked at the poor and the rich with the same eye, and with that, he impacted and changed the lives of so many people. Our hearts ache with sadness with the loss of our amazing father. However, we are so proud and honored to say he was our dad. He was always smiling, and we know he is watching over all of us smiling right now. He has left this world with respect, pride, and integrity. There are not a lot of people in this world that can say they have touched so many lives in one lifetime.

Mahatma Gandhi was someone our dad admired. Gandhi once said, "In a gentle way, you can shake the world." Our dad leaves this world by doing just that.

Love you and miss you dad !

We know it is hard, it will never be the same without dad, but he is still with us, in spirit and in our heart... We miss him a lot too.

(email : patel.anita91@yahoo.com)

# Condolence Message

**Dr. C. K. Patel**

I dearly loved my brother Raman and will miss him and never forget him... He was always cheerful to me and he also helped me with my last visit to India. I am very grateful for that. I am also very proud and glad that Raman was able to help the inhabitants of our hometown Sarsav in so many ways in improving their quality of life.

May his soul be at peace !

**Chhaganbhai K. Patel**

# સેવાના ભેખધારી વડીલ બંધુ શ્રી રમણભાઈ...

**અશ્વિનભાઈ પટેલ**

મારા મોટાભાઈ શ્રી રમણભાઈ પટેલનું બ્રેઇન હેમરેજ થવાથી તા. ૩ મે, ૨૦૧૩ના રોજ સ્ટર્લિંગ હૉસ્પિટલ, અમદાવાદમાં અવસાન થતાં અમારા પરિવારે વજ્રઘાત અનુભવ્યો. તેઓશ્રી મારાં પૂજ્ય ભાભી શ્રીમતી અંજુબેન તથા પુત્રો – પુત્રીઓ સર્વશ્રી ચિરાગ, રિકિ, શ્રીમૂલ અને અનિતાને તથા અમને સૌને કલ્પાંત કરતા મૂકી ગયા ! તેમના અવસાનથી અમારા પરિવારને જ નહીં, પરંતુ અમારા ૪૨ ગોળ સમાજને પણ ભારે મોટી ખોટ પડી છે. છેલ્લા સાડા ત્રણ માસથી હું તેમની સાથે વતનમાં જ હતો. પરંતુ મારે કોઈ કાર્યવશાત થોડાક સમય પૂર્વે જ અમેરિકા જવાનું થયું હતું. તેમને હૉસ્પિટલમાં દાખલ કર્યાના સમાચાર સાંભળતાંની સાથે જ હું અને મારાં ભાભી અમેરિકાથી તૂર્તજ ભારત આવ્યાં. પણ ! કુદરતની આગળ માણસ લાચાર છે. ઈશ્વરે અમારા ભાઈને તેની પાસે બોલાવી લીધા.

મારા ભાઈ હવે અમારી વચ્ચે રહ્યા નથી. પરંતુ હું તેમને મારી સાથે હરતા-ફરતા અનુભવી રહ્યો છું. હું તેમના વગર મારા જીવનમાં ખાલીપો અનુભવું છું. હવે મને કોણ કહેશે કે અશ્વિન તું આ કર, આ ન કર ! હવે મારા માટે કોણ ચિંતા સેવશે ! તેઓશ્રી હંમેશાં મારી કાળજી રાખતા હતા અને મારા કુટુંબને હૃદયથી ચાહતા હતા. મારા પુત્ર ચિ. અમિષને પણ પુત્રવત ચાહતા હતા. મેં તેમની સાથે આર. કે. ફાર્મ હાઉસમાં મહત્તમ સમય પસાર કર્યો છે. અને તેમની પ્રવૃત્તિઓનો સાક્ષી રહ્યો છું. કોઈ નાત-જાતના ભેદભાવ સિવાય વિદ્યાર્થીમાત્રને તેઓશ્રી મદદરૂપ નીવડ્યા હતા. એકાદ પ્રસંગે શાળાનાં બાળકોના પ્રવાસ માટે તેમણે રૂ ૮૦,૦૦૦/- આપ્યા હતા. આ સમયે તેમની પાસે પૈસા ન હતા, છતાં તેમણે મારી પાસેથી ઉછીના લઈને આપ્યા હતા.

આજથી ૨૦ વર્ષ પૂર્વે મારા મોટાભાઈ રમણભાઈએ અમારા ગામ સરસાવમાં વરસાદી પાણીના ગામ તળાવમાં સંગ્રહ માટે ખાસ વ્યવસ્થા કરી આપી અને ખરાબ પાણીના નિકાલ માટે ગટર લાઈન નંખાવી આપી હતી, જે આજે પણ કાર્યરત છે. પરિણામે ગ્રામજનોને ચોખ્ખું પાણી મળી રહેછે. આ ઉપરાંત તેમણે ચારેક વર્ષ પૂર્વે ગામની વિવિધ જ્ઞાતિઓ જેમકે પરમાર, ઠાકોર, રબારી વગેરેના જરૂરતમંદ પરિવારોને ૨૫૦ જેટલાં સંડાસ-બાથરૂમ બંધાવી આપ્યાં હતાં. ગામની આરોગ્ય સુખાકારી માટેના આ વિચારો મારા ભાઈના પોતાના હતા અને તેમણે પોતે જ આ યોજના પાછળ ખર્ચ કર્યો હતો. તેઓશ્રી હંમેશાં માણસમાત્રમાં સારું જોવા ટેવાયેલા હતા અને હકારાત્મક અભિગમ ધરાવતા હતા. નિર્મળભાવે જણાવું છું કે અમારા ૪૨ ગોળ સમાજ કે અન્ય સમાજોમાં ઘણા ધનિકો છે, આ પૈકી ઘણા અમેરિકામાં પણ સ્થાયી થયા છે. આ બધા પૈકી ભાગ્યે જ કોઈને રમણભાઈના જેવા વિચારો આવ્યા હશે અને તેનો અમલ કર્યો હશે. હું આશા રાખું અને ઇચ્છું કે મારા ભાઈના પગલે ચાલું અને તેમનાં સત્કાર્યો પૈકી ૧૦% કરી શકીશ તો ધન્યતા અનુભવીશ. અમારો સમગ્ર પરિવાર તેમના માટે વિશેષ આદરની લાગણી ધરાવે છે. તેમનાં સેવાકાર્યોથી અમે ગર્વ અનુભવીએ છીએ.

તેમના વ્યક્તિત્વની એક અન્ય ખાસિયત એ કે તેઓશ્રી અમેરિકાથી વતન આવે ત્યારે પ્રસંગોપાત્ત ગ્રામજનો માટે પ્રીતિભોજનનું આયોજન કરતા અને

તેમાં કોઈ નાત-જાતના ભેદભાવ સિવાય બધા જ ગ્રામજનોને પ્રેમથી નિમંત્રતા હતા. તેમના ફાર્મ હાઉસ ઉપર પણ સગા સ્નેહીજનો-મિત્રોને ભોજન માટે નિમંત્રતા હતા. કોઈ દિન તેમને એકલો જમવાનું હોય તો પણ ૧૦-૧૫ માણસો માટે ભોજન બનાવડાવતા. ઘણીવાર તેમને ફાર્મ હાઉસમાં કોઈ વ્યક્તિ મળવાની ઇચ્છા વ્યક્ત કરે ત્યારે સૌને પ્રેમથી આવકારતા – મળતા અને તેમની સાથે ચર્ચા-વિચારણા કરતા. પ્રસંગોપાત્ત પોતાની કાર આગંતુકોને લેવા અને પરત મુકવા માટે પણ મોકલતા. પોતે કાર વગર ચલાવી લે, પરંતુ કોઈને ગાડીની જરૂરત હોય તો પોતાની કાર પ્રેમથી આપતા અને તે પણ પેટ્રોલની ટાંકી ફુલ કરીને.

રમણભાઈ અમેરિકામાં પણ પ્રમુખની ચૂંટણી કે અન્ય સદ્પ્રવૃત્તિઓમાં દાન-ધર્મ કરતા રહેતા હતા. મારે ગર્વપૂર્વક નોંધવું જોઈએ કે તેમને પ્રેસિડેન્ટ ઓબામા સહિત અમેરિકાના છેલ્લા ચારેય પ્રમુખો – દ્વારા એક યા બીજા કારણોસર મિટિંગો માટે નિમંત્રવામાં આવ્યા હતા, જેના ફોટોગ્રાફ્સ પણ અમારી પાસે છે. રમણભાઈ અમેરિકામાં ઘણાં વર્ષો સુધી લાઈફ ઇન્સ્યોરન્સના ૧૦ શ્રેષ્ઠ એજન્ટો પૈકીના એક બની રહ્યા હતા. પૂ. છગનભા પ્રદત્ત 'કર ભલા હોગા ભલા'નો મંત્ર તેમણે ખરા દિલથી આત્મસાત કર્યો હતો. ભારતમાંથી બિનકાનૂની રીતે (નોન-ઇમિગ્રાન્ટસ) અમેરિકા આવતા લોકો મુશ્કેલીમાં મૂકાય ત્યારે તેમના ફોન આવતાંની સાથે જ તેમને મદદ કરવા માટે તેઓશ્રી ઉપડી જતા અને તેમને છોડાવતા. પોતે ખર્ચેલ રકમ પરત થશે કે કેમ તેમની અપેક્ષા સિવાય મદદ કરતા. આ રીતે ફસાયેલાઓને જેલમાંથી છોડાવતા અને કેટલાકને અમુક સમય સુધી પોતાના નિવાસસ્થાને પણ રાખતા અને તેમની જરૂરિયાતો પૂરી પાડતા હતા. આશ્ચર્ય તો એ છે કે આ પૈકીના કેટલાકના સ્વજનો અમેરિકામાં નિવાસ કરતા હોવા છતાં તેઓ તેમના નોન-ઇમિગ્રાન્ટસ સ્વજનો માટે ફરકતા પણ નહીં ! પણ રમણભાઈ સૌને મદદ કરવા સદાય તત્પર રહેતા !

તેઓશ્રી ભારે પ્રકૃતિપ્રેમી હતા. ફાર્મ હાઉસમાં સુંદર મજાનો પાણીનો ધોધ, નયનરમ્ય બગીચો તથા ચાલવા માટે લાંબી પગદંડી પણ બનાવડાવી હતી. તેમના આર. કે. ફાર્મમાં તેઓશ્રી જાતે જ જાતજાતનાં શાકભાજી અને ફૂલછોડના છોડવા તથા વૃક્ષારોપણનું કાર્ય કરતા હતા. તેમના ફાર્મ ઉપર આવેલા હર કોઈ મહેમાનને જાતે ઉગાડેલાં શાકભાજીની થેલી ભરીને હોંશે હોંશે આપે.

અમે બધા ભાઈઓએ મળીને અમારા પિતાશ્રી 'કચરદાસ બેચરદાસ પટેલ'ની સ્મૃતિમાં વતન સરસાવના ગાંદરે સુંદર મજાનો પ્રવેશદ્વાર (Gate) અને સ્મશાનગૃહ બંધાવી આપ્યાં છે. આ પાછળ રમણભાઈએ ઘણી મોટી રકમ ખર્ચી હતી. તેઓશ્રી હંમેશાં માનવમાત્ર ઉપર વિશ્વાસ રાખતા હતા. અવિશ્વાસ જેવો શબ્દ જ તેમના કોશમાં – જીવનમાં ન હતો. સારા કે ખોટા સૌને તે પ્રેમથી મદદ કરતા હતા. છેલ્લા એક વર્ષમાં તેમણે ઘણી અપરિચિત વ્યક્તિઓને ઘણી મોટી મદદ કરી છે તે હું જાણું છું. અરે ! તેમણે એક જાદુગરને પણ રૂ. ૨૦,૦૦૦/-ની મદદ કરી હતી કે તે જાદુના ખેલ દ્વારા પોતાનો જીવનનિર્વાહ કરી શકે !

તેઓશ્રી માણેકલાલ સાહેબના પણ પ્રીતિપાત્ર હતા. તેમને માણેકલાલ સાહેબ માટે ઘણું માન હતું. હું જોઈ રહ્યો છું કે શ્રી સરદારભાઈ સર્વ વિદ્યાલય માટે – આપણી આ શાળા માટે ભારે પુરુષાર્થ અને ધ્યેયનિષ્ઠા સાથે ઘણું કામ કરી રહ્યા છે. તેઓશ્રી વધુ સારું કરતા રહે તે માટે ઈશ્વર તેમને શક્તિ આપે તેવી પ્રાર્થના કરું છું. ડૉ. કનુભાઈ પ્રત્યે પણ આભારની લાગણી વ્યક્ત કરું છું કે જેમણે અમને મોટી મદદ કરી છે. શ્રી મોહનભાઈ સાહેબને પણ વંદન પાઠવું છું કે જેઓશ્રી હંમેશાં રમણભાઈના માનીતા સાહેબ રહ્યા છે.

અને છેલ્લે પૂર્ણ શ્રદ્ધા અને વિશ્વાસ સાથે વિધાન કરું છું કે હું નથી માનતો કે હવે બીજા આર. કે. પટેલ કે બીજા માણેકલાલ પટેલ સાહેબ થશે !

(email : gopatel@gmail.com)

# એમને "દ્વિતીય કર્ણ" કહું ને...

દિલીપ રૉય

નિર્મળ, પુનિત સ્વભાવની વ્યક્તિઓ નિશ્ચિતપણે પરમાર્થકર્મમાં વિશ્વાસ ધરાવતી હોય છે. પરમાર્થ એટલે કે પરોપકારનો કોઈપણ યોગ્ય અવસર મળે એટલે સચ્ચરિત્ર સ્વભાવની વ્યક્તિ કોઈ પ્રોત્સાહન, પ્રસિદ્ધિનું પ્રલોભન કે અન્યોનાં પ્રબળ દબાણ વિના સ્વેચ્છાએ તેને સ્વીકારી લઈ સ્વતઃ કાર્યરત બની જાય છે. અન્યોનાં દુઃખમાં સહભાગી થવું, નિર્ભેળ સહાનુભૂતિ દાખવવી તથા કોઈ આનંદના પ્રસંગો જોઈ નિષ્પક્ષભાવે પ્રસન્ન થઈ ઊઠવું તે શ્રેષ્ઠ સ્વભાવની વ્યક્તિની પ્રાકૃતિક વિશેષતા હોય છે. માનવજીવનની સફળતા કર્મયોગમાં રહેલી છે. અને તે પણ ફળપ્રાપ્તિની આશા સિવાય જ નિચ્છલભાવે કરવામાં આવે તો ! "કર્મણ્યેવાધિકારસ્તે મા ફલેષુ કદાચન." સ્વ રમણભાઈ (આર.કે. પટેલ)નો કર્મયોગ પરોપકારી નિષ્કામ પ્રકારનો હતો, જે મહાભારતના મહાપરાક્રમી દાનેશ્વરી કર્ણ સમાન નિઃસ્વાર્થી હતો. "પરોપકારાય સતાં વિભૂતયઃ" તે પ્રકારે સ્વ. રમણભાઈ પરમાર્થી કર્તવ્યનિષ્ઠ અને સેવાપરાયણ હતા.

ઉપલબ્ધ સમૃદ્ધિના અનુચિત અપવ્યયને રોકીને તેને કલ્યાણકારી, પરોપકારી કાર્યોમાં જોડવાનું નામ જ સાચી ઉદારતા છે. આપીને કે ઉપકાર કરીને ભૂલી જવું એ ઔદાર્યનું સત્ લક્ષણ છે. સ્વ રમણભાઈનો આ ગુણ યથાર્થમાં પ્રશંસનીય હતો. અહીં ભક્તકવિ નરસિંહ મહેતાની વૈષ્ણવજનની પંક્તિ યાદ આવી જાય... "પર દુઃખે ઉપકાર કરે તો યે મન અભિમાન ન આણે રે..." ઉપરાંત સર્વ વિદ્યાલયના આદ્યસ્થાપક પરમપૂજ્ય સ્વ. છગનભાની ઉક્તિને ચરિતાર્થ કરવામાં તે માનતા હતા. "કર ભલા, હોગા ભલા." એટલે જ તો પોતાના "આર.કે. ફાર્મ"માં પૂજ્ય ગાંધીબાપુની પ્રતિમા સાથે તેમનીયે પ્રતિમા મૂકી છે.

પુણ્યશ્લોક દિવંગત આત્મા સ્વ. રમણભાઈ મારે મન સાચા અર્થમાં વૈષ્ણવજન હતા. આવા સજ્જન અને પરોપકારી વ્યક્તિનું ધન, ઐશ્વર્ય કે વૈભવી આડંબર માટે નહિ, પરંતુ લોકહિત, સમાજના ઉત્કર્ષ, કલ્યાણ અને વિકાસાર્થે હોય છે. સ્વ. રમણભાઈએ પોતાના સરસાવ ગામના સર્વાંગીણ વિકાસ અને ઉન્નતિ માટે દાનનો પ્રવાહ વહેવડાવ્યો. ગામનાં ગરીબ તથા પછાતવર્ગના લોકોની દયનીય કષ્ટમય જીવનપ્રણાલી તથા રહનસહનની તરાહને બદલી નાંખી તેને પ્રગતિના પંથે લઈ ગયા. તેમજ સુવિધાપૂર્ણ બનાવી આપી. ગામનાં સંડાસ-બાથરૂમ વિહોણા ગરીબ-પછાતવર્ગનાં લોકોને આર્થિક સહાયતા કરી ને બનાવડાવી આપ્યાં. ગામનાં વિદ્યાસંકુલને, જાહેર માર્ગો સુધરાવવામાં, ગામનાં મુખ્ય પ્રવેશદ્વારને બનાવવામાં સવિશેષ નાણાકીય અનુદાન આપ્યું. એટલું જ નહિ, પોતાના ગામ સરસાવ સિવાય પણ તેની આસપાસના નાનાં-મોટાં ગામોનેય તેમનાં શૈક્ષણિક વિકાસાર્થે આર્થિક સહાયતા કરી હતી.

સારા, આદર્શ, રચનાત્મક, લોકોપયોગી અને આત્મસંતોષ આપનારાં કાર્યોમાં તેમની સવિશેષ રુચિ હતી. જાહેરમાં પ્રવચન કરવામાં કે અન્ય અર્થહીન વાણીવિલાસમાં માનતા નહોતા. વાતચીતમાં તદ્દન નિખાલસ, નિસ્પૃહી અને પ્રબળ દઢતા વ્યક્ત કરતા તેમજ પ્રામાણિક વર્તન તથા વૈચારિક વિશ્વાસ એ જ તેમની લાક્ષણિકતા હતી. ધાર્મિક આડંબર, ધર્માંધતા કે ધાર્મિક પ્રસંગ-અનુષ્ઠાનના અંધવિશ્વાસ કે નિરર્થક ખર્ચમાં યોગદાન આપવામાં વિશેષ ભાવ નહોતો. આ

અંગે તેમણે ઘણી વાર કહેલું - ''આવા નિરર્થક ધાર્મિક દેખાવમાં આંધળો ખર્ચ કરવા કરતાં, તે નાણાંનો નિજ માતાપિતાની સેવાશુશ્રૂષામાં, નિઃસહાય ગરીબ, પદદલિત લોકોના સહાયતા-સેવાકાર્ય કરવામાં વ્યય કરવામાં આવે તો તે જ સાચી ધર્મસેવા-પ્રભુસેવા છે.'' પોતાના સરસાવ ગામની જેમ જ પોતાની માતૃતુલ્ય વિદ્યાસંસ્થા સર્વ વિદ્યાલય-કડીના ઉત્કર્ષ અને બહુમુખી વિકાસાર્થે પણ પ્રચૂર દાન આપ્યું તેમજ અન્યો પાસેથી અપાવ્યું.

મનુષ્ય આ જગતમાં એક નિશ્ચિત અવધિ લઈને આવે છે. કેટલું લાંબું જીવ્યા તે કરતાં જેટલું જીવ્યા તેમાં જીવન સાર્થક થાય તેવાં કાર્યો કર્યાં કે નહિ તે જરૂરી છે. સ્વ. રમણભાઈ પણ જીવનનો એક અપૂર્ણ ગાળો લઈને આવ્યા પણ પરમાર્થીજીવ તરીકે સાચા અર્થમાં પ્રશસ્ય જીવન જીવી ગયા. સ્વજનો, ગામલોકો તથા પરિચિત લોકહૈયે ઉદારચરિત, પ્રેમાળ, મિલનસાર વ્યક્તિ તરીકેની અમીટ છબી અંકિત કરતા ગયા. પોતાના આર. કે. ફાર્મહાઉસ ખાતે ઘણાં સહૃદયીજનો, સ્વજનો, મિત્રોને આવકારી સ્નેહમિલનો યોજતા. સૌને ઉમળકાભેર હાર્દિક આવકાર એ તેમનો આગવો અભિગમ હતો. જો કે તેમના પરિવારજનોને, પરિચિતજનોને તેમની ઊણપ અવિરત સાલશે જ.

સ્વ. રમણભાઈ મારા તો પ્રિય વિદ્યાર્થી હતા. ખૂબ લાગણીશીલ, અત્યંત નિકટના સ્વજન સમાન હતા. તેમને પ્રારંભે જ્યારે અમેરિકા જવાનું થયું તે પહેલાં તેમના વડીલબંધુ ડૉ. સી. કે. પટેલે તેમની મને ભલામણ કરેલી કે... રમણને હવે પછીના સ્વદેશાગમન વખતે તેને મારે અમેરિકા સાથે લઈ જવાનો છે, માટે તેને અંગ્રેજી શીખવજો... તે પછી તો તે મારે ત્યાં નિયમિત આવતા થયા. તે સમયે બસ-વ્યવહાર ખૂબ મર્યાદિત હતો, ત્યારે મેં તેમની તથા અન્ય વિદ્યાર્થીઓની સાથે ચાલતા જઈ તેમનાં ગામ સરસાવની અવારનવાર મુલાકાત લીધી હતી. પછી તો એટલો તો પ્રેમભાવ વધ્યો હતો કે જ્યારે પણ સ્વદેશ આવે ત્યારે મારે ત્યાં અમેરિકા વસતા સરસાવ, ઊંટવા, જાસલપુર વગેરે ગામોના અન્ય પૂર્વ વિદ્યાર્થીઓને સાથે લઈને અચૂક આવે અને ભાવથી મળે. મારા સહિત અન્ય ઘણાં આર્થિક રીતે વિટંબણાગ્રસ્ત લોકોને યથાશક્તિ ખૂબ જ સહાયતા કરી છે, એ ઋણ અમે સૌ શી રીતે ભૂલી શકીએ ? તેમને મારી જેમ અમારી શૈક્ષણિક માતૃસંસ્થા સર્વ વિદ્યાલયના પૂર્વ આચાર્યોમાં સ્વ. નાથાભાઈ દેસાઈસાહેબ, પૂજ્ય મોહનભાઈ સાહેબ તથા તે સમયના અન્ય તેમના પ્રિય શિક્ષકો માટે ભારોભાર હાર્દિક લાગણી તથા પ્રેમભક્તિભાવ હતો. કડીની અમારી સાહિત્યપ્રવૃત્તિને વેગવંતી બનાવવા શ્રી મોહનલાલ પટેલ સાહિત્યવર્તુળ-કડીને પ્રોત્સાહનરૂપે પ્રશસ્ય કહી શકાય તેવું માતબર અનુદાન આપેલું. પૂજ્ય મોહનભાઈ સાહેબ તથા આદરણીય સ્વ. માણેકલાલ એમ. પટેલ સાહેબ, સર્વ વિદ્યાલય સંસ્થા માટે દાન સંગ્રહ કરવા અમેરિકા જતા ત્યારે સ્વ. રમણભાઈનું ભરપૂર આતિથ્ય માણતા તેમજ દાનપ્રાપ્તિ માટે તેઓ અકથ્ય, અકલ્પ્ય સહકાર અને યોગદાન આપતા. તે સમયે તેમને મારી તો યાદ દેવડાવતા જ.

સ્વ. રમણભાઈ અત્યંત સંવેદનશીલ, સહૃદયી અને દિલદાર હતા. મેં કદી તેમની વ્યાવસાયિક કારકિર્દી અંગે પૃચ્છા કરી નહોતી. છતાં તેમણે વિદેશમાં લાઈફ ઇન્સ્યોરન્સ કંપની તથા સ્વદેશમાં રિયલ એસ્ટેટ-જમીન લે-વેચના વ્યવસાયની વાત કરી હતી. તેમાં ખૂબ કમાયેલા તેવું જણાવેલું. ભગવાને મને ઘણું આપ્યું છે અને તે હું સૌને આપું છું. એવી અલગારી ઉદારતા હતી. તેમના સ્વભાવની અંતરંગતા, પારિવારિક સ્વજન જેવી ભાવસભર આત્મીયતા, સૌજન્યશીલતા, સદ્‌ભાવ તથા સાહજિક સહાનુભૂતિપૂર્ણ વ્યવહાર કદીયે ભૂલી શકાય તેમ નથી. મને તો તેમની ચિર વિદાયથી મારા જીવનમાં એક જબરદસ્ત ખાલીપો સર્જાયો છે જે કદી પૂરી શકાય તેમ નથી. તેમના સદાય સ્મિતે મઢ્યા ચહેરાનો તે પ્રફુલ્લભાવ સતત યાદ આવ્યા કરે છે. પ્રભુના ધામમાં પણ તેમની આ બધી જ સુભગ વિલક્ષણતાઓ સૌ દૈવી વિભૂતિઓને સદાને માટે યાદ રહેશે તેમજ પ્રિય થઈ પડશે જ એ નિઃસંદેહ છે.

(બી/૧૯, ઉત્સવ સોસાયટી, સર્વ વિદ્યાલયની પાછળ, સુજાતપુરા રોડ, કડી-૩૮૨૭૧૫ મો. ૭૮૭૪૬૧૪૮૦૫)

# ગરીબોના બેલી... અનાથોના નાથ...

અરવિંદ રાઠોડ

શ્રી રમણભાઈ ! આર. કે. પટેલ ! આર. કે. પટેલ હતા એ શબ્દો બોલતાં બોલતાં હૈયું ભરાઈ આવે છે. મને તો આજે પણ એમ લાગે છે કે એ હયાત છે. આપણી વચ્ચે છે. રમણભાઈ મારા એક એવા અંગત મિત્ર હતા કે જેને આપણે કહીએ કે Friend, Philosopher and Guide. મારાથી ભલે ઉંમરમાં નાના હતા, પણ મેં એમને હંમેશાં એક વડીલ તરીકે, એક પૂજ્ય તરીકે મે માન્યા છે. અને હંમેશાં એમણે જે કહ્યું તે મેં કર્યું છે. રમણભાઈ જેવા મિત્રો મળે એ ઈશ્વરની એક દેન છે, તમારું ઈશ્વર પાસે કંઈ લ્હેણું હોય ત્યારે રમણભાઈ જેવા મિત્ર મળે. કહેવાય છે કે મિત્ર એક એવો હોવો જોઈએ કે પડછાયા જેવો કે જે હંમેશાં સાથે રહે અને અરીસા જેવો હોવો જોઈએ. કારણ કે અરીસો ક્યારેય જૂઠું નથી બોલતો. રમણભાઈ એવા એક મિત્ર હતા મારા. તેમની સાથેના મારા અનેક પ્રસંગો છે. અગર કહેવા હું ધારું, લખવા ધારું તો પુસ્તક લખાય એવું છે. પણ વિધિની - ઈશ્વરની જેવી મરજી હતી એમ આપણી સાથે થયું. રમણભાઈ આજે આપણી વચ્ચે નથી. રમણભાઈની સાથે મારે ૧૯૭૪ની સાલથી મિત્રતા હતી. હું જ્યારે ફિલ્મ કલાકાર બન્યો - ગુજરાતી ફિલ્મ ઇન્ડસ્ટ્રીઝમાં પ્રવેશ્યો ત્યારથી એ જ્યારે અમેરિકાથી આવતા હું તેમને મળવા જતો, તેમની સાથે રહેતો, સરસાવ-કડી એમના ગામ જતો, લગ્નપ્રસંગે જતો અને મને જે રીતે પ્રેક્ષક સમુદાય મળીને પ્રેમ કરતા હતા તેનો આનંદ મને જે હોય તેના કરતાં તેનો વિશેષ આનંદ રમણભાઈને રહ્યો છે. ૧૯૯૨ની સાલથી હું દર વર્ષે રમણભાઈની પાસે અમેરિકા જતો હતો. ૧૯૭૪થી ૧૯૯૨નો જે સમય હતો તે વચ્ચે ક્યારેય અમેરિકા જવાનો મને મોકો મળ્યો નથી. મને એટલા માટે મોકો મળ્યો કે 'બા રિટાયર્ડ થાય છે' એ નાટક ગુજરાતી રંગભૂમિ ઉપર એક લેન્ડમાર્ક - સીમાચિહ્ન થઈ ગયું. તેના ૫૦૦ શો થઈ ગયા. એ નાટક રમણભાઈએ અહીં જોયું અને મને કહ્યું કે આ નાટક આપણે અમેરિકા લઈ જવું છે. તે નાટકમાં પદ્મારાણી પણ હતાં. અમે આ નાટક લઈને અમેરિકા ગયાં. અમેરિકામાં બીજા ત્રણ પાર્ટનરો હતા. એમની સાથે કિશોર કામદાર, કિરીટભાઈ અને અમદાવાદના જ્યેન્દ્ર પટેલ. આ નાટક તો એમણે મારા માટે કર્યું કે મને બે પૈસા મળે ! તે કોઈને મદદ કરે તો કોઈને કહેતા ન હતા. એમની મદદ, એમની લાગણી, એમનો પ્રેમ એ વ્યક્ત ન કરી શકે પણ અંદરથી એની ઇચ્છા થાય ત્યારે માણસ માટે મરી પીટે. અને મારી સાથે હંમેશાં એ બન્યું છે. અમે એ નાટક લઈને અમેરિકા ગયા ત્યારે મને પણ અમેરિકા પહેલીવાર જોવાનો મોકો મળ્યો. નાટક બહુ સારું ગયું. ૧૯-૨૦ શો અમે અમેરિકામાં કર્યા. કેનેડા અને લંડનમાં પણ એ નાટકના અનેક શો થયા. પણ કેનેડા અને લંડનની અંદર બીજા ઓર્ગેનાઈઝર હતા - બીજા લોકોએ શો સ્પોન્સર કરેલા હતા. પણ એ નાટક પત્યા પછી હું અને રમણભાઈ એક મહિનો સાથે રહ્યા. એક મહિનો અમે ગાડી લઈને આખું અમેરિકા ફર્યા. રમણભાઈને સૌ ઓળખે. કારણ કે તેઓ ન્યુયોર્ક લાઈફ સાથે કનેક્ટેડ હતા. ન્યુયોર્ક લાઈફના એ મેઈન એજન્ટ હતા. એમનું જે સર્કલ હતું - એમના જે કસ્ટમર હતા - જે મિત્રો હતા તે લાંબે લાંબે અંતરે આખા અમેરિકામાં હતા. મને આ બધી જગ્યાએ લઈને ગયા અને જ્યાં જ્યાં અમે ગયા ત્યાં ત્યાં મને ઓળખીને બધા કહે કે આ

અરવિંદ રાઠોડ છે તો મને જેટલી ખુશી હોય, તેના કરતાં મને લોકો ઓળખે એની રમણભાઈને ખુશી વધારે રહી છે. મારી પ્રગતિમાં રમણભાઈ હંમેશાં રાજી જ રહ્યા છે. રમણભાઈ માટે એટલું જ કહી શકું કે એ ગરીબોના બેલી, અનાથોના નાથ અને ગરીબ લોકોને એ રીતે મદદ કરે એ કોઈની પણ તકલીફ એ જોઈ નથી શક્યા. તેમના જેવા માણસો આ જગતમાં થવા બહુ મુશ્કેલ છે - રમણભાઈ જેવા માણસો ન થાય, ન થઈ શકે. તેમને વિદ્યા માટે પણ એટલું જ માન હતું. કારણ કે પોતે જ્યારે સરસાવ અને કડીની સ્કૂલોમાંથી ભણીને અમેરિકા ગયા ત્યારે કડીની વિદ્યાલય માટે એટલું બધું માન હતું કે તમે આજે જુઓ તો સૌથી મોટામાં મોટું ડોનેશન કડી સ્કૂલને તેમણે આપેલું છે અને કોઈપણ છોકરાઓ ન ભણતા હોય અથવા તો કોઈ હોશિયાર હોય અને તેને ભણવા માટે પૈસાની તકલીફ હોય તો એવા એવા છોકરાઓને ભણાવ્યા છે. આપણને તેની કદાચ ખબર નથી - કલ્પના સુધ્ધાં પણ નથી. પરંતુ તે માણસોએ મોટા બની ગયા પછી રમણભાઈની પાસે આવીને કીધું છે કે - મારી નજર સમક્ષ મેં સાંભળ્યા કે સાહેબ તમે મને ભણાવ્યો હતો અને અત્યારે હું અમુક જગ્યા ઉપર છું. હું આ છું. રમણભાઈ આવા હતા. તેમની સાથેના મારા ઘણાય પ્રસંગો છે પણ હમણાંનો છેલ્લો એક પ્રસંગ કહું છું. હમણાં માર્ચ મહિનામાં ૨૦૧૩ની ૯મી તારીખે શિવરાત્રી ગઈ. તેના બે-ત્રણ દિવસ પૂર્વે હું અમદાવાદ હતો. મારું શુટીંગ હતું. શુટીંગ પત્યા પછી રમણભાઈએ કહ્યું કે મારે શિવરાત્રીમાં ભાવનાથના મેળામાં જવું છે. મેં નાગાબાવાઓ – દિગંબર સાધુઓ વિશે ઘણું સાંભળ્યું છે. ભવનાથના મેળામાં મહાશિવરાત્રીના દિવસે એમની જે રાવઠી નીકળે છે તે જોવા માટે આ વખતે જવાની ઇચ્છા છે. રમણભાઈ ઈશ્વરમાં માનતા ન હતા એમ હું ન કહી શકું. પ્રભુપ્રત્યેની એમની આસ્થા, એમની ભક્તિ, એમની પૂજા એ એક અલગ વાત હતી. રમણભાઈએ કદી એમ નથી કીધું કે મારે મંદિરે જઉં છે, પણ જો તમે મંદિરમાં જતા હોય તો તમારી સાથે આવે. એ કોઈ દિવસ રોકે નહીં. તમે ઉપવાસ કરો, વાર-તહેવાર કરો, રમણભાઈને એનું કોઈ મનમાં ન હતું. પણ રમણભાઈએ કોઈ દિવસે સામેથી વ્યક્ત કર્યું હોય કે મારે આ જગ્યાએ જવું છે, એવો આ પહેલો પ્રસંગ મારા જીવનમાં બન્યો – જ્યારથી મારી એમની સાથે દોસ્તી હતી ત્યારથી. મારે ભવનાથના મેળામાં શિવરાત્રીના દિવસે જવું છે એ સાંભળીને મેં કહ્યું કે ભવનાથના મેળામાં ૧૦ લાખ માણસો હશે. રમણભાઈ બોલ્યા કે ભલે ગમે તે હોય પણ થતું હોય તો આપણી પૂરેપૂરી ઇચ્છા છે. મેં એક ફિલ્મ કલાકાર તરીકે મારા જે સંબંધો હતા તેનો પૂરેપૂરો ઉપયોગ કર્યો. મારા એક મિત્ર એમ.ડી. માજરિયા રાજકોટમાં છે. તેઓ ડેપ્યૂટી કલેક્ટરની પોસ્ટ ઉપર હતા અને અત્યારે તો એ રિટાયર્ડ થઈ ગયા છે. એમને મેં વાત કરી. તેમણે કહ્યું કે જૂનાગઢમાં તપાસ કરીને હું આપને જણાવું છું. એમણે જૂનાગઢમાં સરકારી લેવલે બધી તપાસ કરી અને તેના જે ડીવાયએસપી હતા તે માજરિયા બાપુના મિત્ર હતા. એમણે અમારા માટે સગવડતા કરી આપી. કારણ કે ફિલ્મ કલાકાર તરીકે અમને મુશ્કેલી ન પડે, લોકોને હેરાનગતિ ન થાય. એટલે મને એ પ્રમાણે સરકારી વ્યવસ્થા કરી આપી અને જૂનાગઢના મેળામાં અમને છેક પહોંચાડ્યા. જ્યારે અમે મેળામાં પહોંચ્યા ત્યારે ત્યાં ટી.વી. મીડિયાવાળા લોકો હતા. એ લોકોને ખબર પડી ગઈ કે હું આવ્યો છું, ત્યારે એ લાઇવ ટેલિકાસ્ટ જેવું થયું. બધી જગ્યાએ અલગ અલગ ચેનલોમાં લાઇવ ઇન્ટરવ્યૂ થયાં. એ રાવઠીને નીકળવાની અડધો-પોણો કલાક વાર હતી – સાડાનવનો ટાઇમ. મંદિર તો બંધ થઈ જાય ભવનાથનું. રમણભાઈ મને કહે કે દર્શન કરવાં છે. આપ નહીં માનો, દાદાનો હુકમ હશે. એમના માટે મંદિર ખોલાવડાવ્યું, મંદિરમાં દર્શન કર્યાં રમણભાઈએ અને મેં. એમને શંકર ભગવાનની આગળ જે ભાવવિભોર જોયા છે – તેમની આંખોમાં દડદડ આંસુ સારતા મેં જોયા છે. અને જ્યારે નાગાબાવાઓની રાવઠી – એમનું સરઘસ જોયું, એ લોકોના દાવપેચ જોયા, એક એક સાધુ-સંતોને જોયા એમાં મને કોઈ અલૌકિક રમણભાઈ જોવા મળ્યા. રમણભાઈ કોઈક બીજા જ જગતમાં ચાલી ગયેલા,

એક બીજી જ દુનિયામાં ચાલી ગયેલા, એક બીજા લોકમાં ચાલી ગયેલા એવું મને રમણભાઈના ચહેરા ઉપરથી દેખાયું. અને અમે જ્યારે જૂનાગઢથી નીકળ્યા ત્યારે મારો હાથ પકડીને મને એટલું જ કહ્યું કે અરવિંદભાઈ આ અનુભૂતિ મને જે આજે થઈ છે, આ પ્રસંગ મને જે જોવા મળ્યો, તે આ જિંદગીમાં ક્યારેય ભુલાય એવો નથી – અવિસ્મરણીય છે. મારી જિંદગીનો આ પ્રસંગ મને હંમેશાં યાદ રહેશે, કારણ કે આ એક એવી જગ્યા તમે બતાવી કે મેં આ વિશે ખાલી વાંચેલું જ હતું – સપનાં જ હતાં મારાં, જે આજે સાકાર થયાં. મને શું ખબર કે આ રમણભાઈની જિંદગીનો છેલ્લો પ્રસંગ હશે. માર્ચ મહિનામાં ૯મી પછી અમે પાછા આવ્યા. હું મુંબઈ આવ્યો અને અત્યારે ખબર પડી કે રમણભાઈ આ દુનિયામાં નથી રહ્યા ! રમણભાઈ ખરેખર આપણી વચ્ચેથી ચાલી ગયા એ બહુ દુઃખની વાત છે. એમને ઘણાં કામ લોકો માટે કરવાં હતાં – પોતાના માટે – ફેમિલી માટે. અને એમની આ ઉંમર ન હતી જવાની. કહેવાય છે કે ઈશ્વરની આગળ કોઈનું શું ચાલે ! જન્મ, મરણ અને લગ્ન એ ઈશ્વરે હંમેશાં પોતાની પાસે રાખ્યાં છે. પણ રમણભાઈના આત્માને હંમેશાં શાંતિ મળે. એ જ્યાં હોય ત્યાંથી આપણા ઉપર અમીદૃષ્ટિ રાખે, એમના આશીર્વાદ હંમેશાં આપણને મળે અને આપણા કરતાં એમનાં ફેમિલી મેમ્બર એમનાં પત્ની અંજનાભાભી, એમનો દીકરો રીકી, અનિતા, ચિરાગ, ચિરાગની બહેન કે જેનું નામ મને ખબર નથી તેને હું મોટી અનિતા કહીને બોલાવીશ. એ દરેકને ઈશ્વર દુઃખ સહન કરવાની શક્તિ આપે. સાથે સાથે એમના બ્રધર અશ્વિનભાઈ, એમનો ભત્રીજો અનુપમ એ દરેકે દરેક ફેમિલી મેમ્બરને પ્રભુ દુઃખ સહન કરવાની શક્તિ આપે એવી મારી પ્રાર્થના છે. રમણભાઈ જ્યાં હોય ત્યાં આપના આત્માને શાંતિ મળે એવી મારી દિલની, અંતરની ઈશ્વરને પ્રાર્થના છે.

(૬૬, મિસ્ત્રી પાર્ક, ૭૨ વોર્ડન રોડ, અમેરિકન
કોન્સ્યુલેટ સામે, મુંબઈ-૪૦૦૦૨૬ મો. ૦૯૮૨૦૧૯૪૫૫૫)

## છે કોઈ વીરલો ?

તમામ સંપત્તિ પેદા થાય છે માત્ર મહેનતમાંથી. આપણે બધા મહેનત ઓછી કરીએ, કામ ઓછું કરીએ અને છતાં રાષ્ટ્રનું ઉત્પાદન વધે, એટલે કે રાષ્ટ્રની સંપત્તિ વધે, તે તો અશક્ય છે.

કરોડો ભારતવાસીઓને પડકારીને વધારે પરિશ્રમ કરવાની પ્રેરણા કઈ રીતે આપી શકાય ? જાતે વધુ આપવાની અને બદલામાં ઓછું માગવાની ચાનક એ કરોડોને શી રીતે ચડાવી શકાય ? એવો કોઈ માનવી છે ખરો, જે રાષ્ટ્રને સત્ય સંભળાવે ? પોતાનો જ સ્વાર્થ, પોતાની જ ભીરુતા આપણા રાષ્ટ્રની કૂચની આડે આવે છે, એવું કહેનારો છે કોઈ વીરલો ?

**રાજમોહન ગાંધી**

## મારો દેશ

"મારામાં લોભ છે, હું દેશને માટે લોભ કરીશ. મારામાં ક્રોધ છે, હું દેશને માટે ક્રોધ કરીશ. મારામાં મોહ છે, મારા દેશ માટે હું મુગ્ધ બનીશ."

"તમે દેશને દેવ મનાવીને અન્યાયને કર્તવ્ય તરીકે અને અધર્મને પુણ્ય તરીકે ચલાવી દેવા ઇચ્છો છો. દેશથી પણ ઉચ્ચ સ્થાને ધર્મ રહેલો છે એમ જેઓ માનતા નથી, તેઓ દેશને પણ માનતા નથી. મારામાં જે કાંઈ મલિન છે, તે હું મારા દેશને નહીં આપું, નહીં આપું, નહીં આપું !"

**રવીન્દ્રનાથ ઠાકુર**

[નવલકથા 'ઘરે-બાહિરે'નાં બે મુખ્ય પાત્રો વિમલા અને નિખિલ વચ્ચેના સંવાદમાંથી]

# રમણભાઈ પટેલ : જીવન ઝરમર

ગાંડાલાલ કે. પટેલ

સ્વ. આર. કે. પટેલ (પટેલ રમણભાઈ કચરદાસ બેચરદાસ)નો સરસાવ, તા. કડી જિ. મહેસાણા, ઉત્તર ગુજરાતમાં તારીખ ૦૧-૧૨-૧૯૫૧ના રોજ જન્મ. સરસાવ ગામના નામનો પ્રત્યેક અક્ષર નવચેતનના સંચારનો સંત્રી છે, જેમ કે :

સ - સરળ, સાહજિક, સમૃદ્ધ

ર - રમણીય, રસીલું, રસાતળ

સા - સાહસિક,

વ - વસુધૈવ કુટુંબકમ્ ભાવનાવાળું

આ ગામ - કડીથી ૬ કિ.મી. દૂર તથા મહેસાણાથી ૩૨ કિ.મી. દૂર પાકા રસ્તાથી જોડાયેલું છે. ગામની વસ્તી ૪૦૦૦ની છે. ગામમાં પ્રાથમિક શાળા તથા શ્રીમતી એમ.એ.સી. પટેલ સિદ્ધેશ્વરી વિદ્યાલય (મા.વિ.) તથા ગામની ભાગોળે પાંચ શિખરીયા 'મા' વેરાઈનું રળિયામણું મંદિર છે. આ ઉપરાંત સિદ્ધેશ્વરી માતાનું અને બ્રહ્માણી માતાનું મંદિર તથા સ્વ. કચરદાસ બેચરદાસ પટેલની સ્મૃતિમાં સ્વ. આર. કે. પટેલે બંધાવેલ ભવ્ય પ્રવેશદ્વાર, સ્વ. કાળીદાસ મંગળદાસ પટેલ પ્રાર્થના હૉલ તથા શ્રીમતી સી. રા. મો. પટેલ સિદ્ધેશ્વરી વિદ્યાલય (પ્રા.વિ.) ગામની શોભામાં અભિવૃદ્ધિ કરી રહ્યાં છે. ગામમાં દરેક સુવિધાઓ ઉપલબ્ધ છે જેવી કે પાણી, રસ્તા, શિક્ષણ, આરોગ્ય, વેપાર, દૂધ ડેરી વગેરે. ગામમાં દરેક જાતિ-જેવી કે પટેલ, પ્રજાપતિ, રબારી, ઠાકોર, દરબાર, હરિજન, દંતાણી, બ્રાહ્મણ, બજાણિયા, નાયી, સુથાર, ગોસ્વામી, રાવળ વગેરે વસુધૈવકુટુંબકમની ભાવનાથી પોતાના પરિવાર સાથે આનંદથી જીવન વ્યતીત કરે છે. ગામના યુવાધનમાં પટેલ પરિવારમાંથી મોટા ભાગના U.S.A. તેમજ અન્ય દેશોમાં વસવાટ કરી ત્યાં સ્થાયી થયા છે. ગામમાંથી પરદેશની ભૂમિ ઉપર પ્રથમ જનાર સ્વ. આર. કે. પટેલના વડીલ બંધુ શ્રી સી. કે. પટેલ છે. તેઓ વર્ષ ૧૯૫૯માં U.S.A. ગયા હતા. તેઓ સર્વ વિદ્યાલય હાઈસ્કૂલમાં શિક્ષક હતા. તેમને અમેરિકા જવા માટે સર્વ વિદ્યાલયે અને ગામે પણ આર્થિક સહાય કરેલી. હાલમાં સ્વ. આર. કે. પટેલના બધા ભાઈઓ U.S.A.માં સ્થાયી થયા છે. ગામ ગાયકવાડી રાજ્ય વખતથી શિક્ષણની લગનીવાળું છે. તે વખતે વિદ્યાર્થીઓ અભ્યાસ માટે સરસાવથી ચાલીને સર્વ વિદ્યાલય, કડી જતા હતા.

આવા સુંદર અને રમણીય ગામમાં સ્વ. આર. કે. પટેલનો જન્મ સ્વ. પિતા કચરદાસ તથા સ્વ. માતા કુંવરબાની કૂખે થયો હતો. પિતા કૃષિ કર્મ કરતા હતા. પિતાની આર્થિક સ્થિતિ ખૂબ જ સામાન્ય હતી. તે વખતે જીવનનિર્વાહ માટે ખેતી તેમજ પશુઉછેર સિવાય બીજો કોઈ આર્થિક સહયોગ ન હતો. તેવી સ્થિતિમાં પણ સ્વ. આર. કે. પટેલનાં માતા-પિતાએ ખૂબ જ કઠિન પરિશ્રમ કરીને ૫ (પાંચ) ભાઈઓ અને ૨ (બે) બહેનોને પ્રાથમિકથી કૉલેજ સુધીનું શિક્ષણ આપતાં તેના ફળ સ્વરૂપે આજે સ્વ. આર. કે. પટેલનાં બધા ભાઈ-બહેનો અમેરિકામાં વ્યવસ્થિત બિઝનેસ કરે છે.

સ્વ. આર. કે. પટેલ બાલ્યવસ્થાથી ખૂબ જ હોશિયાર હતા. તેમને દરેક જાતિના મિત્રો હતા. અને દરેક મિત્રો સાથે સારી રીતે ભળી જતા. તેમણે સંભવત : ધો. ૧નો અભ્યાસ કડીમાં પોતાના મોટા સી. કે. પટેલની પાસે રહીને કરેલો, જ્યારે ધો.૨ થી ૪ સુધી સરસાવની પ્રાથમિક શાળામાં તા. ૧૦-૬-૧૯૫૮થી તા. ૧૬-૬-૧૯૬૧ સુધી અભ્યાસ કર્યો હતો. ત્યારબાદ ધો.૫ થી ૮ સુધીનું શિક્ષણ તેમણે સરસાવથી ૩ કિ.મી. દૂર આવેલ જાસલપુરની શાળામાં લીધું.

ત્યારબાદ સર્વ વિદ્યાલય હાઈસ્કૂલમાં (જ.ર.નં. ૮૮૪૭) તારીખ ૨૦મી જૂન ૧૯૬૪થી ધોરણ ૮થી મેટ્રિક સુધી તારીખ ૧૯-૭-૬૮ સુધી અભ્યાસ કર્યો હતો. તેઓશ્રી અભ્યાસમાં ખૂબ જ તેજસ્વી પ્રતિભા ધરાવતા હતા. તે વખતના તેમના શિક્ષકો પણ તેમના વિદ્યા-અભ્યાસથી ખૂબ જ પ્રશંસા કરતા હતા. ત્યારપછી કૉલેજ અભ્યાસ સંબંધી માહિતી પ્રાપ્ત થઈ શકી નથી તેથી તેનો ઉલ્લેખ અહીં કરી શકાયો નથી. તેઓ ૧૯૬૯માં અમેરિકા ગયા અને ત્યાં અભ્યાસ કરી ૨(બે) વર્ષ બાદ જર્મની ગયા અને ત્યાં મિલિટરિમાં સર્વિસ કરી ત્યાં અનુકૂળતા ન આવતાં ત્યાંથી અમેરિકા પરત આવ્યા અને ત્યાં પ્રારંભમાં જોન હીકકોંગ Insuranceમાં સેવાઓ આપી અને ત્યારબાદ તેને છોડીને The New York Life Insuranceમાં જોડાયા હતા. તેમણે આ ક્ષેત્રમાં ખૂબ જ પ્રમાણિકતા તેમજ પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી હતી. અને તેઓ અમેરિકામાં કોઈપણ વ્યક્તિને આર્થિક, સામાજિક તેમજ ન્યાયક્ષેત્રમાં પડતી મુશ્કેલી સ્વખર્ચ દૂર કરી આપતા હતા.

પરિણામે સમગ્ર અમેરિકામાં આર. કે. પટેલના હુલામણા નામથી ખ્યાતિ પ્રાપ્ત કરી હતી. તેઓશ્રી અંજનાબહેન સાથે લગ્નગ્રંથિથી જોડાયા. અંજનાબહેને કૉલેજ સુધીનું શિક્ષણ લીધું હતું. તેમનું પિયર નારદીપુર, તા. કલોલ, જિ. ગાંધીનગરમાં. પિતા રતિલાલ વર્ષોથી મુંબઈમાં રહીને વેપાર કરે છે. લગ્નજીવનમાં સ્વ. આર. કે. પટેલને બે પુત્રો તથા બે પુત્રીઓ છે. પુત્રો પિતાનો વ્યવસાય સંભાળે છે. પુત્રીઓ અભ્યાસ કરે છે. આર. કે. પટેલ છેલ્લાં ૧૦ વર્ષથી ભારત-અમેરિકા આવન-જાવન કરતા હતા. અહીં ભારતમાં પણ પોતાનું સુંદર ફાર્મ હાઉસ, જાસપુર તા. કલોલ, જિ. ગાંધીનગરમાં લીલાપુર રોડ પર બનાવેલ છે. અને ત્યાં મોટા ભાગનો સમય મિત્રો, સ્નેહીઓ-સંબંધીઓ સાથે વ્યતીત કરતા હતા. અને ગમે તેને કોઈપણ આર્થિક, સામાજિક મુશ્કેલીઓ હોય તો તેનો વ્યવહારિક ઉકેલ લાવતા અને દરેકને ખૂબ જ ઉપયોગી થતા.

સ્વ. આર. કે. પટેલ ખૂબ જ પ્રમાણિક, સેવા પરાયણ બીજાના સુખમાં પોતાનું સુખ અને બીજાના આનંદમાં પોતે આનંદિત થતા. સ્વ. આર. કે. પટેલ સર્વ વિદ્યાલયના વિદ્યાર્થી હોઈ સર્વ વિદ્યાલયનું ઋણ અદા કરવા આજીવન તત્પર રહ્યા હતા. તેઓ સંસ્થાના એક અદના કાર્યકર હતા. સ્વ. માણેકલાલ સાહેબના ખૂબ જ વિશ્વાસુ હતા. સર્વ વિદ્યાલયને મોટું દાન આપી મદદકર્તા થયા છે અને અમેરિકામાં મોટું દાન એકઠું કરી આપવામાં સ્વ. આર. કે. પટેલનો મુખ્ય ફાળો રહ્યો છે. સરસાવ માટે પણ પોતે તથા અમેરિકામાં વસતા સરસાવના ભાઈઓ પાસેથી દાન મેળવીને ગામમાં શૌચાલય, હાઈસ્કૂલમાં કમ્પ્યૂટર હૉલ તથા રંગરોગાન તેમજ શાળા પ્રવાસમાં બાળકોને આર્થિક મદદ કરી તેમજ આજુબાજુના ગામ ઊંટવા, માથાસુર, આખજ, સાલડી, પલિયડ વગેરે ગામોમાં પોતાનો બીજો હાથ ન જાણે તે રીતે ગુપ્તદાન કરેલ છે. એ હંમેશાં બીજાની મુશ્કેલી કેવી રીતે ટાળી શકાય તેની ચિંતા કરતા હતા.

આવા ઉમદા દાનેશ્વરી તેમજ દુઃખિયાના બેલી અને તારણહાર સ્વ. આર. કે. પટેલ તારીખ ૩-૫-૨૦૧૩ના રોજ પોતાના ફાર્મ હાઉસમાં પોતાનો પાર્થિવ દેહ છોડીને આ દુનિયાને અલવિદા કરીને બહોળા પરિવાર, મિત્રો, સ્નેહી-સંબંધીઓ અને પરિવારને ખૂબ જ વિલાપ કરતા મૂકીને પ્રભુના પ્યારા થયા. એવા સ્વ. આર. કે. પટેલને જેટલી શ્રદ્ધાંજલિ આપીએ એટલી ઓછી છે. પ્રભુને અંતરથી પ્રાર્થના કરીએ કે આવા દિવ્ય આત્માને ખૂબ જ શાંતિ આપે અને તેમનો અક્ષરધામમાં વાસ થાય અને તેમના પરિવાર ઉપર જે દુઃખ આવી પડ્યું છે તે સહન કરવાની શક્તિ આપે અને તેમનો પરિવાર ખૂબ જ શાંતિમય જીવન વ્યતીત કરે એવી પ્રભુને પ્રાર્થના.

છેલ્લે,

**'જનની જણ તો ભક્ત જણ કાં દાતા કાં શૂરવીર**
**નહિ તો રહેજે વાંઝણી મત ગુમાવીશ નૂર.'**

આવા સ્વ. દાતા, સ્નેહી, મિત્ર અને પરમસ્નેહીને મારા અંતરની ખૂબ ખૂબ શ્રદ્ધાંજલિ.

(૫, ડૉક્ટર સોસાયટી, કરુણનગર રોડ, કડી.
મો. ૯૯૯૮૮૧૫૨૩૪
પ્રમુખશ્રી સર્વોદય મંડળ, સરસાવ)

# માએ ટેલિવિઝન બંધ કરીને અમને...

બેન કાર્સન (અનુ૦ સંજય ભાવે)

૧૯૬૧ની સાલ હતી. હું પાંચમા ધોરણમાં ભણતો હતો. પરીક્ષાનું મારું પરિણામ ખૂબ ખરાબ હતું. પણ તે અંગે ચિંતા કરવા જેટલો હું સમજણો થયો ન હતો.

અમારા પિતાજીનું વર્ષો પહેલાં અવસાન થયું હતું. મારો ભાઈ કર્ટિસ અને હું અમારી મા સાથે અમેરિકાના ડેટ્રૉઇટ શહેરના પછાત વિસ્તારમાં રહેતાં હતાં. અમારું ઘર સંકડાશવાળું, ખાસ સરસામાન વિનાનું અને છતાં ચોખ્ખું હતું. વળી ડાઇનિંગ ટેબલ પર હંમેશાં ખાવાનું પણ મૂકેલું રહેતું. મારી અને મારા ભાઈની વાત કરું તો, પોતાની જાતને સલામતીની લાગણી આપનારી એક નિર્દોષ બાલસહજ અભાનતા અમારામાં પણ હતી. એટલે ત્રણ ઘરની કામવાળી એવી અમારી મા બે છેડા કેવી રીતે ભેગા કરતી તેનો અમને પણ આછોપાતળો જ ખ્યાલ હતો.

અમારી દુનિયા એકંદરે કંઈક આવી હતી : નિશાળ પૂરી કરવી, પછી ફૂટબૉલ કે બાસ્કેટબૉલ રમવું, ત્યાર બાદ પાડોશીના વાડાના ઝાડ પરથી સફરજનની ધાપ મારવી અને ક્યારેક એરગન લઈને મોટા ઉંદરો કે સસલાં મારવાં. અંધારું થાય એટલે ટેલિવિઝન જોવું. માના પલંગ પર ટાંટિયા લંબાવીને અમે કલાકો સુધી નાના પડદા સામે તાકી રહેતા.

પણ એક દિવસ માએ અમારી દુનિયા ધરમૂળથી હંમેશાં માટે બદલી નાખી. તેણે ટી. વી. બંધ કરી દીધું. આ આખી વાત પરીક્ષાના મારા પરિણામને કારણે આવી પડી.

અમારી મા સોન્યા ત્રણ ચોપડી જ ભણેલી હતી. પણ એ દિવસોમાં અમારી જાણમાં એના જેટલી હોશિયાર અને ચબરાક બીજી કોઈ વ્યક્તિ ન હતી. પરાં વિસ્તારમાં ઘરોમાં સાફસફાઈનું કામ કરતાં કરતાં તેણે એક વસ્તુની પાકી નોંધ લીધી હતી – પુસ્તકોની. એટલે એક દિવસે ઘરે આવ્યા પછી તેણે ટી.વી. ફટાક કરતું બંધ કરી દીધું, અમને પાસે બેસાડ્યા અને સમજાવ્યું કે એના દીકરાઓએ જિંદગીમાં કંઈક બની બતાવવાનું છે. તેણે પાછું એમ પણ કહ્યું : ''તમારે દર અઠવાડિયે બે પુસ્તકો વાંચવાનાં, અને તમે જે વાંચ્યું એ વિશે મને નિબંધ લખી બતાવવાનો.''

અમે કકળાટ કરતાં તેને કહ્યું કે એની વાત બરાબર નથી, બધાં જ બાળકો તો ટેલિવિઝન જુએ છે. પણ અમારું કંઈ ચાલ્યું નહીં, એટલે અમે વિચાર્યું કે મા તો આ વાત બે-ત્રણ દિવસમાં ભૂલી જશે. વળી, વાંચવા માટે અમારા ઘરમાં માના 'બાઇબલ' સિવાય કોઈ પુસ્તક હતું પણ નહીં.

ઘરમાં ભલે પુસ્તકો ન હોય, જ્યાં પુસ્તકો હોય ત્યાં આપણે જઈશું, એમ માએ અમને કહ્યું. એણે જાહેર કર્યું : ''હું તમને લાઇબ્રેરીમાં લઈ જઈશ.'' ટૂંક સમયમાં જ ચિડાયેલા અને મોં ચડાવેલા બે છોકરાઓને લઈને માની મોટર ડેટ્રૉઇટ પબ્લિક લાઇબ્રેરી ભણી ઊપડી. ત્યાં જઈને હું કચવાતે મને બાળકોના વિભાગમાં ફરવા લાગ્યો. પ્રાણીઓ મને ગમતાં, એટલે પ્રાણી વિશે હોય તેવાં લાગતાં પુસ્તકોનાં પાનાં હું ફેરવવા લાગ્યો.

મેં બરાબર વાંચીને પૂરું કરેલું પહેલું પુસ્તક એટલે 'ચીપ દ્ ડૅમ બિલ્ડર'. એ પુસ્તક બીવ્હર પ્રાણી અને તે કેવી રીતે પુરતા બાંધે છે તેના વિશે હતું. જિંદગીમાં પહેલી જ વાર હું એક બીજી દુનિયામાં

ખોવાઈ ગયો. આ શબ્દપ્રવાસ મને શીતળ ઝરણાં અને તેમાં ઘર બાંધતાં બીવ્હરની એક દૂરસુદૂરની દુનિયામાં લઈ ગયો. ટેલિવિઝન પરની કોઈ શ્રેણીએ મને આવી દુનિયામાં પહોંચાડ્યો ન હતો.

થોડાક દિવસ પછી તો મારી નવી દુનિયાના આ નીરવ અભયારણ્યમાં ફરીથી ક્યારે ફરવા મળે તેની હું રાહ જોવા લાગ્યો. મને ડાયનોસોર્સની ભાળ મળી. સરિસૃપ અને સસ્તન પ્રાણીઓ વચ્ચેનો તફાવત મને સમજાયો. તદુપરાંત ખૂબ મહત્ત્વની એ વાત પણ સમજાઈ કે મને વાંચવામાં મજા આવે છે, એટલું જ નહીં પણ હું વધુ માહિતી વધારે ઝડપથી ગ્રહણ કરી શકું છું. છાપેલા શબ્દ દ્વારા થતી માહિતીગ્રહણની આ પ્રક્રિયા ટેલિવિઝન પરના અવાજ કે ચિત્ર દ્વારા થતી ગ્રહણપ્રક્રિયા કરતાં વધુ ઝડપી છે.

પ્રાણીઓ વિશેનાં પુસ્તકો તરફથી હું ઝાડછોડ વિશેનાં પુસ્તકો તરફ વળ્યો. લાઇબ્રેરીમાં વનસ્પતિ વિશેનાં જેટલાં પુસ્તકો મળ્યાં તેટલાં બધાં મેં વાંચી નાખ્યાં. પછી મને ખડકોમાં રસ પડ્યો. રેલગાડીના પાટે પાટે રખડીને હું ખોખું ભરીને પથ્થરો ભેગા કરતો, અને તે ખોખાંને ખેંચીને ઘરે લાવતો. પછી ભૂસ્તરશાસ્ત્રનાં પુસ્તકોની મદદથી હું તે પથ્થરોને ઓળખવા પ્રયત્ન કરતો.

એ બધાં પુસ્તકોનાં બે પૂઠાં વચ્ચે જાણે આખાં ને આખાં વિશ્વો હતાં અને હું તેમાં મુક્તપણે વિહરી શકતો. આ બધા દરમિયાન એક મજાની વાત બની – શાળામાં જે કંઈ શીખવવામાં આવતું તેમાં મને સમજ પડવા લાગી. આ બાબત મારા શિક્ષકોના પણ ધ્યાનમાં આવી. હવે તો એવું થયું હતું કે છેક ઘરે પહોંચીને પુસ્તકો વાંચું તેટલી મારી ધીરજ રહેતી નહીં. મા પોતાનું કામ પૂરું કરીને પછી મને અને કર્ટિસને મોટરમાં બેસાડીને લાઇબ્રેરી લઈ જાય તેટલો સમય પણ અમારાથી રહેવાતું નહીં. એટલે અમે અમારી રીતે શૉર્ટ-કટ શોધ્યો. અમે રેલગાડીના પાટેપાટે લાઇબ્રેરી તરફ ચાલતા થતા. ક્યારેક ધીમે ધીમે ચાલતી ગાડીમાં રસ્તા વચ્ચેથી જ ચડી જતા. ગાડી લાઇબ્રેરીના વિસ્તારમાં પહોંચે એટલે અમે તેમાંથી કૂદી પડતા. પછી ત્યાં આવતી એક ટેકરી ઊતરીને પુસ્તકસ્થાનકે પહોંચી જતા.

પછી ટેલિવિઝન પરની બંધી બાબતે મા સહેજ કૂણી પડી. દર અઠવાડિયે થોડા કલાક માટે અમને ટી.વી. જોવા મળતું. પણ હવે ટી.વી. એ અમારી દુનિયા ન હતી. એ તો માત્ર કો'ક વારની મજા હતી.

આજે કર્ટિસ એન્જિનિયર છે અને હું બાળકોની એક હૉસ્પિટલમાં મગજની શસ્ત્રક્રિયા માટેનો વડો સર્જન છું. ક્યારેક હું મારા જીવનપ્રવાસનો વિચાર કરું છું. નાપાસ થતા અને નફિકરા છોકરાથી માંડીને શિષ્યવૃત્તિ પર યુનિવર્સિટીમાં તબીબી અભ્યાસ પૂરો કરીને, આજે અઘરી શસ્ત્રક્રિયાઓ શીખવવા અને કરવા માટે દુનિયાભરમાં ફરનારા નિષ્ણાત તરીકેનો આ પ્રવાસ ક્યારેક મને માનવામાં ન આવે એવી વાત લાગે છે. **પણ આ પ્રવાસ ક્યારે શરૂ થયો તે મને બરાબર ખબર છે – એ શરૂ થયો મારી માએ ટેલિવિઝન બંધ કરીને અમને લાઇબ્રેરીમાં લઈ જવા માટે મોટરમાં બેસાડ્યા તે ઘડીથી.**

('અરધી સદીની વાચનયાત્રા-૧'માંથી સાભાર)

## સંભાળજે !

સ્વાર્થીપણું આત્માનું ખૂન કરે છે. પણ તારું પરોપકારપણું બીજાઓની અંદર રહેલા આત્માનો વિનાશ ન કરે, તે તું સંભાળજે !

શ્રીઅરવિંદ

# આપણે, પાર્ટ-ટાઈમ માબાપો

ભૂપત વડોદરિયા

મુંબઈની ૧૨૦ શાળાઓમાં બાર માસ દરમિયાન એક કૉલેજે કરેલા સર્વેક્ષણમાંથી એવું તારતમ્ય નીકળ્યું છે કે બાળગુનેગારીમાં દર વરસે અગિયાર ટકા જેટલો વધારો થઈ રહ્યો છે. બીજા ગુનાઓના પ્રમાણમાં બાળગુનાઓનું પ્રમાણ મહારાષ્ટ્રમાં ૨૫ ટકા જેટલું, એટલે કે દેશમાં સૌથી વધુ છે.

આ મોજણીમાંથી એ હકીકત આપણી નજર સામે આવે છે કે બાળકોમાં ગુનેગારીનું વલણ વધ્યું છે, કારણ કે એમની ઉપર માબાપોનો અંકુશ ઘટ્યો છે, વાલીઓની સંભાળ ઓછી થઈ છે. ક્યાંક બાળકને માબાપનો વધુ પડતો પ્રેમ મળે છે અને એ બગડે છે, ક્યાંક એને ઘરમાં મુદ્દલ પ્રેમ નથી મળતો તેથી બાળક તોફાની બને છે. કેટલાંક ઘરોમાં બાળકો ઉપર મુદ્દલ અંકુશ નથી તેથી તેઓ બગડે છે, તો કેટલાંક ઘરોમાં એમની પર વધુ પડતા અંકુશને કારણે બાળકો હાથથી જાય છે.

સર્વેક્ષણે એક માર્મિક નોંધ કરી છે કે, "બાળકો ઉછેરવાની કળા આપણે ગુમાવી બેઠા છીએ, એવું લાગે છે."

હા, વાત સાચી છે કે બાળકો ઉછેરવાની કળા આપણે ખોઈ બેઠાં છીએ. હકીકતે, આપણે બધાં પાર્ટ-ટાઇમ માબાપ બની ગયાં છીએ. માત્ર સમયનો મુદ્દો આમાં નથી – આપણા એકંદર ધ્યાનની એમાં વાત છે. બાળકો ઉપર ખરું ધ્યાન આપણે આપતાં નથી, માબાપ તરીકે આપણે જે એકાગ્ર ધ્યાન તેમની ઉપર આપવું જોઈએ તે આપતાં નથી.

બાળ-ઉછેર એ 'ફુલ-ટાઇમ' નહીં, 'હોલ-ટાઇમ'ની કામગીરી છે. પણ તેજ રફતારના આ જમાનામાં માબાપ વહેલી સવારથી દોડવા માંડે છે. ઊંચા જીવનધોરણનું ભૂત આપણી ઉપર સવાર થયું છે. વધુ કમાણી અને સુખસગવડનાં વધુ સાધનો પાછળની આ આંધળી દોટમાં આપણે બાળકોના ઉછેરની સરિયામ ઉપેક્ષા કરીએ છીએ. આપણને તેને માટે સમય નથી એટલું જ નહીં, તેમાં આપણને રસ પણ નથી રહ્યો. હા, બાળકો માટે પ્રેમ છે, પણ તે એક લોહીની સગાઈનો છે, સાચી સમજદારીમાંથી જન્મેલો નથી. બાળકો તરફ આપણે બેધ્યાન રહીએ છીએ અને તે માટે આપણું દિલ ડંખે પણ છે. પરંતુ આપણે એવું આશ્વાસન લઈએ છીએ કે છેવટે તો આ બધી દોડધામ બાળકોના જ સુખ માટે છે ને ? એ આપણું બચાવનામું છે. બાળકોના ભાવિ કલ્યાણને ખાતર આપણે વર્તમાનમાં બાળકોની ઉપેક્ષા કરીએ છીએ !

ઘરમાં કે શેરીમાં આપણા બાળકનો ચહેરો આપણે બરાબર ઓળખી શકતાં નથી. એ એની દુનિયામાં ખોવાઈ ગયેલો છે, અટવાઈ ગયેલો છે; આપણે આપણી દોડધામમાં મસ્ત છીએ. બાળક તેની જરૂરિયાતોની યાદી આપણી આગળ રજૂ કરે, એટલે ઑફિસમાં સાહેબ કોઈનું બિલ પાસ કરે તે ઢંગથી આપણે કાં તો આંખો મીંચીને તે પાસ કરી દઈએ છીએ, અગર આપણો મિજાજ બગડેલો હોય તો બિલમાં જાતજાતના વાંધા કાઢીએ છીએ.

પણ બાળક ચકોર હોય છે. તે તરત જ પામી જાય છે કે માબાપને પોતાનામાં બહુ ઊંડો રસ નથી, પોતાને માટે સાચો પ્રેમ નથી. એટલે ધીરે ધીરે

બાળક માબાપથી માનસિક રીતે દૂર થતો જાય છે. હવે એ માબાપને પ્રશ્નો કરતો નથી, એમની સમક્ષ તોફાન કરતો નથી. માબાપ સમજે છે કે છોકરાની ગાડી લાઇન ઉપર છે. બાળક કપડાં ઢંગથી પહેરે છે, થોડા અંગ્રેજી શબ્દો ગોટપીટ બોલે છે, એટિકેટ શીખી લે છે.

માબાપને ખબર નથી કે એ બાળક તો પિંજરામાં પડેલા પંખીની કે સાંકળે બંધાયેલા પ્રાણીની થોડી લાચાર વિવેકવાણી જ શીખ્યું છે. એ તેમનાથી ઘણું દૂર નીકળી ગયું છે, તેનું ભાન તેમને થતું નથી. પિતાને સમય નથી, માતાને પણ સમય નથી. કેટલીક માતાઓ ધન કે કીર્તિ કમાવા બહારની દુનિયામાં ઘૂમી રહી છે, તો કેટલીક માતાઓ ઘરકામ અને પારકી પંચાતમાં ડૂબી ગઈ છે.

પછી એ બાળક જરાક મોટું થઈને જ્યારે ચપ્પુ રમાડતું, કોઈનું પાકીટ તફડાવતું કે બીજું કાંઈક ખોટું કરતું માબાપ સમક્ષ રજૂ થાય છે, ત્યારે માબાપને એકાએક જબરો આઘાત લાગે છે. તેમને નવાઈ લાગે છે કે આ બાળગુનેગાર શું પોતાનું જ સંતાન છે ? આવું કેમ બની શકે ?

પણ આવું જ બને છે, અને તેની જવાબદારી માબાપોની છે. કોઈ કહેશે કે આજની દુનિયામાં માબાપ બિચારાં રોજીરોટી માટે માર્યાં ફરતાં હોય છે, ત્યાં બાળકોની પાછળ કેટલુંક ધ્યાન આપે ? એ બિચારાં શું કરે ? પણ આ બચાવ માબાપોને કાંઈ કામ આવવાનો નથી. તમારે બાળક છે, તો તેની ઉપર ધ્યાન આપો, તેને પ્રેમ આપો, તેને જીવતાં શીખવો, તેને ઊંચાં ચઢાણ શું છે તે સમજાવો. તમારા જીવનમાં એ છે, તો તેને યોગ્ય સ્થાન આપો.

મોટા ભાગનાં માબાપો માની લે છે કે, આપણે બાળકને ખાવાપીવા આપીએ, કપડાં આપીએ, પાઠ્યપુસ્તકો અને ભણવાની ફી આપીએ, એટલે આપણી ફરજ પૂરી થઈ ગઈ. પણ આટલી જરૂરિયાતો પૂરી પાડવાથી માબાપ નથી બની જવાતું. માબાપે તો બાળકને ઉછેરવું પડે છે. એક ગુલાબના છોડને પણ ચાનું પાણી માફક આવે છે, તેટલી સમજ આપણે કેળવી છે. પણ બાળકને પોષણ કયા ખાતરમાંથી મળશે, કેવી માટીમાંથી મળશે, તેની પરવા આપણે નથી કરતાં.

બાળકને આપણે શિક્ષક પાસે ધકેલીએ છીએ. શિક્ષક તેને પાછું ઘેર ધકેલી દે છે. પછી બાળક આવારાઓની ટોળીમાં ભળી જાય છે. તેને ખબર પડી જાય છે કે ઘરમાં તેને માટે ઝાઝી જગ્યા નથી, નિશાળમાં તેને માટે ગણતરીના કલાકોથી વધુ સમય નથી. આથી આવારા ટોળીનો આવકાર તેને મીઠો લાગે છે, ત્યાં એના જીવને ચેન પડે છે.

જૂની કુટુંબવ્યવસ્થાના કેટલાક ગેરલાભ હશે. પણ દાદા-દાદીવાળાં ઘરનો એક મોટો લાભ હતો. એ વૃદ્ધો બાળકોનું જતન કરતાં, બાળકોને પ્રેમ કરવા માટે એમની પાસે સમય હતો. એમના સાંનિધ્યમાં બાળકને સ્નેહ, સંતોષ અને સલામતીનો અનુભવ થતો. વિભક્ત કુટુંબમાં એ ખૂટતું લાગે છે. આજનું બાળક પોતાના કુટુંબ સાથેનો જીવંત સંબંધ ગુમાવી બેઠું છે. તેને કુટુંબનાં બધાં સગપણોની પણ ખબર નથી. એ ખરેખર એકલું પડી ગયું છે. એકલું બાળક તેના ચિત્તમાં જાતજાતનાં જીન પેદા કરે છે. આપણે અત્યારે જે જોઈએ છીએ તે કુટુંબથી અટૂલા પડી ગયેલા બાળકના દિમાગી જીનની ઉપદ્રવલીલા જ છે.

ચોરી કરતું બાળક, કોઈનું ખીસું કાપતું કે કોઈની સાઇકલ તફડાવતું બાળક જાણે કે આપણી સામે પોકાર કરતું હોય છે કે, ''મને તેડી લ્યો ! મને બોલાવો ! મને પ્રેમ કરો !''

('અરધી સદીની વાચનયાત્રા-૧'માંથી સાભાર)

# ``શીંગડાં માંડતાં શીખવશું !''

મનુભાઈ પંચોળી

ગાંધી પાસેથી અમે સમજ્યા કે કેળવણીનું યુગાનુકૂળ સ્વરૂપ દેશના અજ્ઞબહુજનસમાજને માટે એમનામાંથી જ સુજ્ઞ નેતાગીરી પૂરી પાડનારું હોવું જોઈએ. ગાંધીને પ્રતાપે અમને એવી સમજણ હતી કે વિદ્યાર્થીઓ ગામડાંમાં રહેવા, ગામડાંને સુધારવા અને ગામડાંની વકીલાત કરવા પ્રેરાય, તે ગામડાંની કેળવણીનું લક્ષ્ય હોવું જોઈએ.

આ માટે અમારે અમારા શિક્ષણમાં નવો અભ્યાસક્રમ, નવી પદ્ધતિઓ, નવાં સાધનો, નવા શિક્ષકો તો ઊભાં કરવાનાં હતાં જ. પણ એનાં કરતાંયે વધારે મહત્ત્વનું કામ આ વિદ્યાર્થીઓમાં ગામડાં માટે પ્રેમ-ગૌરવ અને ગામડાંને ધોવાતાં અટકાવવા સારુ જરૂરી યુયુત્સાવૃત્તિ કેળવવાનાં હતાં.

ગામડાંના વિદ્યાર્થીઓ બધા અતિ સામાન્ય કુટુંબનાં બાળકો હતાં. પણ જે આવતા તે અમને વહાલસોયા લાગતા. તેમને અમે જાતે જ પીરસતા. તેમને કપડાં ધોતાં, વાળ ઓળતાં શીખવતા. તેમની જોડે વરસતા વરસાદમાં દોટ મૂકીને અમે ડુંગરામાં જતા. સાથે ધૂબકા મારતાં ટેકરા વળોટતા, ગાયો ચારતા, ગાયો દોહતા, હૂતૂતૂ-લંગડી તો રમતા જ, પછડાતા, પછાડતા.

વિદ્યાર્થીઓ વૅકેશનમાં ઘેર જાય ત્યારે અમે વિલાઈ જતા; દહાડા ન જતા. આવે ત્યારે ઝાંપે લેવા જતા. જરૂરીથી વધારેની જરૂર નહોતી અમને કોઈને. હું લગ્ન કરવા ગયો ત્યારે રેલભાડાના પૈસા ઉછીના લઈને ગયેલો. એવા મસ્તીના દિવસો હતા – ``તે હિ નો દિવસા ગતાઃ !''

કોઈ વાર બાળકોના વાલીઓ પૂછતા : ``મારા છોકરાને નોકરી મળશે ?''

હું કહેતો : ``મળે પણ ખરી, ન પણ મળે; પણ અમે નોકરી માટે ભણાવતા નથી.''

``તો પછી એ શું કામ ભણે ? ખેતી તો અમારે ઘેર રહીનેય જોતાં જોતાં શીખી જાય.''

``ના, બાપા, નવી ખેતીની તમને પણ ખબર નથી. એ નવી ખેતી શીખશે. એ તમારે માથે નહીં પડે, પોતાનો રસ્તો કરી લેશે.''

``પણ તમે બીજું શું શીખવો છો ? ખેતીનું તો ઠીક, મારા ભાઈ; અહીં ઢેફાં ભાંગ્યાં કે ઘેર, બધુંય સરખું છે.''

``જુઓ, બાપા, અમે શું શીખવીએ છીએ તે કહું ?'' પછી તેવાની સામે આંખ નોંધી હું કહેતો : `` – શીંગડાં માંડતાં શીખવીએ છીએ !''

અને પછી પેલા બકરાના બચ્ચાની વાત કહેતો કે એ બ્રહ્મા પાસે જઈને પોતાને કૂતરાં, નાર, માતાજી, બધાં ખાઈ જાય છે – તેમાંથી બચવું કેમ, તે અંગે કાકલૂદી કરવા લાગ્યું. અને પછી બ્રહ્માએ આપેલા જવાબથી તેના કાન ભરાઈ જાય તેમ કહેતો : ``બાપા, બ્રહ્માએ એ બચ્ચાને કહ્યું, 'હું તો તારો દાદો છું ને ? એ છતાંય તારું આ કૂણું કૂણું રાંકડું મોઢું જોઈને મનેય મન થાય છે તને એક બટકું ભરી લેવાનું ! તો જરા શીંગડાં માંડતાં શીખ્ય. તને મેં શીંગડાં શા સારુ આપ્યાં છે ? – બાપા, અમે આ શીંગડાં માંડતાં શીખવવાના છીએ.''

મને પરમ સંતોષ છે કે આ શીંગડાં માંડવાનું શીખવતા શિક્ષણને પ્રતાપે અમે ગામડાંના કેટલાય વગર પૈસાના વકીલો કેળવી શક્યા.

આ બધામાં શિરટોચ નીવડ્યા ભાઈ દુલેરાય માટલિયા. અમારું કામ તેમને અપૂરતું લાગ્યું – અને એમ હતું જ – એટલે ઊપડ્યા માલપરા. ત્યાં જઈને ધૂણી ધખાવી. શાળા-બાલમંદિર હાથમાં લીધાં. ખાદીકામ કર્યું. રાત્રી-પ્રાર્થનામાં ગામની કેળવણી શરૂ કરી. આખા ગામને કેળવવાનો આવો પ્રયોગ કદાચ બબલભાઈ સિવાય કોઈએ નહીં કર્યો હોય. માલપરાને તેમણે સ્વચ્છતાના, નિર્ભયતાના, પ્રભુશ્રદ્ધાના પાઠ શીખવ્યા. બહેનોને બધાં કામમાં બહાર કાઢી. ગામડાંની સભામાં માલપરા જેટલી બહેનોની સંખ્યા ભાગ્યે જ મળે. માલપરા જેવી ચોખ્ખી શેરીઓ ભાગ્યે જ કોઈ ગામમાં જોઈ છે.

એવો પ્રશ્ન થાય કે એ માલપરામાં હવે તેવું જ છે ખરું ? અને જો ન હોય તો આ બધી ઝંઝટ, દોડધામ, ઊથલપાથલનું મૂલ્ય શું ?....એ જ દલીલને આગળ લંબાવીએ તો પૂછી શકાય કે ગાંધીથી શું થયું ? ભાગલા પડ્યા, નિર્દયીઓએ લાખો નિર્દોષોની હત્યા કરી... અને આજેય દેશની આ દશા ? ત્યાં માટલિયા કે અમારા જેવાં તરણાંનો શો હિસાબ ? તો શું લોક-સંગ્રહનાં, લોક-કેળવણીનાં કામો છોડી દેવાં ? મનુષ્ય શું ઉખર ભોંય જેવો છે ? તેમાં કોઈ બી ઊગતાં જ નથી ?

મને એવું લાગે છે કે સંસ્કારિતા એ બહુધા પ્રાપ્ત સંસ્કાર છે. તે આપોઆપ વારસામાં આવતો નથી. તે માટે સંસ્કાર-વારસો આપવાની શિક્ષણવ્યવસ્થા, પરંપરા ઊભી કરવી પડે છે. એ ન થાય તો બીજી પેઢીએ જ પહેલાં હતી તેવી અસંસ્કારિતા પાછી પ્રવર્તે છે. બહુ બહુ મહેનત-મંથનને અંતે સંસ્કારિતા હાથ આવે છે, અને તે બહુ જતનથી આપીએ તો જ રહે છે.

# કિશોર-અંતરોનાં કમાડ ઉઘાડીએ !

**અનુ. મહેન્દ્ર મેઘાણી**

૧. બપોરે ૨-૩૦એ પોતે ઘેર આવીને તમને સિનેમામાં લઈ જવાનું વચન તમારાં બાએ આપ્યું હોય, અને પછી સાંજે વાળુટાણા સુધી એ દેખાયાં ન હોય કે ન તમને ફોન પણ કર્યો હોય, તો એને કઈ જાતની સજા કરવી જોઈએ ? એવી સજાથી ભવિષ્યમાં એ વધુ સારું સમયપાલન કરતાં થશે, એવો સંભવ ખરો ?

૨. તમને એવાં શિક્ષિકા ગમે કે જે કડક હોય, પક્ષપાત ન કરતાં હોય અને સારું ભણાવતાં હોય ? કે પછી એવાં ગમે કે જે લહેરી હોય, પણ બહુ સારું ભણાવતાં ન હોય ?

૩. તમારાથી કોઈ ભૂલ થઈ જાય ત્યારે તમે તેનાં બહાનાં ઉપજાવી કાઢો છો ? લોકો તમારી એ વાત માની લે છે, એમ તમને લાગે છે ?

૪. એક વિખ્યાત લેખકે 'ટાઇમ-મશીન'ની કલ્પના કરેલી છે, જેમાં બેસીને મનુષ્ય ભૂતકાળ કે ભવિષ્યમાં ગમે તેટલે દૂર સુધી સફર કરી શકે. એવા 'સમયયંત્ર'માં બેસીને જાત-વળતની સફર તમે કરી શકો તેમ હો, તો તમે ક્યાં જવાનું પસંદ કરશો ?

૫. તમારે એવી એક નાની બહેન હોય જે તમારી વીરપૂજા કરતી હોય અને તમે જે કાંઈ કરો તેનું અનુકરણ કરવા મથતી હોય, તો તમે અત્યારના કરતાં કઈ જાતનું જુદું વર્તન કરો ?

૬. કુટુંબમાં સહુ જે ઘરકામ કરે છે તેમાં તમારે

ભાગે વધુ પડતું આવતું હોય એવું તમને લાગે છે ? બધાં વચ્ચે ઘરકામની વહેંચણી તમારે કરવાની હોય, તો તમે ક્યાં કામ સંભાળો ?

૭. તમારી સહુથી અણગમતી વ્યક્તિ કોણ છે ? તેનો પણ કોઈ એકાદ ગુણ તમને સારામાં સારો લાગતો હોય તો તે કયો ?

૮. એક દિવસ પૂરતા તમે 'અદૃશ્ય માનવી' બની જઈ શકો, તો તમે શું કરો ?

૯. અમુક બાબતો તમને ગમતી નથી એવો દેખાવ તમે કરતા હો છો, પણ ખરેખર તો તેમાં તમને મજા આવે છે – એવું તમને લાગે છે ? તો તમારી સાચી લાગણી એ રીતે છુપાવો છો શા માટે ?

૧૦. ક્યારેક માતાપિતા પર તમને બહુ ચીઢ ચડે અને તેમને પાઠ ભણાવવાનું મન તમને થઈ જાય, ત્યારે તેમને ખીજવવા કે ભોંઠા પાડવા માટે ઝીણી ઝીણી કઈ બાબતો તમે કરો છો ?

૧૧. તમારા પિતા તમને હજી વધુ ચીજવસ્તુઓ ભેટ આપે એ તમને ગમે ? કે તમારી સાથે વધારે સમય ગાળે તે ? બેમાંથી શું કરે તો તમે એને બહુ વહાલા છો એવું તમને લાગે ?

૧૨. ધારો કે કોઈ જાદુથી આવતી કાલે સવારે તમે ઊઠો ત્યારે મોટી ઉંમરનાં થઈ ગયાં હો અને તમારાં પોતાનાં બાળકો પણ હોય, તો આજે તમારાં માબાપ તમારી સાથે રાખે છે તેના કરતાં જુદું કઈ જાતનું વર્તન તમે એ સંતાનો સાથે રાખો ?

૧૩. આજે જ તમને ખબર પડે કે તમે સાવ નાનું બાળક હતાં ત્યારે તમારાં માબાપે તમને દત્તક લીધેલાં, તો તમને શી લાગણી થાય ? તમારાં સાચાં માતાપિતાને શોધવાનો પ્રયત્ન તમે કરો ?

૧૪. કોઈ એક બાબતમાં તમારા અમુક મિત્રના જેટલા જ કુશળ તમે બની શકો તેમ હો, તો એવી કઈ બાબત તમે પસંદ કરો ?

૧૫. નિશાળમાં રોજ એકસરખો ગણવેશ પહેરવો તમને ગમે, કે તમારી પસંદગીનાં કપડાં ?

૧૬. તમારી ઓરડી વાળી નાખો ! હાથ ધોઈ નાખો ! નહાઈ લો ! – ચોખ્ખાઈ માટે આટલી બધી માથાકૂટ વડીલો શીદને કરતાં હશે ?

૧૭. જે જે બાબતોની તમને શરમ આવતી હોય કે બીક લાગતી હોય તે સહિતની તમારી બધી વાતો જો તમે તમારા મિત્રોને જણાવો, તો તમને લાગે છે કે અત્યારના કરતાં તેઓ તમને વધુ ચાહશે કે ઓછા ?

૧૮. ઝટ મોટાં થઈ જવાની તમને ઉતાવળ છે ? 'મોટાં થવું' એટલે શું ? એવાં તમે ક્યારે થશો એમ લાગે છે ?

૧૯. તમારી ઉંમરે પહોંચ્યા પછી બધા લોકોનો શારીરિક વિકાસ અટકી જાય અને તેઓ તમારા કરતાં વધુ બળવાન બને નહીં, તો પણ શું તમે તેમની આજ્ઞા માનો ખરા ? શા માટે ?

૨૦. ધારો કે તમારી નિશાળના આચાર્ય તમને કહે કે એ શાળામાં સુધારા કરવા માગે છે અને તમે કોઈ એક સૂચન કરો તો તેનો અમલ તેઓ કરશે, તો તમે તેમને શું કરવાનું કહેશો ?

૨૧. ભગવાન વિશે ને ધર્મ વિશે જે બધી વાતો તમે સાંભળેલી છે, તેમાંથી કઈ તમને સાચી લાગે છે ને કઈ ખોટી ?

૨૨. તમારાં ભાઈબહેનો કે મિત્રોમાંથી કોઈની સાથે તમે જિંદગીના કાયમી સાટાપાટા કરી શકો તેમ હો, તો તે માટે તમે કોની પસંદગી કરો અને શા માટે ?

૨૩. તમારાં માતાપિતામાં કોઈ એક બાબતનો ફેરફાર તમે કરી શકો તેમ હો, તો તે કઈ હશે ?

૨૪. બાળકોને કઈ બાબતો અંગે સજા થવી જોઈએ, એવું તમને લાગે છે ? અને તે સજા કેવી રીતે થવી જોઈએ ? પણ લોકો ઘરડાં થયાં હોય ત્યારે પછી તેમની ભૂલો માટે તેમને સજા ન કરવી જોઈએ, એવું તમને લાગે છે ? તો એ કઈ ઉંમરે અને શા માટે ?

૨૫. તમે કરેલાં કામોમાંથી તમને સૌથી વધુ અભિમાન શાને માટે થાય છે ? તમે હજી શું કરો તો એથીય વધુ અભિમાન અનુભવો ?

૨૬. નિશાળના તમારા વર્ગના બીજા બધા વિદ્યાર્થીઓને કોઈ નક્કી મારી નાખવાનું હોય, પણ તેમને બદલે મરવા તમે તૈયાર થાવ તો તે બચી જવાના હોય, તો તમે એ બધાને બચાવો કે તમારી જાતને ? તમે જે કરો તેની કોઈનેય ખબર પડવાની ન હોય તો પણ ?

૨૭. તમારા ઉત્તમ મિત્ર વિશે કઈ બાબત તમને સૌથી વધુ ગમે છે ? ધારો કે તમારે કોઈ દૂરના સ્થળે

રહેવા જવાનું થયું અને હાલના તમારા સૌથી સારા મિત્રને કદી મળી શકવાના ન હો, તો બીજા કોઈને 'ઉત્તમ' મિત્ર બનાવતાં કેટલો સમય લાગે એમ તમે ધારો છો ?

૨૮. તમારો દરેકે દરેક વિચાર જે જાણે તો પણ તમે ડરો નહીં, એટલી બધી શ્રદ્ધા તમને જેની પર હોય એવી કોઈ વ્યક્તિઓ છે ?

૨૯. તમારાથી ઘણું નાનું કોઈ બાળક તમને ખીજવ્યા જ કરતું હોય અને તમારે વિશે જૂઠાણાં ફેલાવતું અટકતું જ ન હોય, તો તેને વારવા કેટલી હદ સુધી જવા તમે તૈયાર થશો ? અને એવું કરનાર તમારા કરતાં મોટું હોય તો ?

– ગ્રેગરી સ્ટોક

[પુસ્તકમાં લગભગ પાનેપાને એક એવા ૨૬૦ સવાલો આપેલા છે, તેમાંથી પહેલા ૫૭ પૈકી ઉપરના પસંદ કરી લેખક-પ્રકાશકના સૌજન્યથી અહીં આપેલા છે. પ્રકાશક : Workman Publishing Co., Inc., ૭૦૮ Broadway, New York, N. Y. ૧૦૦૦૩, USA]

# ભજનનું ભાતું

દિવસે ને દિવસે અમારે ત્યાંનું આખું વાતાવરણ ઊપડવાની તૈયારીનું થતું જતું હતું. ક્યારે ઊપડીશું અને કઈ દિશાએ ઊપડીશું, એ કોઈ કહી શકતું ન હતું. દેશ જવાની મોટી મોટી ઉમેદો અમારા મનમાં હતી. અને જેલ જવાનીયે હોંશ ઓછી ન હતી. કઈ ઘડીએ કયો હુકમ મળે છે એ સાંભળવાને અમારા કાન સળવળી રહ્યા હતા.

***ઐ મુસાફિર, કૂચકા સામાન કર,***
***ઈસ જહાં મેં હૈ બસેરા ચંદ રોજ.....***

એ નઝીરની કડીઓ અમે હાલતાંચાલતાં એકબીજાને સંભળાવતા. ફિનિક્સના તબેલામાં બધાયે ઘોડા હણહણી રહ્યા હતા.

અનેક દિવસની ચર્ચાઓ પછી હું અટકળ બાંધી શક્યો કે અમારા ઘરમાંથી બધાં જ જાય એવી વાત ચાલે છે, અને બધાં વડીલો જતાં રહે તો અમ બાળકોની શી દશા થાય તે ફિકર એ બધાંને કોરી રહી છે. બાપુજીની સત્યાગ્રહની લડત તો છ-સાત વરસથી ચાલુ હતી, પણ સ્ત્રી-સત્યાગ્રહીનો ઇતિહાસ હજુ નોંધાયો ન હતો. પરંતુ હવે દક્ષિણ આફ્રિકાની સરકાર તરફથી હિન્દુસ્તાની ઢબનાં લગ્ન ફોક કરનારા કાયદાનો અણધાર્યો હુમલો થયો હતો. એ ભયાનક માનભંગનો જવાબ તો બહેનો આપે એ જ શોભે એમ હતું. એટલે સત્યાગ્રહના ઇતિહાસમાં અપૂર્વ એવો નવો આરંભ કરવાનો હતો.

એક બપોરે મારી બાએ મને પાસે બોલાવી, ખોળામાં બેસાડી, માથે હાથ ફેરવતાં પૂછ્યું, "પ્રભુ, અમે જેલ જઈએ તો પછી આ નાનાં ભાઈબહેનોને તું સંભાળીશ ને ?"

"પણ બા, મને જેલ જવાનું ક્યારે મળશે ?"

"હજુ તો તું નાનો છે. તને બારમું વરસેય શરૂ નથી થયું. ચાર વર્ષ પછી તું યે અમારી સાથે જેલમાં આવજે. ત્યાં સુધી આ નાનાં ભાઈબહેનોને સંભાળજે. એમને ખવડાવજે, પથારી કરી દેજે, નવડાવી ને કપડાં પહેરાવજે, જેથી અમને યાદ કરીને એ રુએ નહીં."

એક દિવસ જનરલ સ્મટ્સનો ત્રણસો શબ્દોનો તાર આવી પહોંચ્યો. બાપુજીએ એ વાંચ્યો અને લડત શરૂ કરી દેવાનું નક્કી કરી નાખ્યું. પ્રાર્થના પછી મારી બા પાસે 'વૈદર્ભી વનમાં વલવલે, અંધારી છે રાત' એ પદ ગવડાવ્યું. પછી બાપુજીએ કહ્યું :

"હવે જેલ જવાનો દિવસ આવી પહોંચ્યો છે. જેલ જવું એ રમતવાત નથી. આખો દિવસ પથરા ફોડવા પડશે. કઠણ જમીન તીકમથી ખોદવી પડશે. ખાવામાં બહુ વેઠવું પડશે. ઉપવાસ કરવાના પ્રસંગો પણ આવ્યા વિના નહીં રહે. અને ઉપવાસ કરતાં છતાં મજૂરી કરવાની ના નહીં પડાય. શરીર બેભાન થઈ પડી જાય ત્યાં સુધી કામ કરવાનું છોડી શકાશે નહીં જ. જેટલો વિચાર

કરવો હોય એટલો આજે કરી લો. જેલમાં ગયા પછી ત્યાંનાં દુ:ખ ન સહેવાય અને આંખમાં આંસુ આવે, તેના કરતાં આજે ન જવું એ જ સારું.''

૧૯૧૩ના સપ્ટેમ્બરની ૧૬મી તારીખ હતી. સોમવારનો દિવસ હતો. જગતના ઇતિહાસનું દિવ્ય પાનું ઊઘડ્યું હતું. આપેલાં વચનોને પગ તળે કચડી નાખી, દક્ષિણ આફ્રિકાની સરકાર ચપટીમાં આવેલા ચાંચડની જેમ હિન્દી કોમને ચોળી નાખવા તૈયાર હતી. હિન્દીઓને લડાઈ આપ્યા વિના છૂટકો ન હતો. ગમે એટલાં સંકટ ઝીલીને ભારતમાતાનું નાક સાચવવાનો હિન્દીઓએ નિરધાર કર્યો હતો.

એ દિવસે હું વધારે વહેલો ઊઠ્યો અને ઊઠતાંની સાથે મારી ટેવ પ્રમાણે ચોમેર ઘૂમી વળ્યો. ફિનિક્સનું સ્વરૂપ બદલાઈ ગયું હતું. બધાં પ્રવાસીઓ ઉમંગભેર ગાંસડા-પોટલાં બાંધવામાં રોકાયેલાં હતાં. બાપુજી રસોડામાં ઊભે પગે હતા. કસ્તુરબા અને મારી બાની હાજરી વિના રસોડું ખાલી લાગતું હતું. મગનકાકા રોટલીના મોટા પિંડાને પહોંચી વળવા બાપુજીની મદદમાં હતા. લડવૈયાઓને સારુ ઘરનું એ છેલ્લું ભોજન હતું. એટલે જમવાનો ઘંટ વાગતાં સુધીમાં બાપુજીએ જાતજાતની રસોઈ તૈયાર કરી દીધી. રોટલી, ખીર, મસાલેદાર શાક, કચુંબર, ખજૂરનો રસ, કઢી-ભાત વગેરે વાનીઓ આજે ય મારી નજર સામે તરે છે. હોંશે હોંશે બાપુજીએ સૌને તે દિવસે પીરસ્યું. મધ્યાહ્ન પહેલાં આનંદપૂર્વક એ ભોજન પૂરું થયું. પણ ભાણેથી ઊઠતાંની સાથે એકાએક ચોમેર ગંભીરતા છવાઈ ગઈ. બે વાગતાં બધાંનાં બિસ્તરાં-પોટલાં ઠેલામાં ખડકાઈ રવાના થઈ ગયાં. પછી સૌ બાપુજીના છેલ્લા આશીર્વાદ લેવાને ભેગાં થયાં. પોતાની શાંત, ગંભીર અને મીઠી વાણી વડે બાપુજીએ બધાંને વીરરસથી ભરી મૂક્યાં :

''જોજો ! લાજ રાખજો. અત્યારે જેવા ઉત્સાહ અને આનંદમાં છો એવા જ ઉત્સાહ અને આનંદમાં, ગમે તેટલું દુ:ખ આવી પડે તોયે રહેજો. માથે દુ:ખ આવી પડતાં જેલમાં બુદ્ધિ હાથમાં નહીં રહે ત્યારે તમને થશે કે, આપણે શા સારુ બીજા માટે દુ:ખ ભોગવીએ છીએ ? પણ એવા વિચાર આપણને છાજે નહીં. આપણે ઘણી વાર નરસિંહ મહેતાનું પદ ગાઈએ છીએ, એમાં પહેલી વાત જ એ છે ને કે પર- દુ:ખે ઉપકાર કરે તો યે મન અભિમાન ન આણે, એ વૈષ્ણવજન. આપણામાંથી ઘણાના ગળામાં કંઠી છે. આપણે વૈષ્ણવ જન્મ્યા છીએ. આપણો ધર્મ છે કે પારકાંને દુ:ખે દુ:ખી થવું. બીજાના દુ:ખે દુ:ખી થવા સિવાય, એમના કષ્ટમાં ભાગ લીધા સિવાય, આપણે વધુ કંઈ નથી કરી શકતા. પારકાનું તો શું, પણ આપણા સગા ભાઈનું યે દુ:ખ દૂર કરવું એ આપણા હાથની વાત નથી. દુ:ખ દૂર તો ઈશ્વર કરે છે.

''ભરતજી નંદિગ્રામ શા માટે જઈને રહ્યા હતા ? એમને અયોધ્યામાં શું દુ:ખ હતું ? પણ રામ વનવાસનાં દુ:ખ સહે ત્યારે એનાથી કેમ નિરાંતે સેજ પર સૂઈ શકાય ? જ્યારે મનમાં સહેજ પણ શંકા આવે ત્યારે, આપણે રોજરોજ 'રામાયણ'માં વાંચ્યું છે અને ભજનોમાં ગાયું છે એનો ખ્યાલ કરવો. એટલે અંતરમાં ખૂબ બળ આવશે અને પારકાને દુ:ખે હસતે મોઢે મરવામાં પણ તમે પાછી પાની નહીં કરો.''


મારી બાએ ભજન ઉપાડ્યું, તેમાં પચીસત્રીસ જણાંનો કંઠ ભળ્યો. વાતાવરણ ધ્રૂજી ઊઠ્યું. બાપુજીએ છેવટનો આદેશ આપ્યો : ''આ ભજનો તમારા ભાતામાં બાંધજો.'' થોડી વાર બધે શાંતિ પથરાઈ ગઈ. સૌ જાણે પોતાના ઊંડાણને ભાળતાં બેઠાં હતાં. બાપુજીએ ગંભીરતાનું એ વાદળ વિખેરી નાખ્યું. ત્રણેક વરસની નાની રૂખીને તેમણે મારી કાકીના ખોળામાંથી લઈ લીધી અને માથી વિખૂટી પડતાં એ રડે નહીં એટલા માટે તેને હસાવવા લાગ્યા. એ જોઈ બધાને ગળે બાઝેલો ડૂમો છૂટી ગયો અને સૌ સ્ટેશને જવા તૈયાર થઈ ગયાં. કલાક સવા કલાકે સ્ટેશને પહોંચ્યાં. થોડી વારે ભકભક કરતું એંજિન પ્લૅટફૉર્મમાં દાખલ થયું ને ડબ્બાઓનો ગડગડાટ કાને પડ્યો. એ ઘડીએ મારી છાતીમાં ધબકારા થવા લાગ્યા. તરત જ છોકરાઓની ટોળીમાંથી છૂટો થઈને મારી બા તથા પિતાશ્રી ઊભાં હતાં એ તરફ વળ્યો, અને એકી નજરે એમની સામે મેં જોયા કર્યું. ક્ષણભર ધ્રૂજી ગયો. ''મા-બાપ જેલમાં જાય છે, હવે પાછાં મળે અને ન પણ મળે,'' વગેરે વિચારો વીજળીના ઝબકારાની જેમ ઝબકી જઈને દિલને આંચકો મારતા ગયા. ગળે ડૂમો બાઝ્યો. નીચી આંખે મેં ઝટપટ માબાપ અને બીજાંઓને પગે લાગી લીધું અને ત્યાંથી ખસી ગયો.

પ્રભુદાસ ગાંધી

['જીવનનું પરોઢ']

# ગ્રંથસૌરભ

**વિદ્યાવિહાર : 'ઉદીચ્ય'માં પ્રગટ થયેલા કુલીનચંદ્ર યાજ્ઞિકના વિચારો/સંપા. ડૉ. દક્ષેશ ઠાકર. અમદાવાદ : પાર્શ્વ પ્રકાશન, ૨૦૧૩. ૧૦૪ પૃ. કિ. રૂ. ૮૦**




સાક્ષરભૂમિ નડિયાદે સમાજજીવનના અનેકવિધ ક્ષેત્રોમાં - સાહિત્ય, શિક્ષણ, ધર્મ-દર્શન, રાજકારણ વગેરેમાં - શતાધિક લબ્ધપ્રતિષ્ઠ વિદ્યાપુરુષો - સંસ્કારપુરુષો - કર્મશીલો મા ગૂર્જરીના ચરણે ધર્યા છે, જે ગુજરાત અને દેશનું અહોભાગ્ય છે. સનદી સેવાઓ અને શિક્ષણ એમ ઉભય ક્ષેત્રોને સમુજ્જ્વલિત કરી પોતાનાં પદચિહ્નો અંકિત કરનાર સ્વનામધન્ય શ્રી કુલીનચંદ્ર યાજ્ઞિક સાહેબ આ પ્રોજ્જ્વલતમ પરંપરા પૈકીના એક છે. તેમણે ગુજરાત સરકારમાં શિક્ષણ વિભાગના સચિવપદેથી નિવૃત્તિ મેળવ્યા બાદ નવી સ્થપાયેલી ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણના (૧૯૮૬) પ્રથમ કુલપતિ તરીકે પ્રાયઃ સતત બે ટર્મ સુધી સેવાઓ આપીને ગુરુકુળ પરંપરાના કુલપતિપદની લુપ્ત થઈ ગયેલી ગૌરવપ્રદ પરંપરાને સ્વકીય આચરણ અને ધ્યેયનિષ્ઠ પુરુષાર્થ થકી પુનર્જીવિત કરી પ્રસ્થાપિત કરી આપી. કુલપતિ એટલે શું અને કુલપતિની કઈ ભૂમિકા હોઈ શકે તે તેમણે ચરિતાર્થ કરી બતાવ્યું. શિક્ષણ સચિવ તરીકેના સુદીર્ઘ અને પરિપક્વ અનુભવ તથા છલકતા આભિજાત્ય શિક્ષકત્વના સંસ્કારબળે નવી સ્થપાયેલ યુનિવર્સિટીની દિશા કઈ હોવી જોઈએ તેનો નકશો તેમના મનમાં બીજરૂપે અંકુરિત થયેલ હતો જ. અને તેથી જ તેમણે યુનિવર્સિટીની આગવી અસ્મિતા કંડારવા માટેનાં કેટલાંક કાર્યો જેમકે યુનિવર્સિટીના વિવિધ ઘટકો - વિદ્યાર્થીઓ, આચાર્યો - અધ્યાપકો અને સમાજ સાથે સૌહાર્દપૂર્ણ અનુબંધ જાળવી રાખવા માટે તેમની સાથે મુલાકાતો ગોઠવવી અને તેમની અપેક્ષાઓ તથા સમસ્યાઓ જાણીને તેનો સમરસતાપૂર્ણ ઉકેલ આણવો, વિદ્યાર્થીઓ કે અધ્યાપકો માટે કુલપતિ પ્રાયઃ અદૃશ્ય રહેતા હોય છે તેના સ્થાને સામે ચાલીને તેમને મળવું, વિદ્યાર્થીઓ માટે વૈવિધ્યપૂર્ણ શિબિરોનું વર્ષભર આયોજન, યુનિવર્સિટી લાઇબ્રેરીમાં સાપ્તાહિક ચર્ચાવર્તુળની શરૂઆત અને તેમાં નિયમિતપણે તેમની ઉપસ્થિતિ, સેતુરૂપ પત્રિકા પાક્ષિક વૃત્તપત્ર 'ઉદીચ્ય' અને સંશોધન જર્નલ 'આનર્ત'નું પ્રકાશન, પત્રમૈત્રી, યુનિવર્સિટી માટે દાન અને જમીન મેળવવા માટેના પ્રયાસો વગેરેની સાથે સાથે મૂલ્યનિષ્ઠ શિક્ષણ અને શિસ્તનો આગ્રહ વગેરેને અગ્રિમતા આપી. આ પ્રવૃત્તિઓ દ્વારા યુનિવર્સિટીમાં સુમેળ અને સદ્‌ભાવનાનું રચનાત્મક અભિગમવાળું વાતાવરણ પેદા કરી શક્યા. તેમણે આચાર્યો અને અધ્યાપકોને યુનિવર્સિટીના સાચા સ્તંભો સ્વીકારીને યુનિવર્સિટી વિદ્યાર્થીઓ માટે જ છે, તેઓ જ તેના અંતિમ લાભાર્થીઓ છે તે માટે સતત કાર્યશીલ રહ્યા. યુનિવર્સિટી સાથે ભારે મમત્વના કારણે યુનિવર્સિટી માટે જમીન સંપાદન સંદર્ભે જનમત કેળવવા અને ચેતના જગાડવાના શુભ હેતુથી તા. ૬-૫-૧૯૮૯થી અનાજનો ત્યાગ કરેલો, જે વ્રત તા. ૧૫-૬-૧૯૮૯ના રોજ સુખદ ઉકેલ આવતાં પૂરું થયું હતું. આ માર્ગ કોઈ આચરણીલ શિક્ષકને જ સૂઝે અને અપનાવી શકે !

તેમનું આ ચરિત્ર/શિક્ષકત્વ 'ઉદીચ્ય'નાં 'આદિવચનો'માં પ્રતિબિંબિત થતું જોવા મળે છે.

અહીં સમીક્ષિત ગ્રંથ 'વિદ્યાવિહાર'માં યુનિવર્સિટીના પાક્ષિક વૃત્તપત્ર 'ઉદીચ્ય'ના ઈ.સ. ૧૯૮૮ના વર્ષમાં થયેલા પ્રારંભથી શરૂ કરી શ્રી યાજ્ઞિક સાહેબના કાર્યકાળની અંતિમ અવધિ (તા. ૩૧ જુલાઈ, ૧૯૯૨) સુધીમાં તેમના દ્વારા સંપાદકીય સ્વરૂપે લખાયેલાં 'આદિવચનો' પૈકી ફક્ત ૫૪નો સમાવેશ કરવામાં આવ્યો છે. સાદી અને સરળ ભાષામાં લખાયેલાં આ બધાં 'આદિવચનો'માં યુનિવર્સિટીના વિવિધ ઘટકોના ઘડતર અને ચણતર અથવા સમગ્રતયા ઇન્સ્ટિટ્યૂશનલ બિલ્ડિંગ માટેના ચિંતન અને પ્રયાસોની ઝાંખી જોવા મળે છે. શિક્ષણ - ઉચ્ચ શિક્ષણને કેન્દ્રમાં રાખીને વ્યાપક વિષયો જેમકે શિક્ષણ - ઉચ્ચ શિક્ષણના ઉદ્દેશો, વિદ્યાર્થી અને અધ્યાપક સજ્જતા, વિદ્યાર્થી કાઉન્સેલિંગ, વાંચનટેવ, પરીક્ષાની વિશ્વસનીયતા, પ્રશ્નપત્રો, શૈક્ષણિક કાર્યક્રમોના સંચાલનની સાચી રીત, મહાપુરુષોની જન્મજયંતીઓની સાર્થક ઉજવણી, તપાસ અહેવાલ લેખન, ગ્રંથાલય અને ગ્રંથપાલ, યુનિવર્સિટી/કૉલેજના કામકાજ સારું આવતા અધ્યાપકોને ફાજલ સમયમાં યુનિવર્સિટી ગ્રંથાલયની મુલાકાત લેવા માટે પ્રેરવા, યુજીસી અનુદાન પ્રક્રિયા, નાગરિક ઘડતર વગેરેને આવરી લેતું તેમનું આ ચિંતનનું ભાથું સમય અને સ્થળની સીમાઓનાં બંધનોથી પર હોવાથી અર્થાત્ શાશ્વત મૂલ્ય ધરાવતું હોઈ આજે પણ પ્રસ્તુત બની રહે છે.

ગાંધીજી, નહેરુ, ઉમાશંકર જોશી વગેરેની જયંતીઓની ઉજવણી નિમિત્તેના લેખો વિદ્યાર્થીઓ અને સમગ્રતયા જનસમાજને આવા પ્રસંગોએ શું કરવું અને શું ન કરવું તે સંબંધી દિશા-નિર્દેશ કરે છે. નહેરુ જયંતીની સાર્થક ઉજવણી માટે નહેરુનાં ઉત્તમ પુસ્તકો 'આત્મકથા' જગતના ઇતિહાસનું 'રેખાદર્શન' અને 'ભારત એક ખોજ' વાંચી જવા ખાસ ભલામણ કરી છે. ગાંધી જયંતી ઉજવણી નિમિત્તેના લેખમાં લેખકે કર્મકાંડ તરીકે આચરવામાં આવતી કેટલીક રીતો જેમકે ૩૬૪ દિવસ સુધી ગાંધીજીના બાવલાની અવમાનના કરનારા આગેવાનો તે દિવસે સાફ-સફાઈ કરાવીને પૂતળાને હાર ચડાવશે, ફોટા પડાવશે, બીજાઓએ કાંતેલા સૂતરના ગાળિયા પૂતળાના ગળામાં નાખશે, ભાષણમાં ગાંધીજીનું અનેકવાર નામ બોલશે અને આદર્શોની વાતો કરશે તથા ઘણા-બધા પોતાની વાજબી-ગેરવાજબી માંગણીઓના ટેકામાં ગાંધીચીંધ્યા માર્ગની ધમકી સાથે અભદ્ર દેખાવો કરી જાહેર મિલકતોનો નાશ કરવો વગેરે અને ભવિષ્યમાં મહોલ્લે મહોલ્લે ગાંધી મંદિરો ખોલી તેની પૂજા-અર્ચના થશે, 'ગાંધી સહસ્રનામ' વગેરેનું ગાન થશે વગેરે દુઃખ સાથે વર્ણવીને નોંધ્યું છે કે 'ગાંધીજીની યાદમાં આટલી બધી ઉજવણી કરવામાં ગાંધીજીએ લખેલું કોઈપણ વાંચવાનો અથવા એમનું ઉપદેશેલું કોઈપણ આચરવાનો આપણને સમય ન મળે તેમાં આપણો કંઈ દોષ ?' આ ઉપરાંત 'સ્વાતંત્ર્યપર્વ' અને 'પ્રજાસત્તાક' પર્વોની ઉજવણી પ્રસંગોના લેખોમાં પર્વોનું હાર્દ સમજાવવાની સાથે ધ્વજવંદન કઈ રીતે કરાય, રાષ્ટ્રગીત નિયત સ્વરાંકન સાથે ગાવાની રીત અને તેની તાલીમ ક્યાંથી મળી શકે તેની પણ જાણકારી આપવી (પૃ. ૫૦-૫૧), હિંદુ દેવસ્થાનો સ્વચ્છ રાખવા અપીલ (પૃ. ૮૫), મતાધિકારનું મહત્ત્વ, અંતઃપ્રેરણાની સાતત્યતા, સ્વયંશિસ્ત અને આત્મનિરીક્ષણનો આગ્રહ (પૃ. ૭૧), ગાંધીજી નિર્દેશિત સાત સામાજિક પાતકોમાંથી બહાર નીકળવા સંદર્ભે લેખકનું ચિંતન 'જો સાતેય ભેગાં થાય તો શું અનિષ્ટ ન કરે ? અને આપણે ત્યાં હવે આ સાતમાં કોઈ બાકી રહે છે ? વિચારીએ, સુધરવાનો સંકલ્પ કરીએ, અમલમાં મૂકીએ' (પૃ. ૯૮). વગેરે સુચિંતનીય બની રહે છે. 'વાંચે ગુજરાત' ૨૦૧૧-૧૨ના અભિયાન પ્રસંગે પુસ્તક વાચનનું મહિમાગાન અને વિદ્યાર્થીઓને ઇનામ સ્વરૂપે પુસ્તકો આપવા અંગે ધ્યેયનિષ્ઠ પ્રચાર-પ્રસાર કરવામાં આવેલ. આ જ વાત શ્રી યાજ્ઞિક સાહેબે ૨૨ વર્ષ પૂર્વે ૧૯૮૯ના પ્રારંભમાં કરી હતી અને એક ડગલું આગળ જઈને આગેવાનોને અપીલ કરી હતી કે 'આગેવાનોએ પણ સંકલ્પ કરવો જોઈએ કે તેમને હસ્તે વહેંચતાં ઇનામો પુસ્તકના રૂપમાં હોય તો જ પોતે આમંત્રણ સ્વીકારે !' (પૃ. ૩૩)

પ્રત્યેક 'આદિવચન'ના મથાળે તેના વિષયવસ્તુના હાર્દને પોષક અને અનુરૂપ ચિંતનકણિકા મૂકવામાં આવેલ છે, જે લેખકના વ્યાપક વાચન-ચિંતનનું પરિચાયક બની રહે છે. આમ, અહીં યુનિવર્સિટીના કુલપતિ માટેના નિયત કાર્યક્ષેત્ર-કૉલેજ અને યુનિવર્સિટીના સંચાલનના પ્રશ્નો, અભ્યાસક્રમ અને પ્રશ્નપત્રો, પરીક્ષાઓ અને પરિણામો, અને અન્ય


આનુસંગિક બાબતોથી મર્યાદાની ઉપર ઊઠીને સવિશેષતઃ પ્રજા કેળવણીનું તેમજ નવી સ્થપાયેલી યુનિવર્સિટીના વિવિધ ઘટકોને કેળવીને યુનિવર્સિટીની વિભાવનાને આત્મસાત કરે તે મતલબનું કાર્ય આ આદિવચનો દ્વારા કરવામાં આવ્યું છે. જે વિશેષ ધ્યાનાર્હ બની રહે છે.

પ્રસ્તુત ગ્રંથના સંપાદક કુલપતિ ડૉ. દક્ષેશ ઠાકરે 'ઉદીચ્ય'ના ૨૨ વર્ષ પૂર્વેના અંકોમાં ધરબાયેલી સુચિંતનીય વાચનસામગ્રીને પ્રકાશમાં આણીને શિક્ષણજગતની મહતી સેવા કરી છે. આમ છતાં સંપાદકશ્રીએ ગ્રંથસ્થ 'આદિવચનો'ને પ્રમુખ વિષયોમાં વર્ગીકૃત કરીને તેનો અનુક્રમ અને/અથવા સૂચિ આપ્યાં હોત તો તે અનેકવિધ દૃષ્ટિએ ઉપકારક બની રહેત !...

— મણિભાઈ પ્રજાપતિ

**ગાંધીજીનો સંસ્કારવારસો : પી. પ્રકાશ વેગડ, અમદાવાદ, નવજીવન પ્રકાશન મંદિર, ૨૦૧૩. ૭,૭૪૪ પૃ. ISBN ૯૭૮-૮૧-૭૨૨૯-૪૪૯-૬. કિ. રૂ. ૪૫૦/-**

મહાત્મા ગાંધી (૧૮૬૯-૧૯૪૮) એ સત્ય અને અહિંસાના અણિશુદ્ધ આચરણ થકી જગતને સિદ્ધ કરી બતાવ્યું કે વિકટમાં વિકટ પરિસ્થિતિમાં પણ સત્ય-અહિંસાનું શરણું માનવજાતના કલ્યાણમાં શ્રેષ્ઠ ઉપાય બની રહે છે. ગાંધીજીએ જનસેવા કાજે ધર્મ અને નીતિ આધારિત રાજકારણમાં પ્રવેશીને ભારતને બ્રિટિશ શાસનમાંથી મુક્ત કરાવી આઝાદી અપાવી અને તે પણ સત્યાગ્રહના અમોઘ શસ્ત્ર થકી. તેમના સત્યશીલતા, માનવમાં અતૂટ આસ્થા, ત્યાગભાવના, અધ્યાત્મનિષ્ઠા વગેરે ગુણોને તેમના વિશ્વવિખ્યાત સમકાલીનો મહાત્મા ટૉલ્સ્ટૉય, રોમાં રોલાં, બર્નાડ શો, આલ્બર્ટ આઇન્સ્ટાઇન, ફાધર જે. એચ. હોમ્સ, રવીન્દ્રનાથ ટાગોર, રમણ મહર્ષિ, અરવિંદ, સર્વપલ્લી રાધાકૃષ્ણન વગેરેએ મુક્તકંઠે નવાજેલ છે. આ પૈકી વિખ્યાત ખ્રિસ્તી ધર્માચાર્ય અને સમાજ સુધારક રેવ. ફાધર જે. એચ. હોમ્સનું ગાંધીજી વિશેનું મંતવ્ય અને મૂલ્યાંકન — "અમોઘ પ્રેમના શિક્ષક તરીકે ગાંધીજી સંત ફ્રાંસિસ, થોરો અને ટૉલ્સ્ટૉયની હરોળમાં બેસે છે. સર્વકાળના શ્રેષ્ઠ પયગંબરોમાંના એક તરીકે તેઓ લાઓત્સે, બુદ્ધ, જરથુષ્ટ્રને ઈસુના સમોવડિયા છે. પણ એ બધા કરતાં તેમની મહત્તા એક નરોત્તમ તરીકેની છે. એક પુરુષાર્થી તરીકેની છે" — વિશેષ ધ્યાનાર્હ બની રહે છે. આવા કર્મયોગી ગાંધીજી વિશે બી. એમ. પટેલના મતાનુસાર વિશ્વની વિવિધ ભાષાઓમાં ૪૦,૦૦૦ પુસ્તકો લખાયાં છે. તદ્ઉપરાંત ૪૦૦ જીવનચરિત્રો લખાયાં છે અને તેમણે ૪૬૪ ગ્રંથોનું વાંચન કર્યું હતું.



પ્રસ્તુત ગ્રંથના 'પ્રકાશકીય નિવેદન' અનુસાર 'ગાંધીજીએ પોતાના જીવનકાળમાં ૩૦ અબજ જેટલા શબ્દો લખ્યા હોવાનો અંદાજ છે ! તેમના આ બૃહદકાર્ય એ વિષયવૈવિધ્યથી ભરપૂર લખાણની પ્રતીતિ Collected Works of Mahatma Gandhi'ના ૧૦૦ ખંડોના માધ્યમથી થાય છે. તેમણે જ્ઞાન-વિજ્ઞાનના — માનવજીવન ઘડતરના અનેકવિધ વિષયો જેમકે સાહિત્ય, સંસ્કૃતિ, ભાષા, શિક્ષણ, રાજકારણ, અર્થકારણ, ધર્મ-દર્શન, વિજ્ઞાન, સમાજદર્શન, કલા, આરોગ્ય, સત્યાગ્રહ ઇત્યાદિ વિશે લેખની ચલાવી છે. ચિંતન કર્યું છે. કાકાસાહેબ કાલેલકરે નોંધ્યું છે કે "જીવનનો એક પણ એવો અંશ નથી કે જે વિશે તેમણે વિચાર ન કર્યો હોય."

સમીક્ષિત ગ્રંથમાં બાપુના વિશાળ વાઙ્મય પૈકી 'ગાંધીજીનો અક્ષરદેહ' ભાગ ૧થી ૮૧, મહાદેવભાઈની ડાયરી ભાગ ૧થી ૨૩, પ્યારેલાલ નય્યર કૃત 'મહાત્માગાંધી — પૂર્ણાહુતિ' ભાગ ૧થી ૪, આર. કે. પ્રભુ અને રાવ સંપાદિત 'મહાત્મા ગાંધીના વિચારો' વગેરે અનેક આધારભૂત ગ્રંથોમાંથી સંપાદકે ગાંધી વાઙ્મયના ૫૦,૦૦૦થી અધિક પૃષ્ઠોનું નિદિધ્યાસન કરતાં જે વિચાર-મૌક્તિકો, સંસ્કાર ઘડતરના પ્રેરક પ્રસંગો / ઘટનાઓ વગેરે પસંદ કર્યાં તે બધાંને ૩૫૦થી અધિક સુસંગત વિષય મથાળાં આપીને અકારાદિક્રમમાં ગોઠવી આપ્યાં, તેમજ કોઈ વિષય હેઠળની એકથી અધિક અભિવ્યક્તિઓને કાળક્રમમાં ગોઠવી આપી. અને તે પણ જે તે ચિંતનકણિકાના અંતમાં તેના મૂળસ્રોતના ચોક્કસ સંદર્ભ સાથે અર્થાત્ આ વિચાર કયા પ્રકાશિત

સ્રોતમાંથી લેવામાં આવ્યો છે તેના પૃષ્ઠ નંબર સાથે અને જો કોઈ વિચાર એકથી અધિક સ્રોતમાં પ્રકાશિત થયો હોય તો તેની વિગતો પણ આપી છે. આ ઉપરાંત વિચાર-ચિંતનના પ્રારંભમાં આવશ્યકતાનુસાર તેના પૂર્વાપર સંદર્ભની નોંધ સાથે. ઉદા. તરીકે 'કોમી એકતા'નાં કેટલાંક અવતરણો પૈકીના અંતિમ અવતરણના પ્રારંભમાં નોંધ છે કે [૧૯૩૮ એપ્રિલ ૩૦, પેશાવર જતાં ગાડીમાં, જવાહરલાલ નહેરુને પત્ર]. વધુમાં ઇચ્છિત માહિતીશોધમાં સરળતા – યુઝર્સ ફ્રેન્ડલીનેસ – 'જુઓ' અને 'વળી જુઓ'ના ૫૦૦થી અધિક આડસંદર્ભો આપીને સંપાદકીય દૂરંદેશિતાનાં – નિપુણ ગ્રંથાલયિત્વનાં દર્શન કરાવ્યાં છે. અહીં પ્રકાશભાઈ કર્મશીલ સાહિત્ય–સંશોધક અને ગાંધી વાઙ્મયના અભ્યાસુ તરીકે ઊપસી આવે છે.

આપણને આ 'સંસ્કારવારસા'ના માધ્યમથી ગાંધીજીના આચાર-વિચારના એક અખંડ ચિત્રનું દર્શન થાય છે. 'અહીં ગાંધીજીની નિત્યવિકાસશીલતા, જીવનને સમગ્રતામાં જોવાની દૃષ્ટિ અને તેમના ચારિત્ર્યની પારદર્શિતા' સ્વતઃ ઊપસી આવે છે. જ્ઞાનજગતના અનેકવિધ વિષયો ઉપર તેમનું ચિંતન કેટલું ગહન, ગંભીર અને હૃદય છે તેની પ્રત્યક્ષ પ્રતીતિ થાય છે. ગાંધીજીની વિચારસૃષ્ટિ – આંતઃસત્વને જાણવા-પામવા માટેનો આ એક પ્રમુખ આધારસ્રોત બની રહે છે. અને તે એટલા માટે કે ગાંધીજી પ્રત્યેની અનન્ય આસ્થા અને કાર્યનિષ્ઠાના યોગબળે સંપાદકે આગળ ઉપર દર્શાવેલ ગાંધી સાહિત્યનું સાદ્યંત વાચન-ચિંતન કરીને તેમના જ શબ્દોમાં આપણી સમક્ષ સાધાર રજૂ કર્યું છે. ગાંધી વાઙ્મયનું સાદ્યંત વાચન કરનાર કેટલા ગાંધીજન હશે ? સંભવતઃ પ્રકાશભાઈ એકલવીર પણ હોઈ શકે ! (અલબત્ત ગાંધી સાહિત્યનું અને ગાંધીદર્શનનું આકંઠ પાન કરનાર શ્રી નારાયણભાઈ દેસાઈને બાદ કરતાં). પ્રસ્તુત ગ્રંથનું ઐતિહાસિક મૂલ્ય એ કે આપણને ગાંધીજીની 'આત્મકથા' અથવા 'સત્યના પ્રયોગો' ઈ.સ. ૧૯૨૭માં મળે છે. ગાંધીજીએ ઉત્તરજીવન વિશે 'સત્યના પ્રયોગો' સમાન બીજો કોઈ સળંગ ગ્રંથ લખ્યો નથી. આ અભાવની પૂર્તિ – સવિશેષતઃ ગાંધીજીની વૈચારિક ચેતના જાણવા માટે પ્રસ્તુત ગ્રંથના માધ્યમથી થઈ રહે છે. પ્રસ્તુત ગ્રંથ કોશરચનાવિધાનની પ્રણાલી ઉપર તૈયાર કરવામાં આવ્યો હોવા છતાં પણ તેનું સળંગ વાચન તેના કથ્ય અને કથનની દૃષ્ટિએ તેના વાચકને ગાંધીમય બનાવી દેશે – રસપ્રદ નીવડશે. અહીં સમાવિષ્ટ પ્રત્યેક વિચારમાં ઉદા. તરીકે સત્ય, અહિંસા, ખાદી, કુટુંબધર્મ, માતૃભાષા, અસ્પૃશ્યતા, હિંદુ-મુસ્લિમ એકતા, વિશ્વશાંતિ, સંયમ વગેરે અર્થાત્ ગ્રંથારંભેના પ્રથમ વિષય 'અજ્ઞાન'થી શરૂ કરી અંતિમ વિષય 'હુલ્લડ' સુધીમાં ગાંધીજી શબ્દોથી નહિ પરંતુ હૃદયથી બોલતા હોય એટલે કે તેમનો પ્રત્યેક શબ્દ હૃદયના અંતઃસ્થળમાંથી નીકળેલો હોવાથી અને અનુભવની એરણ ઉપરથી પસાર થયેલો હોવાથી વધુ પ્રતીતિકારક બની રહે છે. સમગ્રતયા ગાંધીજીના આચારવિચારની અભિવ્યક્ત કરતો આ કોશ તેમની ધ્યેયનિષ્ઠાની પ્રાપ્તિ માટે તેમણે વેઠેલા સંઘર્ષો, મથામણો તથા તેમની વૈચારિક ચેતનાના વિકાસના તુલનાત્મક અભ્યાસ માટે પણ ઉપયોગી બની રહેશે.

અત્રે ઉલ્લેખનીય છે કે પ્રકાશભાઈએ ગ્રંથપાલ તરીકેના સેવાકાળ દરમિયાન ગુજરાતી સાહિત્યને ઉત્તમોત્તમ શાસ્ત્રીય ગ્રંથસૂચિઓથી સમૃદ્ધ કરી આપ્યું અને નિવૃત્તિકાળમાં સૂચિકાર્યમાંથી અનાસક્તિ કેળવીને ૧૦થી અધિક હાસ્યકોશો, 'વિશ્વનો સંસ્કારવારસો' કોશ અને તાજેતરમાં પ્રકાશિત પ્રસ્તુત ગ્રંથ 'ગાંધીજીનો સંસ્કારવારસો' ગ્રંથરત્નો આપીને સાહિત્યજગતની ઉમદા સેવા કરી છે. આવા મહત્ત્વપૂર્ણ કોશના સંપાદનનો વિચાર કોઈ ગાંધી જીવનદર્શનમાં આસ્થા ધરાવનાર સહૃદયી ગાંધીજનને જ આવે ! સંશોધનશીલ અને શાશ્વતકાર્યના વિચારબીજનું ૭૫ વર્ષની વયે પણ સાંગોપાંગ નિર્વહણ કરનાર ગ્રંથાલય જગતના ગૌરવશિખર શ્રી પ્રકાશભાઈને સલામ !

અત્રે સખેદ નોંધ લેવી પડે છે કે ગુજરાતી વાઙ્મયસૂચિના ધ્રુવતારક શ્રી પ્રકાશ વેગડનું તા. ૨૮ જૂન ૨૦૧૩ના રોજ સાંજના ૫.૪૫ કલાકે વડોદરામાં અવસાન થયું. ઈશ્વર તેમના આત્માને શાંતિ અર્પે તેવી પ્રાર્થના.

– મણિભાઈ પ્રજાપતિ

# સંસ્થા સમાચાર

## યુનિવર્સિટી/કૉલેજ વિભાગ

### કેમ્પસ ઇન્ટરવ્યૂ

ભોળાભાઈ પટેલ કૉલેજ ઓફ બી.બી.એ., ગાંધીનગર દ્વારા ભારતની પ્રતિષ્ઠિત અને પ્રાઈવેટ સેક્ટરની સૌથી મોટી બેંક ICICIના સહયોગમાં પ્લેસમેંટ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં કૉલેજના ૮૦ જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ૫૦ વિદ્યાર્થીઓના સ્ક્રીનીંગ થયા બાદ ICICI બેંક દ્વારા ૧૬ તેજસ્વી વિદ્યાર્થીઓની રૂ. ૧૫૦૦૦ના પગાર સાથે પસંદગી કરવામાં આવી હતી. આ કાર્યક્રમના આયોજન માટે ડૉ. રમાકાંત પુષ્ટિ, ડૉ. જયેશ તન્ના અને કાર્યક્રમ ઇન્ચાર્જ પ્રો. માર્ગી દેસાઈએ મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો.

### ધરતી દિન

ડૉ. વિક્રમ સારાભાઈ નિસર્ગ કમ્યુનિટી સાયન્સ સેન્ટર અને વીપીએમપી પોલીટેક્નિક, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે ૨૨મી એપ્રિલના રોજ ‘ધરતી દિન’ની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે પ્રાદેશિક કચેરી, ગુજરાત પ્રદૂષણ બોર્ડ, ગાંધીનગર અને ડૉ. વિક્રમ સારાભાઈ નિસર્ગ કમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા વિદ્યાર્થીઓ માટે વ્યાખ્યાન, ચર્ચાસત્ર અને ફિલ્મ નિદર્શનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે શ્રી એન.એમ. તાભાણી (સિનિયર પર્યાવરણ ઇજનેર, જી.પી.સી.બી. ગાંધીનગર), શ્રી સી. એ. શાહ (પ્રાદેશિક અધિકારી, જી.પી.સી.બી. ગાંધીનગર), નિસર્ગ કમ્યુનિટી સાયન્સ સેન્ટરના ટ્રસ્ટી શ્રી અનિલભાઈ પટેલ, સંસ્થાના આચાર્ય શ્રી જે. જી. દવે, અધ્યાપકગણ અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. શ્રી તાભાણીએ તેમના વક્તવ્યમાં પૃથ્વી ગ્રહને બચાવવા માટે કેવાં પગલાં લેવાં જોઈએ તેની સમજ આપી હતી, જ્યારે શ્રી અનિલભાઈ પટેલે એન્જિનિયરિંગના વિદ્યાર્થીઓ નવી શોધો દ્વારા પૃથ્વીનું પર્યાવરણીય સમતુલા કેવી રીતે જાળવી શકે તેની ચર્ચા કરી હતી. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને ગ્લોબલ વોર્મીંગ અને ક્લાઈમેટ ચેન્જની સમજ આપતી ડૉક્યુમેન્ટરી પણ બતાવવામાં આવી હતી. કાર્યક્રમના સંચાલક ડૉ. પ્રગ્નેશ પટેલે વિદ્યાર્થીઓને તેમના જન્મદિવસે એક વૃક્ષ ઉગાડી તેનો ઉછેર કરવાની પ્રતિજ્ઞા લેવડાવી હતી.

### પીએચ.ડી.

- કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન એસ.એસ. પટેલ કૉલેજ ઓફ એજ્યુકેશન, ગાંધીનગરમાં પ્રા. સુનીતા જે. લીલાણીએ ‘Construction of Resoning Capsules and Study of its Effects on the Students Studying in std. VIII’ વિષય પર તૈયાર કરેલ શોધપ્રબંધને ગુજરાત યુનિવર્સિટીએ માન્ય રાખી પીએચ.ડી.ની ડિગ્રી એનાયત કરી છે. તેમણે આ સંશોધન કાર્ય ગુજરાત યુનિવર્સિટીના ડિપાર્ટમેન્ટ ઓફ એજ્યુકેશનના પ્રો. ડૉ. મિલનભાઈ મિસ્ત્રીના માર્ગદર્શન નીચે તૈયાર કર્યો હતો.
- કડી સર્વ વિશ્વવિદ્યાલયના ડિરેક્ટર ઓફ પબ્લિકેશન્સ શ્રી મણિભાઈ પ્રજાપતિના માર્ગદર્શન હેઠળ મહિલા કૉલેજ, પાલનપુરનાં ગ્રંથપાલિકા શ્રી ફાલ્ગુની જી. પ્રજાપતિએ ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિષયમાં ‘ગુજરાતની યુનિવર્સિટીઓ સાથે સંલગ્ન મેનેજમેન્ટ સ્કૂલ્સનાં ગ્રંથાલયો : એક

અભ્યાસ' શીર્ષક હેઠળ રજૂ કરેલ શોધપ્રબંધને માન્ય રાખીને હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ દ્વારા પીએચ.ડી.ની ડિગ્રી એનાયત કરવામાં આવી.

## પીએચ.ડી. ગાઈડ એસોસિએશન

ફેકલ્ટી ઓફ એજ્યુકેશન અને વકીલશ્રી ડી. એચ. પટેલ ડિપાર્ટમેન્ટ ઓફ એજ્યુકેશન, કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગર દ્વારા ગુજરાત રાજ્ય શિક્ષણ વિદ્યાશાખા પીએચ.ડી. ગાઈડ એસોસિએશનનો નવમો પરિસંવાદ તા. ૬-૭, એપ્રિલના દિવસોમાં યોજાઈ ગયો. પરિસંવાદના ઉદ્દઘાટન પ્રસંગે વિશ્વવિદ્યાલયના ડિરેક્ટર શ્રી ડી.ટી. કાપડિયા, પ્રો. જે. જે. ભટ્ટ, હે.ઉ.ગુ. યુનિવર્સિટીના પૂર્વ ઉપકુલપતિ પ્રો. જે. એચ. પંચોલી, ગુજરાત યુનિવર્સિટી શિક્ષણશાસ્ત્ર ભવનના પ્રો. અને હેડ આર. એસ. પટેલ, સરદાર પટેલ યુનિવર્સિટીના પ્રો. એ.બી. ડગથરા વગેરે ઉપસ્થિત રહ્યા હતા. ફેકલ્ટી ઓફ એજ્યુકશનનાં ડીન પ્રો. વીણાબહેન પટેલે મહેમાનોના સ્વાગત પરિચય આપી સેમિનારના ઉદ્દેશો, કાર્યપ્રણાલી અને ભાવિ આયોજન વિશે માહિતી આપી હતી. પ્રો. આર. એસ. પટેલે એસોસિએશનની કામગીરી તેમજ અન્ય રાજ્યો અને દેશ-વિદેશમાં ચાલતાં સંશોધનો વિશે પોતાના ઉદ્દબોધનમાં ચર્ચા કરી હતી. પ્રો. જે. એચ. પંચોલીએ કી-નોટ એડ્રેસમાં સંશોધન અંગે પોતાના અભિગમો પ્રગટ કરતાં જણાવ્યું હતું કે, સંશોધકે પોતાના પરંપરાગત વિષયો છોડી નાવીન્ય સભર વિષયો ધ્યાનમાં લેવા પડશે. આ સેમિનારમાં કુલ ૪૭ Ph.D. માર્ગદર્શકોએ ભાગ લીધો હતો અને ૧૧ જેટલાં પેપર્સ રજૂ કરવામાં આવ્યાં હતાં. સર્વે પ્રતિભાગીઓએ અક્ષરધામ સંકુલની મુલાકાત લઈ વોટર શો નીહાળ્યો હતો. કાર્યક્રમનું સંચાલન ડૉ. જિજ્ઞાસાબહેન જોશીએ કર્યું હતું. જ્યારે ડૉ. હરિકૃષ્ણ એ. પટેલે સર્વેનો આભાર માન્યો હતો.

## વાર્ષિકોત્સવ અને શુભેચ્છા સમારોહ

એસ.વી. પી.ટી.સી. કૉલેજ, કડીમાં તા. ૩-૪-૨૦૧૩ના રોજ તાલીમાર્થીઓનો શુભેચ્છા સમારોહ કાર્યક્રમ યોજાઈ ગયો. આ સમારંભમાં ડાયેટના લેક્ચરર શ્રી દલસંગભાઈ ચૌધરી, બી.એડ્. કૉલેજના પ્રિ. રમેશભાઈ ઉકાવત તેમજ લક્ષ્મીપુરા પ્રાથમિક શાળાના આચાર્યશ્રી રામભાઈ પટેલ અને નરસિંહપુરા પ્રાથમિક શાળાના આચાર્યશ્રી દિનેશભાઈ પટેલ મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા. પ્રિ. ડૉ. બાબુલાલ આર. પટેલે આમંત્રિત મહેમાનશ્રીઓનું સ્વાગત અને પરિચય કરાવ્યા બાદ શૈક્ષણિક અને સહઅભ્યાસિક પ્રવૃત્તિઓનો સંક્ષિપ્ત અહેવાલ પ્રા. મનિષાબહેને રજૂ કર્યો હતો. પ્રશિક્ષાર્થી ભાઈઓ-બહેનોએ તેમના પ્રતિભાવો રજૂ કર્યાં હતાં. આ પ્રસંગે તેજસ્વી તારલાઓને ટ્રોફી, પ્રમાણપત્ર ઇનામ એનાયત કરી પ્રોત્સાહિત કર્યા હતા. મહેમાનશ્રીઓએ પ્રસંગોચિત ઉદ્દબોધનોમાં સૌને શુભેચ્છાઓ પાઠવી હતી. પ્રા. દિનેશભાઈએ આભારવિધિ કરી હતી.

આ ઉપરાંત તા. ૪-૪-૨૦૧૩ના રોજ વાર્ષિકોત્સવ અને શુભેચ્છા સમારોહનું આયોજન સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીના પ્રમુખશ્રી ડૉ. રામભાઈ એમ. પટેલના અધ્યક્ષપદે કરવામાં આવ્યું હતું, જેમાં મુખ્ય મહેમાન શ્રી રમેશભાઈ ત્રિવેદી, અતિથિ વિશેષ તરીકે મંત્રીશ્રી ડૉ. મણિભાઈ એસ. પટેલ, મંત્રીશ્રી ખોડભાઈ એચ. પટેલ, ડૉ. આર. જે. વ્યાસ અને ભગીની સંસ્થાના આચાર્યશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં પ્રશિક્ષણાર્થીઓએ પોતાના પ્રતિભાવો રજૂ કરી સંસ્થાના ગૌરવ વિશેની ઝાંખી કરાવી હતી. ત્યારબાદ વર્ષ ૨૦૧૧-૧૨ પી.ટી.સી. બોર્ડની પરીક્ષામાં કૉલેજમાં પ્રથમ આવનારને તેમજ ચાલુ વર્ષ દરમિયાન જિલ્લા કક્ષા અને રાજ્યકક્ષાએ સિદ્ધિ પ્રાપ્ત કરેલ તાલીમાર્થીઓને ઇનામ, શિલ્ડ અને પ્રમાણપત્ર અર્પણ કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યાં હતાં. આ સમારંભમાં વાલીશ્રીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. પ્રા. મનીષાબહેન ચૌધરીએ વાર્ષિક અહેવાલ રજૂ કર્યો હતો. પ્રિન્સિપાલ ડૉ. બાબુલાલ આર. પટેલે પ્રસંગોચિત પ્રવચનમાં તાલીમાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી આભાર દર્શન કર્યું હતું.

## વ્યાખ્યાન

વીપીએમપી પોલીટેકનિક, ગાંધીનગરના ડિપ્લોમા એન્જિનિયરિંગના બીજા સેમેસ્ટરના વિદ્યાર્થીઓ માટે "સફળતાનાં સૂત્રો" વિષય ઉપર આર્ષ રિસર્ચ સેન્ટર, અક્ષરધામ મંદિર, ગાંધીનગરના શ્રી શ્રુતિપ્રકાશ સ્વામીએ પ્રેરણાત્મક પ્રવચન આપ્યું હતું. વિદ્યાર્થી જીવનમાં સફળતા પ્રાપ્ત કરવા માટે જરૂરી સૂત્રો જેવાં કે નિરંતર ઉદ્યમ, આળસ અને પ્રમાદનો ત્યાગ, બલિદાન અને નિષ્ફળતાને સહર્ષ સ્વીકારીને આગળ વધતા રહેવાની ખેવના અંગે વિસ્તૃત ઉદાહરણો ટાંક્યાં હતાં. વધુમાં સ્વામીશ્રીએ જણાવ્યું હતું કે વિદ્યાર્થીના જીવનમાં ધ્યેયની ઓળખ અને તેને પ્રાપ્ત કરવા માટે જરૂરી એવી વક્તૃત્વ સ્કીલ, હકારાત્મક અભિગમ, પડકારોનો હિંમતપૂર્વક સામનો કરવાનું સાહસ, વ્યાવસાયિક કાર્યકુશળતા અને વિષય અંગેનું જરૂરી જ્ઞાન વગેરે વિષયો ઉપર વિસ્તૃત છણાવટ કરી હતી. આ કાર્યક્રમમાં સંસ્થાના આચાર્યશ્રી એ. જે. પટેલ, અધ્યાપકગણ અને ૪૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. કાર્યક્રમનું સંચાલન પ્રા. મનીષ પટેલ અને પ્રા. ડૉ. મનીષ વ્યાસે કર્યું હતું. તા. ૧૭-૪-૨૦૧૩ના રોજ કન્ટ્રીબ્યુટરશીપ વિષય ઉપર વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઇમરજન્સી મેડીકલ સર્વિસીસ (૧૦૮ સેવા)ના ડાયરેક્ટર અને બી. જે. મેડિકલ કૉલેજ અને સિવિલ હૉસ્પિટલના ભૂતપૂર્વ હેડ ઓફ ધ ડિપાર્ટમેન્ટ ડૉ. શરદભાઈ વ્યાસ ઉપસ્થિત રહ્યા હતા. ડૉ. વ્યાસે સોશ્યલ કન્ટ્રીબ્યુટરશીપ એટલે કે સામાજિક ભાવના અને સેવાની વિસ્તૃત છણાવટ કરી હતી. આજના બદલાતા જતા યુગમાં જ્યારે માનવી 'હું' અને 'મારું' પૂરતું જ સીમિત રહ્યો છે ત્યારે, આધુનિક સમાજ અને દેશને એવા લોકોની જરૂરત છે કે જેઓ સમાજોત્કર્ષ માટે હર-હંમેશ તૈયાર હોય. દેશના મોટા અને નામાંકિત ઔદ્યોગિક ગૃહો જેવાં કે ટાટા, બિરલા, અંબાણી વગેરેને ટાંકીને ડૉ. વ્યાસે જણાવ્યું હતું કે કોર્પોરેટ સોશ્યલ જવાબદારીની જેમ જ હવે વ્યવસાયિક સામાજિક જવાબદારીની પણ અગત્યના ઊભી થઈ છે. રાજ્યમાં સફળતાપૂર્વક કાર્યરત ૧૦૮ સેવાનો ઉલ્લેખ કરીને વિદ્યાર્થીઓને સમજાવ્યું કે આ સેવાને સફળતાપૂર્વક ચલાવવા માટે ચીલા-ચાલુ ઢબથી નહીં, પરંતુ સમાજના હિતમાં જ પોતાનું હિત વિચારતા કર્મચારીઓ છે. આ પ્રસંગે સંસ્થાના આચાર્યશ્રી એ. જે. પટેલ, શ્રી જે. જી. દવે, અધ્યાપકગણ વગેરે ઉપસ્થિત રહ્યાં હતાં.

## શુભેચ્છા-વિદાય સમારોહ

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન ફેકલ્ટી ઓફ એજ્યુકેશનના વિવિધ વિભાગોના ઉપક્રમે બી.એડ્., એમ.એડ્. અને પી.ટી.સી.ના તાલીમાર્થીઓને શુભેચ્છાઓ પાઠવતા અને વર્ષ ૨૦૧૧-૧૨માં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરનાર તેજસ્વી વિદ્યાર્થીઓને મેડલ અને પ્રમાણપત્રો આપી સન્માનિત કરવા માટેનો શુભેચ્છા-વિદાય સમારોહ તા. ૧૨-૪-૨૦૧૩ના રોજ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે 'દર્પણ' અંકનું વિમોચન કરવામાં આવ્યું હતું. આરંભે પ્રો. વીણાબહેન પટેલે ઉપસ્થિત મહેમાનોનું સ્વાગત કરી બી.એડ્. કૉલેજના દસ વર્ષના શૈક્ષણિક સફરના વિવિધ શૈક્ષણિક મુદ્દાઓની વિગતે વાત કરી હતી. ત્યારબાદ એસ.એસ. પટેલ કૉલેજ ઓફ એજ્યુકેશનનાં હેડ ડૉ. જિજ્ઞાસાબહેન જોશીએ વાર્ષિક પ્રવૃત્તિઓનો વિગતે અહેવાલ રજૂ કર્યો હતો, જ્યારે ઇંગ્લિશ મીડિયમ પી.ટી.સી. કૉલેજના ઇન્તેખાલ આલમ શેખે પી.ટી.સી. કૉલેજોની વિવિધ પ્રવૃત્તિઓની જાણકારી આપી હતી. તાલીમાર્થી તરીકે કિંજલ પટેલ અને પરિમિ મહાપાત્રાએ પોતાના પ્રતિભાવો વ્યક્ત કર્યાં હતાં. સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડીના પ્રમુખ ડૉ. રામભાઈ પટેલે અધ્યક્ષીય ઉદ્‌બોધનમાં સર્વ વિદ્યાલયની સંસ્કારિતાને ઉજાગર કરતું પ્રેરણાદાયી ઉદ્‌બોધન કર્યું હતું. આ પ્રસંગે અતિથિવિશેષ તરીકે ઉપસ્થિત કેમ્પસ ડિરેક્ટર શ્રી રમણભાઈ પટેલ, ડૉ. સોમભાઈ પટેલ, ડૉ. આર.જે. વ્યાસ, કૌશલ્યાબહેન પરીખ વગેરેએ તાલીમાર્થીઓને આશીર્વચન આપ્યા હતા. કાર્યક્રમને અંતે ડૉ. હર્ષાબહેન પટેલે આભારવિધિ કરી હતી. કાર્યક્રમનું સંચાલન પ્રા. મતંગ ગોસ્વામીએ કર્યું હતું.

## સમર કેમ્પ - ૨૦૧૩

આર.એન. લલિતકલા એકેડેમીના સમર કેમ્પ - ૨૦૧૩નું આયોજન તા. ૧૧-૪-૨૦૧૩થી તા. ૧૧-૫-૨૦૧૩ અને તા. ૧૧-૫-૨૦૧૩થી તા. ૧૧-૬-૨૦૧૩ સુધી કરવામાં આવ્યું હતું, જેનો સાંસ્કૃતિક કાર્યક્રમ તા. ૪-૬-૨૦૧૩ના રોજ સવારે ૯ થી ૧૨ દરમિયાન શ્રી ખીમજી વીશરામ હૉલ ખાતે યોજાઈ ગયો. સમર કેમ્પ દરમિયાન ૯૫૦ તાલીમાર્થી જોડાયા હતા. આ પ્રસંગે ભરતનાટ્યમ, બેબીડાન્સ, ફોકડાન્સ, વેસ્ટન ડાન્સ, કથક, યોગ, સ્કેટીંગ વગેરેનું નિર્દેશન કરવામાં આવેલ. આ પ્રસંગે ડૉ. શ્રીમતી વીણાબહેન પટેલ (ડીન, ફેકલ્ટી ઓફ એજ્યુકેશન), ડૉ. સોમભાઈ પટેલ (કેમ્પસ ડિરેક્ટર), શ્રીમતી કિરણબહેન પટેલ (પ્રિન્સિપાલ એસ.એસ. પીટીસી કૉલેજ ગુજરાતી મીડિયમ) તથા આર. એન. લલિતકલા એકેડેમીનાં સંચાલિકા શ્રીમતી દિનાબહેન ડોડિયા, આચાર્યશ્રી ચીનુભાઈ પટેલ (પ્રિન્સિપાલ, આર.સી. પટેલ સેકન્ડરી અને હાયર સેકન્ડરી સ્કૂલ) અને શ્રી બચુભાઈ પટેલ (પ્રિન્સિપાલ, સેકન્ડરી અને હાયર સેકન્ડરી સ્કૂલ)એ મહેમાનો તરીકે ઉપસ્થિત રહી શ્રેષ્ઠ દેખાવ કરનાર તાલીમાર્થીઓને પ્રમાણપત્ર ઇત્યાદિ એનાયત કરી પ્રોત્સાહિત કર્યા હતા. ભરતનાટ્યમમાં શકુંતલાબહેન ઓઝા, ગાયનવાદનમાં લોપામુદ્રા અને કોમલબા ઝાલા, યોગમાં પારુલબહેન ઉપાધ્યાય, કરાટેમાં શ્રી સેનભાઈ સેલવાકુમાર અને સ્કેટીંગમાં શ્રી વસીંગ મનસુરીએ તાલીમાર્થીઓને તાલીમ આપી હતી. કાર્યક્રમનું સંચાલન અને આભારવિધિ કુ. પ્રજ્ઞા ઓઝાએ સંભાળેલ.

## નોન-સ્ટોપ રોલર સ્કેટીંગ

આર.એન. લલિતકલા એકેડેમીમાં ચાલતા મમતા સ્પોર્ટસ સેન્ટર દ્વારા નોન-સ્ટોપ રોલર સ્કેટીંગ સ્પર્ધાનું આયોજન સંસ્થાની સ્કેટીંગ રીંગ ઉપર કરવામાં આવ્યું, જેમાં ગાંધીનગર તથા અમદાવાદની શાળાઓના કે.જી. થી ધોરણ-૧૨ સુધીના ૧૩૫ જેટલા વિદ્યાર્થી તથા વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો. આ પ્રસંગે મહેમાનપદે ડૉ. શ્રીમતી વીણાબહેન પટેલ (ડીન, ફેકલ્ટી ઓફ એજ્યુકેશન), ડૉ. સોમભાઈ પટેલ (કેમ્પસ ડિરેક્ટર) તથા શ્રી રાજેન્દ્રસિંહ જાડેજા (ક્રિષ્ના એકેડેમીના સંચાલક તથા ઇન્ટરનેશનલ અને સ્ટેટ સ્કેટીંગ કોચ) ઉપસ્થિત રહ્યા હતા. મહેમાનોના વરદ હસ્તે સ્પર્ધકોને મેડલ્સ, સર્ટિફિકેટ્સ વગેરેનું વિતરણ કરવામાં આવ્યું હતું. સ્કેટીંગનું નિદર્શન અને કોચીંગ સ્કેટર કોચશ્રી વસીમ મનસુરી, મીલીન દેસાઈ તથા પુલકિત બડવાલ દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ સંચાલન તથા આભારવિધિ શ્રી રિદ્ધિ ગોધારી દ્વારા કરવામાં આવી હતી.

## સાધના - ૨૦૧૩

આર. એન. લલિતકલા એકેડેમીમાં વાર્ષિકોત્સવ સાધના-૨૦૧૩નું આયોજન સંસ્થાના શેઠશ્રી ખીમજી વિશરામ એન્ડ સન્સ સંસ્કાર ભવન ખાતે તા. ૧૩-૩-૨૦૧૩ના રોજ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના અધ્યક્ષપદે ડૉ. ભરતભાઈ એ. પટેલ (મંત્રીશ્રી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગર) અને ઉદઘાટકો તરીકે સર્વશ્રી ભાવેશ એરડા (નાયબ સચિવ, રમત ગમત યુવા સાંસ્કૃતિક વિભાગ, ગાંધીનગર) શ્રીમતી મેઘલ એરડા, (અર્થશાસ્ત્ર અને આકડા મદદનીશ કચેરી, ગાંધીનગર) અને શ્રીમતી દિવ્યાબહેન પંડ્યા (પી.એ. ટુ એડીશનલ કલેક્ટર) ઉપસ્થિત રહ્યાં હતાં. આ કાર્યક્રમમાં પ્રાર્થના મહિસાસુર મર્દિની સ્તોત્રમ, ભરતનાટ્યમ, કથક, બેબીડાન્સ, ફોકડાન્સ, વેસ્ટર્ન ડાન્સ, ફેશન શો, તેમજ શાસ્ત્રીય ગાયન વાદન, કરાટે સહિત ૧૬ જેટલી જુદી જુદી કૃતિઓ રજૂ કરવામાં આવી હતી, તેમજ વર્ષ ૨૦૦૧ થી વર્ષ ૨૦૧૨ દરમિયાનના પ્રોગ્રામોનો સ્લાઈડ શો રજૂ કરવામાં આવ્યો હતો. સંસ્થાનાં સંચાલિકા દિનાબહેન ડોડિયાએ વાર્ષિક અહેવાલ રજૂ કર્યો હતો. કાર્યક્રમનું સંચાલન બીનીતા રાણા તથા યજ્ઞા ઓઝાએ કર્યું હતું.

## શાળા વિભાગ

### વાર્ષિકોત્સવ અને અન્ય પ્રવૃત્તિઓ

શ્રીમતી કમળાબહેન અમૃતલાલ શિવહરી સેકન્ડરી એન્ડ હા. સે. ઇંગ્લિશ મીડિયમ સ્કૂલ, કડીનો નવમો વાર્ષિકોત્સવ તા. ૧ અને ૨ માર્ચ, ૨૦૧૩ના દિવસોમાં યોજાઈ ગયો. સમારોહના પ્રારંભમાં આચાર્યશ્રી રાજકુમાર વર્માએ મહેમાનોનું સ્વાગત કરી શાળાની પ્રવૃત્તિઓ અને સિદ્ધિઓથી સૌને માહિતગાર કર્યા હતા. પ્રથમ દિવસે નર્સરીથી ધોરણ-૨ સુધીના વિદ્યાર્થીઓ દ્વારા નૃત્ય, પ્રાર્થના નૃત્ય, ફેશન શો વગેરે રજૂ કરવામાં આવ્યાં હતાં. બીજા દિવસે ધોરણ-૩થી ૧૨ના વિદ્યાર્થીઓ દ્વારા ડાન્સ, પ્રાર્થના ડાન્સ, નાટક, કરાટે ડેમો વગેરે રજૂ કરવામાં આવ્યાં હતાં. આ પ્રસંગે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી તથા ગાંધીનગરના ચેરમેન શ્રી વલ્લભભાઈ એમ. પટેલ, ડૉ. રામભાઈ પટેલ, શ્રી નારાયણભાઈ પટેલ, ચીફ ઑફિસર શ્રી નરેશભાઈ પટેલ, મંત્રી શ્રી મહેશભાઈ પટેલ, ડૉ. મણિભાઈ પટેલ, ભગીની સંસ્થાના આચાર્યશ્રીઓ, મંત્રીશ્રી ખોડાભાઈ પટેલ વગેરેએ ઉપસ્થિત રહીને વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. વધુમાં આ સ્કૂલ દ્વારા તા. ૧૪-૨-૨૦૧૩ના રોજ ધોરણ-૮ અને ૯ના તમામ વિદ્યાર્થીઓ દ્વારા વિજ્ઞાનના અભ્યાસક્રમ આધારિત પ્રયોગો તથા મોડેલોનું જીવંત નિદર્શન કરવામાં આવ્યું હતું, તેમજ તા. ૧૫-૩-૨૦૧૩ના રોજ કોમર્સ શિક્ષક જિતેન્દ્રસિંહ એસ. ઠાકોર દ્વારા શેર બજારની કામગીરીનું વર્ણન કરતા એક પ્રોજેક્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. ધોરણ-૧૧ કોમર્સના વિદ્યાર્થીઓ દ્વારા મુંબઈ શેરબજારની ઇમારતનું મોડેલ તૈયાર કર્યું હતું. વિદ્યાર્થીઓએ શેરબજાર કઈ રીતે કામ કરે છે તે વિશે વિસ્તારથી માહિતી આપી હતી. કંપનીઓ શેરબજારમાં કેવી રીતે દાખલ થાય છે અને કેવી રીતે શેરનું ખરીદ અથવા વેચાણ કરે છે તેની માહિતી આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓને ડિ-મેટ એકાઉન્ટ કઈ રીતે ચાલુ કરવો તેની પણ માહિતી આપી હતી.

### હે ભારત !

તેં નૃપતિને મુકુટ અને સિંહાસનનો ત્યાગ કરીને દરિદ્રવેશ ધારણ કરવાનું શીખવ્યું છે;
વીરને તેં ધર્મયુદ્ધમાં દુશ્મનને ક્ષમા કરવાનું શીખવ્યું છે;
ગૃહસ્થને તેં પડોશીઓ, અતિથિઓ ને અનાથોમાં ઘરનો વિસ્તાર કરવાનું શીખવ્યું છે.
તેં ભોગને સંયમની સાથે બાંધ્યો છે, નિર્મલ વૈરાગ્યથી તેં દૈન્યને ઉજ્જવલ બનાવ્યું છે, સંપત્તિને તેં પુણ્યકર્મ દ્વારા મંગલ બનાવી છે.

**રવીન્દ્રનાથ ઠાકુર (અનુ૦ નગીનદાસ પારેખ)**

સર્વ વિશ્વવિદ્યાલય વૃત્ત : કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું વૃત્ત પત્ર
વર્ષ : ૩, અંક : ૩, મે-જૂન ૨૦૧૩, સળંગ અંક ૧૫
સંપાદક : મણિભાઈ પ્રજાપતિ
પ્રકાશક : કુલસચિવ, કડી સર્વ વિશ્વવિદ્યાલય, સેક્ટર-૧૫, ગાંધીનગર-૩૮૨૦૧૬ ફોન : ૨૩૨૪૪૬૯૦
ટાઈપસેટિંગ અને મુદ્રક : શારદા મુદ્રણાલય, ૨૦૧, તિલકરાજ, પંચવટી પહેલી લેન, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૦૬ ફોન : ૨૬૫૬૪૨૭૯



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગર શાખાના પ્રમુખ સ્વ. આર. કે. પટેલને ભગ્નહૃદયે શ્રદ્ધાંજલિ અર્પણ કરતા સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીના પ્રમુખ ડૉ. રામભાઈ પટેલ



સ્વ. આર. કે. પટેલને શ્રદ્ધા-સુમન અર્પણ કરતાં તેમનાં ધર્મપત્ની શ્રીમતી અંજુબહેન પટેલ

**Sarva Vishwavidyalaya Vṛtta :** *News Letter of Kadi Sarva Vishwavidyalaya, Gandhinagar*
Year 3, Issue No. 3 May-June 2013
Editor : Manibhai Prajapati
Published by Registrar, Kadi Sarva Vishwavidyalaya, Sector-15,
L.D.R.P. Engineering College Campus, Gandhinagar-382016
Printed by : Sharda Mudranalay, 201, Tilakraj, Panchwati 1st lane, Ambawadi, Ahmedabad-6



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગર શાખાના પ્રમુખ સ્વ. આર. કે. પટેલને
શ્રદ્ધાંજલિ અર્પણ કરવા માટે ઉપસ્થિત સર્વ વિદ્યાલય પરિવાર તથા સ્નેહીજનો

